# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

## વાર્ષિક અહેવાલ વર્ષ : ૨૦૨૧-૨૨

## (Annual Report: Year–2021-22)



<u>**સહયોગ**</u>

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ,
ગાંધીનગર

આયોજન અને વ્યવસ્થાપન શાખા


**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ**

**E-Mail :**dietpatan1@gmail.com

Website :www.dietpatan.org

## શૈક્ષણિક સંશોધનના તારણોનો શેરિંગ વર્કશોપ:

જીસીસીઆરટી, ગાંધીનગરની સુચના મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણના અધ્યાપકો દ્વારા વર્ષ 2019-20 દરમિયાન હાથ ધરાયેલા વિવિધ શૈક્ષણિક સંશોધનના તારણોનું શેરિંગતા. તા. ૨૮/૦૮/૨૦૨૦ ના રોજ જિલ્લાના તમામ બીઆરસી તેમજ સી.આર.સી.કો-ઓર્ડીનેટર મિત્રો સાથે કરવામાં આવ્યું. આ શેરિંગ વર્કશોપ ગુગલ મીટના માધ્યમથી આયોજિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં દરેક અધ્યાપકશ્રીઓએ સાત થી દસ  મિનિટમાં પોતાના સંશોધનના તારણોનું લાભાર્થીઓ વચ્ચે શેરિંગ કર્યું.ત્યારબાદ આગામી સમયમાં આ દિશામાં વધુ શું કાર્ય થઈ શકે ? તેની ચર્ચા કરવામાં આવી આ સમગ્ર કાર્યક્રમનું હેન્ડલિંગ ડૉ. દશરથ ઓઝા દ્વારા કરવામાં આવ્યું. ભવિષ્યમાં શિક્ષકો દ્વારા આ પ્રકારે કયા કયા પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય તેની પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી. અંતમાંવર્કશોપમાં જોડાયેલા લાભાર્થીઓના ફીડબેક લેવામાં આવ્યા.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અધ્યાપકો દ્વારા હાથ ધરાયેલ સંશોધનોના સારાંશ પ્રસ્તુત વેબિનારમાં રજુ કરવામાં આવ્યા.

| ક્રમ | અધ્યાપકનું નામ | સંશોધન શીર્ષક |
|---|---|---|
| ૧ | શ્રી ડી.આર.ઓઝા | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ-૬ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૨ | ડૉ.બી.બી.પટેલ | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ-૭ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૩ | ડૉ.પી.ડી.ગોરડીયા | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ-૮ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૪ | શ્રી ડી.આર.ઓઝા | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૫ | ડૉ.એમ.બી.સોલંકી | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૬ | ડૉ.પી.ડી.ગોરડીયા | પાટણ જિલ્લાના પાટણ તાલુકાની દેરાસણ પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ તેમજ શંખેશ્વર તાલુકાની ખીજડીયારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ |
| ૭ | ડૉ.પી.આર.રાવલ | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |

| | | |
|---|---|---|
| ૮ | ડૉ.જે.ડી.ભટ્ટી | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૯ | શ્રી જે.એસ.દરજી | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૧૦ | ડૉ.કે.એન.મોદી | પાટણ જિલ્લાની શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૧૧ | વી.એમ.ચાવડા | પાટણ જિલ્લાના શંખેશ્વર અને રાધનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનુંમાપન |
| ૧૨ | શ્રી એમ.એમ.પટેલ | પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની મુખવાચન અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન |
| ૧૩ | ડૉ.પી.આર.રાવલ | પાટણ જિલ્લાની પ્રજ્ઞા અભિગમની અમલીકરણની સ્થિતિનો અભ્યાસ |
| ૧૪ | ડૉ.પી.ડી.ગોરડીયા | પાટણ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન એનર્જાઇઝ્ડ ટેક્સ્ટ બુકના ઉપયોગ અંગેનો અભ્યાસ |

## District Level Sharing Workshop of Research Findings
## સમય આયોજન પત્રક

| ક્રમ | વિગત | અધ્યાપકનું નામ | સમય |
|---|---|---|---|
| ૧ | કાર્યશાળા વિષે...પ્રાસ્તવિક | ડી.આર. ઓઝા | ૭મીનીટ |
| ૨ | માર્ગદર્શન | ડૉ. બી.પી(પ્રાચાર્યશ્રી) ચૌધરી. | ૧૦ મીનીટ |
| ૩ | પ્રજ્ઞાની અસરકારકતા | ડૉ.પી.આર. રાવલ | ૫ મીનીટ |
| ૪ | ETB | ડૉ.પી.ડી. ગોરડીયા | ૫ મીનીટ |
| ૫ | પ્રતિભાશાળી બાળકો | ડૉ. બી.બી. પટેલ | ૫ મીનીટ |
| ૬ | GAS-2 | ડી.આર ઓઝા. | ૫ મીનીટ |
| ૭ | વાંચન/અર્થગ્રહણ | ડૉ. કે.એન. મોદી | ૫ મીનીટ |
| ૮ | વાંચન/અર્થગ્રહણ | ડૉ. જે.ડી. ભટ્ટી | ૫ મીનીટ |
| ૯ | વાંચન/અર્થગ્રહણ | જયભાઈ દરજી | ૫ મીનીટ |
| ૧૦ | વાંચન/અર્થગ્રહણ | મયુરભાઈ પટેલ | ૫ મીનીટ |
| ૧૧ | સમાપન/આભાર | ડી.આર ઓઝા. | ૨ મીનીટ |

## ડાયેટની પ્રેરક મુલાકાત :

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ તથા જીસીઈઆરટી, ગાંધીનગરના ઓએસડી માન.શ્રી પ્રફુલ જલુ સાહેબની પ્રેરક મુલાકાત ડાયેટ પાટણ ખાતે તા. ૨૭/૦૮/૨૦૨૦ન રોજ રહી. ડાયેટના પ્રાચાર્યશ્રી ડૉ. બી. પી. ચૌધરી, ઓ.એસ.શ્રી ડૉ. એસ.એસ.પટેલ તથા સ્ટાફ દ્વારા બુકે તથા સાલથી સાહેબશ્રીનું સન્માન કરવામાં આવ્યું. ડાયેટ પાટણ ખાતે સાહેબશ્રી ઉપસ્તિત રહી ડાયેટની વર્તમાન કામગીરી વિશે  અધ્યાપક તથા પ્રાચાર્યશ્રી સાથે ચર્ચા કરવામાં આવી.

માન.શ્રી પ્રફુલ જલુ સાહેબે તમામ સ્ટાફનો પરિચય મેળવ્યો અને તેમની કામગીરીથી અવગત થયા, સાથે સાથે ડાયેટ પરિસરની પણ મુલાકાત લીધી.





## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦:

તા. ૨૪/૦૮/૨૦૨૦ થી તા. ૨૮/૦૮/૨૦૨૦ દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નું તબક્કાવાર પ્રેઝન્ટેશન દરોજના ત્રણ ડાયેટના પ્રાચાર્યશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રેઝન્ટેશન માં ડાયેટના તમામ અધ્યાપકશ્રીઓ સહભાગી થયા. આ પ્રેઝન્ટેશનનું આયોજન જીસીઈઆરટી, ગાંધીનગરથી કરવામાં આવેલ હતું.

આ પ્રેઝન્ટેશનમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના દરેક પ્રકારણની વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન સચોટ રીતે પ્રસ્તુતકર્તાઓ દ્વારા આપવામાં આવ્યું, અને પ્રશ્નોતરી કરી તેના સંતોષ કારક જવાબ પણ આપવામાં આવ્યા. આ પાંચ દિવસના પ્રેઝન્ટેશન દરમ્યાન ડાયેટના તમામ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહેલ.


Team
Vision
Mission


VANDE

64MP AI QUAD CAMERA

## પરિચય પરામર્શન પાથેય... અંતર્ગત કાર્યક્રમ

આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના માનનીય કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલ દ્વારા
જિલ્લા શક્ષણ અને તાલીમ ભવન, પાટણની મુલાકાત
તા.૦૭/૧૧/૨૦૨૦

ભારત સરકાર દ્વારા ઘડાયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ રાષ્ટ્રની આવતીકાલને ઘડનારો મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. આ અનુસંધાને શાળા શિક્ષણ માટે કરવામાં આવેલ વિવિધ સૂચનોનું અસરકારક અમલીકરણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્કફોર્સના સદસ્ય ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના માનનીય કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલ દ્વારા છેલ્લા ઘણા સમયથી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સીટી અને ડાયટની મુલાકાતો લઇ રાષ્ટ્રીય શિક્ષણનીતિનું અસરકારક અમલીકરણ થઇ શકે તે હેતુ તેમની સાથે પરામર્શન બેઠક યોજવામાં આવી રહી છે. સબંધિત શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકોનો બહોળો અનુભવ આ દિશાને વધારે વેગવાન બનાવે તે પ્રયાસ રૂપે તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણની પ્રેરક મુલાકાત લીધી.

- પ્રાચાર્યશ્રી પાટણ દ્વારા-ડાયટ ,માનનીય ડો. હર્ષદભાઈ પટેલનું પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું.
- ત્યારબાદ ક્રમશઃ દરેક અધ્યાપકશ્રીઓએ તેમનો વ્યક્તિગત અને શૈક્ષણિક ક્ષેત્રના અનુભવોનો પરિચય આપ્યો.
- તાલીમ ભવન પાટણ ,દ્વારા પ્રાથમિક ક્ષેત્રમાં હાથ ધરાયેલ વિવિધ કાર્યક્રમો ,પ્રવૃતિઓ , ઇનોવેશન અને તાલીમોનો ચિતાર મળે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ના અમલીકરણમાં આ પ્રયાસોને સ્થાન મળી શકે તે હેતુ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું.
- ડાયટ પાટણ ખાતે કાર્યરત બી.એડ એકમની .કાર્ય વિધિઓ અને કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી. અધ્યાપકો દ્વારા ઓનલાઈન માધ્યમથી ચલાવવામાં આવતા શૈક્ષણિક પાઠો અને માર્ગદર્શનની વાત મુકવામાં આવી.
- ડાયટ કક્ષાએ હાથ ધરાયેલ માતૃ' 'શેરીંગ એન્ડ કેરીંગ'વંદના જેવા 'વર્ષોથી ચાલતા નવતર પ્રયોગોનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું.
- માનનીય કુલપતિશ્રી દ્વારા દિવાળી વેકેશન બાદ બી.એડ. કોલેજોના વિદ્યાર્થીઓને કોલેજ કક્ષાએ બોલાવીને શૈક્ષણિક પ્રક્રિયામાં જોડવામાં આવશે તેવી સંભાવનાઓ વ્યક્ત કરી.
- માનનીય કુલપતિશ્રી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત શિક્ષક કે અધ્યાપકની શું ભૂમિકા હોઈ શકે? અધ્યાપક તરીકે આપણે કઈ બાબતો ધ્યાનમાં લેવાની થશે? અને રાષ્ટ્રીય શિક્ષણનીતિના સ્કુલ અમલીકરણ માટે લેવામાં આવનાર તકેદારીઓની ગહન ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- આમ એકાદ ,કલાકના વિચાર વિમર્શ બાદ ૦૫ ૩૦:કલાકે સૌ છુટા પડ્યા

આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના માનનીય કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલ દ્વારા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણની મુલાકાત






<u>ગુજરાત ગૌરવદિન સ્પર્ધા:</u>

- ચિત્ર સ્પર્ધાનું આયોજન

-જિલ્લાના વિદ્યાર્થીઓના આવેલ કાવ્ય

## દિક્ષા પોર્ટલ પર ઓનલાઈન કોર્ષ :

**ઓનલાઇન સર્ટીફીકેટ કોર્સ ઓન બેઝિક એજ્યુકેશન સ્ટેટેસ્ટિક**

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર દ્વારા DIKSHA પોર્ટલ પર શિક્ષકો માટે વિવિધ ઓનલાઈન કોર્ષ શરુ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે એપ્રિલથી જુલાઇ 2020દરમિયાન વિવિધ કોર્ષ પૈકી ઓનલાઇન સર્ટીફીકેટ કોર્સ ઓન બેઝિક એજ્યુકેશન સ્ટેટેસ્ટિક શરુ કરવામાં આવેલ. આ અંતર્ગત આ કોર્ષમાં જિલ્લા કોડિનેટર તરીકે ડૉ. દશરથ આર. ઓઝા એ કામગીરી કરી.જી.સી.ઈ.આર.ટી. એ આપેલ માહિતી આધારે સૌ પ્રથમ આ કોર્ષમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન થયેલ તમામ શિક્ષક મિત્રો નું whatsapp ગ્રુપ બનાવ્યું, તેમને આ કોર્ષના નિયમો અને જરૂરી બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું. સ્વાધ્યાકાર્ય કેટલા સમયમાં, કઈ રીતે જમા કરાવવા તેમજ રાજ્ય કક્ષાએથી સમયાંતરે અપાતી અપડેટ આપવામાં આવતી. ગુગલ ફોર્મની મદથી તમામ શિક્ષકોના સ્વાધ્યાય કાર્યનું એકત્રીકરણ અને ચકાસણી કરવામાં આવી.આ કોર્સ માં

કુલ ૨૧૮ શિક્ષકોનું રજીસ્ટ્રેશન થયું હતું. તેમાંથી 119 શિક્ષકો જોડાયા અને અંતમાં 104 શિક્ષકોએ આ કોર્સ પૂર્ણ કર્યો.કોર્ષ વિષયક તમામ માહિતીનું સંકલન કરી જીસીઈઆરટી, ગાંધીનગર ને મોકલી આપી.

**Pre-School Online Course :**

- 56 શિક્ષકોએ ઓનલાઈન કોર્ષ કર્યો.
- Whatsapp ગ્રુપ બનાવ્યું.
- Follow up
- Google Form, Link દ્વારા માહિતી-વિગતો મેળવી.
- એસાઈનમેન્ટ કોર્ષ ,ટેસ્ટ ,સંદર્ભે માર્ગદર્શન

**ICT Online Course :**

- 86 શિક્ષકોએ ઓનલાઈન કોર્ષ કર્યો.
- Whatsapp ગ્રુપ બનાવ્યું.
- Follow up
- Google Form, Link દ્વારા માહિતી-વિગતો મેળવી.
- એસાઈનમેન્ટ કોર્ષ ,ટેસ્ટ ,સંદર્ભે માર્ગદર્શન

હોમલર્નિંગ શાળા મોનીટરીંગ:

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા શરુ થયેલ હોમલર્નિંગ કાર્યક્રમમાં શાળાની તથા વિદ્યાર્થીઓની તેઓના ઘરે મુલાકાત લઇ હોમલર્નિંગ અંતર્ગત શું કામગીરી કરવામાં આવે છે? વિદ્યાર્થીઓ દુરદર્શન પર આવતા કાર્યક્રમો નિહાળે છે કે નહિ? શિક્ષક શું માર્ગદર્શન આપે છે? વગેરે બાબતોનું મોનીટરીંગ કરવામાં આવ્યું. તેમજ માર્ગર્શન આપવામાં આવ્યું.

| ક્રમ | તારીખ | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| 1 | 18/06/2020 | ગંગેટપ્રા.શાળા<br>સેંધાપ્રા.શાળા | ચાણસ્મા |
| 2 | 19/06/2020 | સરીયદ કુમાર પ્રા.શાળા<br>મેલુસણ પ્રા.શાળા | સરસ્વતી |
| 3 | 22/06/2020 | કનેસરા પ્રા.શાળા<br>નેદરા પ્રા.શાળા | સિદ્ધપુર |
| 4 | 24/06/2020 | માંડોત્રી પ્રા.શાળા<br>મોટારામણદા પ્રા.શાળા | પાટણ |
| 5 | 26/06/2020 | કુરેજા પ્રા.શાળા<br>તોરણીપુરા પ્રા.શાળા | હારીજ |

હોમલર્નિંગ શાળા મોનીટરીંગ



## <u>પ્રતિભાશાળી શિક્ષક મૂલ્યાંકન:</u>

જિલ્લામાં શ્રેષ્ઠ કામ કરતાં શિક્ષકોનું ફોર્મેટ મુજબ તાલુકાવાર ડાયટ અધ્યાપકોની ટીમ બી.સી.આર. ભવન પર હાજર રહી તાલુકાવાર શિક્ષકોની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

| ક્રમ | તારીખ | સ્થળ |
|---|---|---|
| 1 | 18/07/2020 | બી.આર.સી. ભવન,સરસ્વતી |
| 2 | 20/07/2020 | બી.આર.સી. ભવન,પાટણ |
| 3 | 21/07/2020 | બી.આર.સી. ભવન,ચાણસ્મા |
| 4 | 22/07/2020 | બી.આર.સી. ભવન,ચાણસ્મા |
| 5 | 23/07/2020 | બી.આર.સી. ભવન,સાંતલપુર |
| 6 | 24/07/2020 | બી.આર.સી. ભવન,હારીજ |
| 7 | 25/07/2020 | બી.આર.સી. ભવન,શંખેશ્વર |
| 8 | 27/07/2020 | ડાયટ, પાટણ |

## નિષ્ઠા તાલીમ મોડ્યુલ-2

તા.14/09/2020 થી 26/09/2020 દરમિયાન નિષ્ઠા તાલીમ મોડ્યુલ-2 અનુવાદની કામગીરીમાં અંગ્રેજી અને ગુજરાતીના બી.આર.પી.મિત્રોને માર્ગદર્શન કાર્ય કર્યું. આ ઉપરાંત ઉપરોક્ત મોડ્યુલને સંલગ્ન સ્ક્રીપ્ટના વિડીઓ રેકોર્ડીંગ ડાયટના અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવ્યા.

તા.29/09/2020 થી 01/10/2020 જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર ખાતે મોડ્યુલનું ફાઈનલ કર્યું.

તા.07/10/2020 ના રોજ બાયસેગ સ્ટુડીઓ ગાંધીનગર દ્વારા આ મોડ્યુલમાં તજજ્ઞ તરીકેની કામગીરી.








1. **નિષ્ઠા તાલીમ મોનીટરીંગ:**



## ધોરણ- 6, 7 અને 8 સંસ્કૃત વિષયના દિક્ષા પોર્ટલ પર કન્ટેન્ટ મટીરીયલનો વર્કશોપ.

- ત્રણ તબક્કામાં બેઠક
- આયોજન ઓર્ડર અને ,Follow up
- વિડીઓ- એડીટીંગએકમ ,અપલોડ ,ના QR કોડની કામગીરી

**ICT Online કોર્ષસબંધિતતાલીમ :**

- આયોજનસંચાલન ,ઓર્ડર ,
- વિષય નક્કી કરી મોડ્યુલલેખનરેકોર્ડીંગ ,
- કોર્ષ તૈયાર કરવાની તમામ કામગીરી



## જિલ્લાની કેળવણીના ઇતિહાસ અંતર્ગત પુસ્તિકા નિર્માણ કાર્ય:

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગરના માર્ગદર્શન મુજબ દરેક જિલ્લાએ જિલ્લાની કેળવણીનો ઇતિહાસ એવી પુસ્તિકા નિર્માણ કરવાની થાય છે. આઝાદી પૂર્વે અને ત્યારબાદ જિલ્લામાં કેળવણીનો વિકાસ કઈ રીતે થયો, કઈ કઈ સંસ્થાઓ કે વ્યક્તિઓએ તેમાં મહત્વનું પ્રદાન કર્યું,આ વિષયે ચર્ચા ને પરામર્શન માટે જિલ્લાની એક કમિટી રચવામાં આવી અને ઓનલાઈન માધ્યમથી આ કમિટીના સભ્યો સાથે આ વિષય બાબતે ચર્ચા કરવામાં આવી.વધુમાં આ પુસ્તિકાના નિર્માણ માટે દરેક તાલુકા બી.આર.સી કો ઓર્ડીનેટરનો સંપર્ક કરી અને તેમને ઓનલાઇન માધ્યમથી આ બાબતમાં શું કરી શકાય,તાલુકામાંથી કયા પ્રકારની માહિતી ભેગી કરવાની થાય છે, અને કઈ કઈ બાબતોની કાળજી રાખવી તેની ચર્ચા કરવામાં આવી. દરેક તાલુકામાંથી જિલ્લા કક્ષાએ માહીતી મોકલવામાં આવી. આ માહિતીનું સંકલન કરવામાં આવ્યું અને તેની સમીક્ષા કર્યા બાદ તેનો પ્રથમ ડ્રાફ્ટ જીસીઈઆરટી ગાંધીનગરને માર્ગદર્શન હેતુ મોકલવામાં આવ્યો.

## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન સમીક્ષા કાર્યશાળા:

રાજ્યની તમામ શાળાઓમાં અમલી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનું માળખું જીસીસીઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. તત્કાલીન એન.સી.ઈ.આર.ટી. બેઝ્ડ અભ્યાસક્રમમાં બાળકોનું માત્ર પુસ્તકિયું જ્ઞાન ચકાસાય તે જરૂરી ન હોઈ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનું માળખું પણ પૂનઃગઠિત થાય તે જરૂરી છે. રાજ્ય કક્ષાએથી સૂચના મુજબ સમગ્ર રાજ્યમાં પ્રવર્તમાન શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન માળખામાં શું સુધારા થઈ શકે ? તેને વધારે સબળ કઈ રીતે બનાવી શકાય ? તે બાબતે જિલ્લાના ડી.આર.જી. મિત્રો તેમજ કેટલાક એસ.આર.જી.મિત્રોને ડાયટ ખાતે બોલાવી શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન વિવિધ પત્રકોમાં કયા કયા સુધારાઓ જરૂરી છે ? આ મૂલ્યાંકનમાં હાલ કઈ કઈ બાબતો માં તકલીફ પડે છે ? અને વધારે શું સારું કરી શકાય ? એ દિશામાં ચર્ચા કરવામાં આવી. તમામ સભ્યશ્રીઓ પાસેથી તેમના ફીડબેક મેળવવામાં આવ્યા અને તેને નોંધ કરી અને તેનો ડ્રાફ્ટ જીસીઈઆરટી ને મોકલી આપ્યો. આ તાલીમ વર્ગમાં ૧૪ જેટલા શિક્ષકો જોડાયા, માર્ગદર્શક અને તજજ્ઞ તરીકે ડૉ. દશરથ ઓઝાએ કામગીરી કરી.

## ગુજરાત એચિવમેન્ટ સર્વે-૨ કઠીન અધ્યયન નિષ્પતિ અંતર્ગત વિડીયો નિર્માણ

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર ના માર્ગદર્શન હેઠળ  સમગ્ર રાજ્યમાં ગત વર્ષે ગુજરાત એચિવમેન્ટ સર્વે-૨ હાથ ધરવામાં આવ્યો. આ સર્વે અંતર્ગત ધોરણ ૪, ૬ અને ૭ના વિધાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા. આ સર્વે બાદ ધોરણ ૪, ૬ અને ૭ના જે વિદ્યાર્થીઓ જે અધ્યયન નિષ્પતિ સરળતાથી હલ ન કરી શક્યા, જેનું પરિણામ નીચું આવ્યું  તેને કઠિન અધ્યયન નિષ્પતિ તરીકે અલગ તારવવામાં આવી. આ કઠિન અધ્યયન નિષ્પતિઓ વિષયક ચાલુ વર્ષે શિક્ષકોને તાલીમ આપવા હેતુતાલીમની પૂર્વ તૈયારી સ્વરૂપે વિષયવાર તજજ્ઞો સાથે તારીખ ૬/૧૧/૨૦૨૦ ના રોજ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું . ત્યારબાદ તારીખ ૨૬ થી ૨૮ નવેમ્બર ૨૦૨૦ એમ ત્રણ દિવસ દરમિયાન આ શિક્ષક તાલીમ માટેકઠીન અધ્યયન નિષ્પતિ મુજબના વિષયવાર વિડિયોનું નિર્માણ કરવામાં આવ્યું. આ કાર્યશાળામાં કુલ સાત શિક્ષકશ્રીઓ પ્રતિભાગી થયા. તમામ તાલીમ કાર્યશાળાનું સંકલન અને માર્ગદર્શન ડૉ. દશરથ ઓઝાએ કર્યું.

## પ્રારંભિક ભાષા શિક્ષણ અને શૈક્ષણિક સહયોગ ઓનલાઈન કોર્ષ


પ્રારંભિક ભાષા શિક્ષણ અને શૈક્ષણિક સહયોગ ઓનલાઈન કોર્ષ જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને સમ્રગ શિક્ષા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. તેના પ્રથમ ચરણમાં બી.આર.સી. અને સી.આર.સી.ને ઓનલાઈન કોર્ષમાં જોડવામાં આવ્યા હતા. આ કોર્ષના મેન્ટર તરીકે ડાયટના તમામ વ્યાખ્યાતાની નિમણુંક કરવામાં આવી હતી.જેની વિગત નીચે મુજબ હતી.


| ક્રમ | વ્યાખ્યાતાનું નામ | તાલુકાનું નામ | કોર્ષ પૂર્ણ કરનારની સંખ્યા |
|---|---|---|---|
| 1 | ડૉ. પી.આર. રાવલ | સાંતલપુર, શંખેશ્વર | 14 |
| 2 | ડૉ. પી.ડી. ગોરડીયા | સરસ્વતી | 14 |
| 3 | ડૉ. કે.એન. મોદી | રાધનપુર | 10 |
| 4 | ડૉ. બી.બી. પટેલ | પાટણ | 12 |
| 5 | ડૉ. એમ.બી. સોલંકી | સિદ્ધપુર, સમી | 17 |
| 6 | ડૉ. જે.ડી. ભટ્ટી | હારીજ | 15 |
| | | | **82** |


આ ભાષાના કોર્ષમાં સૌ પ્રથમ ડાયટ દ્વારા તાલુકાની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં મેંટરશ્રીઓએ પોતાને ફાળવેલ તાલુકાના મિત્રોને માર્ગદર્શન આપીને મેન્ટર તારીકેની ભૂમિકા ભજવવાની હતી. સૌ પ્રથમ પોતાના ફાળવેલ તાલુકાના તમામ CRC અને BRC મિત્રોનો સંપર્ક કરવામાં

આવ્યો અને તેમને રજીસ્ટ્રેશન માટેની લીંક મોકલીને તારીખ 01/06/2021 સુધીમાં તમામ મિત્રોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. ત્યારબાદ રાજ્યની સુચના મુજબ આ કોર્ષમાં પ્રજ્ઞા અને ભાષાના BRP-મિત્રોને પણ જોડવામાં આવ્યા હતા.

આ કોર્ષમાં પાટણ જિલ્લાના કુલ 82 મિત્રો આ કોર્ષમાં જોડાયા હતા. આ કોર્ષના આયોજન મુજબ કુલ-5 મોડ્યુલનો અભ્યાસ ઓનલાઈન કરવાનો હતો. આયોજન મુજબ એક અઠવાડિયામાં 2 મોડ્યુલ પૂર્ણ કરવાના હતા અને એ રીતે તારીખ 01/06/2021થી 19/06/2021 દરમિયાન 5મોડ્યુલ પૂર્ણ કરવાના હતા. મોડ્યુલનું આયોજન અને રજૂઆત ખૂબજ સુંદર અને અભ્યાસમાં સરળ રહે તે રીતે તૈયાર કરવામાં આવ્યા હતા. દરેક મોડ્યુલ માં ઓડિયો અને વીડીઓ દ્વારા વિવિધતા દ્વારા ભાષાના મહત્વના પાસાની સમજુતી આપવામાં આવી હતી. આમ, છતાં જો કોઈ મિત્રોને મુશકેલી થાય તો તેઓ મેન્ટરને પૂછીને આગળ વધી શકતા હતા. જો મેન્ટરને પણ પ્રોબ્લેમ થાય એવી સમસ્યા હોય તો મેન્ટર રાજ્ય ના મેન્ટર ગ્રુપમાં સમસ્યા મુકીને હેડ મેન્ટર દ્વારા સમસ્યાનું સમાધાન કરી શકતા હતા.








## ઈ-કન્ટેન્ટ મટીરીયલ ચકાસણી

ધોરણ-8 સંસ્કૃત, સામાજિકવિજ્ઞાન, વિજ્ઞાનઅનેટૅક્નોલોજી

તારીખ:- 10/06/2021 થી 12/06/2021

સ્થળ:- જિલ્લાશિક્ષણઅનેતાલીમભવન, પાટણ

સમય:- 10:30 થી 03:30

લાભાથી:- દરેકવિષયનાએસ.આર.જી/તજજ્ઞશિક્ષક

### થયેલ કામગીરી:-

- ઈ-કન્ટેન્ટની ચકાસણી માટે ત્રણ વિષયના કન્વીનર નક્કી કરાયા.
- યુઝર આઈ.ડી. પાસવર્ડ દ્વારા શિક્ષકશ્રીઓ દ્વારા ઈ-કન્ટેન્ટની ચકાસણી કરાઈ.
- સારા પાસા, સુધારાત્મક પાસા, હરમાનસયની નોંધ કરાઈ.

- વિડીયો, પી.ડી.એફ. ફાઇલ, મૂલ્યાંકનની ચકાસણીની કામગીરી થઈ.
- સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંસ્કૃત વિષયની EXCELSHEETમાં ENTRY કરી.
- દરેક વિષયના યુનીટના સારા પાસા, સુધારાત્મક પાસાની ફરી એકવાર ક્રોસ ચેકિંગથી ચકાસણી થઈ.
- જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર આ માહિતી EXCELSHEETમાં સોફ્ટકોપીમાં મેઈલ કરાવવામાં આવી.



## સંશોધન માર્ગદર્શન કાર્યશાળા

જી.સી.ઇ.આર.ટી.ના માર્ગદર્શન મુજબ ક્રિયાત્મક સંશોધનો કેવા વિષયો કે સમસ્યાઓ આધારિત હાથ ધરાય?, ક્રિયાત્મક સંશોધનો કઈ રીતે હાથ ધરાય ?, ક્રિયાત્મક સંશોધનો કયા સોપાનો આધારિત હાથ ધરાય? તે બાબતોને વણી લઇ જિલ્લાના માધ્યમિક અને પ્રાથમિક ક્ષેત્રમાં કાર્યરત ૭૫ જેટલા શિક્ષકોને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. અને ત્યારબાદ વિવિધ સમસ્યાઓ આધારિત ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવામાં આવ્યા હતા. આ માટે ડાયટ કક્ષાએથી દરેકને રૂ. ૨,૦૦૦ નું આર્થિક અનુદાન પણ ફાળવવામાં આવ્યું હતું.

ચાલુ વર્ષે પણ શિક્ષકો ક્રિયાત્મક સંશોધનો હાથ ધરતાં થાય અને સંશોધન વિષયે તેમનો અભિગમ કેળવાય તે માટે સંશોધન કરવામાં રુચિ દાખવતા ૨૬ શિક્ષકોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે તા. ૦૨/૦૭/૨૦૨ ના રોજ એક દિવસીય તાલીમ આપવામાં આવી હતી. જેમાં વર્ગ સંચાલક તરીકે ડાયટ પાટણના લેક્ચરરશ્રી ડૉ. દશરથ ઓઝાએ ભૂમિકા ભજવી હતી. જયારે તજજ્ઞ તરીકે પણ ડૉ. દશરથ ઓઝા અને રણુંજ માધ્યમિક શાળાના શિક્ષકશ્રી ડૉ. પંકજભાઈ ઠાકરે કામગીરી કરી હતી.





# તકનિકી અને રમકડાં

૧૭/૦૬/૨૦૨૧, ગુરુવાર


મુખ્ય વિષય: Toys and Technology
(તકનિકી અને રમકડાં)

પેટા વિષયો: (૧)ઈકો ફ્રેન્ડલી સામગ્રી
(૨) સ્વાસ્થ્ય આરોગ્ય અને સ્વચ્છતા
(3) આદાન –પ્રદાન થઈ શકે તેવું સોફ્ટવેર
(4) ઐતિહાસિક વિકાસ
(5) ગાણિતિક નમૂનાઓ

COVID-19 ની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને આ વર્ષે તમામ કક્ષાના પ્રદર્શન ઓનલાઈન મોડમાં યોજાનાર હતા,જિલ્લા કક્ષાના વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2021 માટે વિભાગવાર તાલુકા કક્ષાએ પ્રથમ આવેલ કૃતિ અને એસ.વી.એસ.કક્ષાએથી આવેલ કૃતિના માર્ગદર્શક શિક્ષકશ્રીઓનું વોટ્સએપ ગ્રુપ બનવવામાં આવ્યું હતું.દરેક વિભાગવાર અલગ ગ્રુપ બનાવેલ હતા.જેમાં ભાગ લેનાર શિક્ષકશ્રીને તમામ સુચના અગાઉથી આપી દેવામાં આવેલ હતી.

વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન -2021ની શરુઆત સવારે 7:30 કલાકે કરવામાં આવી હતી.વિભાગ મુજબ Google Meetની link આપી દેવામાં આવી અને 8:00 કલાકે નિર્ણાયકશ્રીઓની ટીમ દ્વારા ઓનલાઈન મૂલ્યાંકન કાર્ય શરુ કરવામાં આવ્યું હતું.ઓનલાઈન મોડ દરમિયાન દરેક પાર્ટીસિપન્ટને રજૂઆત માટે 10 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.

| સી.આર.સી. કક્ષા | | | બી.આર.સી. કક્ષા | | | એસ.વી.એસ. કક્ષા | | | જિલ્લા કક્ષા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સી.આર.સી. ની સંખ્યા | તારીખ | ભાગ લીધેલ કૃતિની સંખ્યા | બી.આર.સી. ની સંખ્યા | તારીખ | ભાગ લીધેલ કૃતિની સંખ્યા | એસ.વી.એસ. ની સંખ્યા | તારીખ | ભાગ લીધેલ કૃતિની સંખ્યા | સી.આર.સી. ની સંખ્યા | તારીખ | ભાગ લીધેલ કૃતિની સંખ્યા |
| 72 | 24/03/21 | 733 | 9 | 26/03/21 | 330 | 4 | 18/03/21 | 60 | 72 | 17/06/21 | પ્રાથમિક-45<br>માધ્યમિક-25<br>કુલ-70 |






## વ્યાવસાયિક કૌશલ્ય મોડયુલ લેખન

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ ખાતે તા. 05/07/2021 થી 07/07/2021 દરમ્યાન વ્યાવસાયિક કૌશલ્ય મોડયુલ લેખન માટે સાનિધ્યમ ભવનમાં કાર્યશાળા યોજાઈ.

ડો.પીનલબેન ગોરડીયા, સિનીયર લેકચરર, ડાયટ પાટણ દ્વારા પ્રાસ્તાવિક ચર્ચા કરી અને ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પીન્કીબેન રાવલ અને ઓ.એસ.શ્રી ડૉ.સુરેશભાઈપટેલ દ્વારા લેખન વર્ગ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું.

વ્યાવસાયિક કૌશલ્ય મોડયુલ નિર્માણની ચર્ચા હરજીભાઈ પ્રજાપતિદ્વારા કરવામાં આવી. ત્યારબાદ ડો.પીનલબેન ગોરડીયા, સિનીયર લેકચરર, ડાયટ પાટણ દ્વારા વ્યાવસાયિક કૌશલ્ય મોડયુલ વિશે વિશેષ ચર્ચા કરી સમજ પૂરી પાડવામાં આવી.





## ગુણોત્સવ 2.0ની ઓફલાઈન તાલીમ

પાટણ ડાયેટ ખાતે તા.08/07/2021 અને તા. 09/07/2021 એમ બે દિવસ પાટણ જિલ્લાના તમામ બીઆરસી તથા સી.આર.સી માટેગુણોત્સવ 2.0 ની ઓફલાઈન તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ માટે બે વર્ગો રાખવામાં આવ્યા હતા. પ્રથમ વર્ગમાં પાટણ, સરસ્વતી, ચાણસ્મા અને હારીજતાલુકાના સી.આર.સી.અને બી.આર.સી તથા બીજા વર્ગમાં સિધ્ધપુર,સમી, શંખેશ્વર,રાધનપુર અને સાંતલપુર તાલુકાના સી.આર.સી.અને બી.આર.સી માટે વર્ગ રાખવામાં આવ્યો હતો.





## ગુણોત્સવ ૨.0 તાલીમ બી.આર.સી. ભવન, વારાહી (તા. સાંતલપુર)

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા યોજાયેલ ગુણોત્સવ ૨.0 અંતર્ગત રાજ્યની કુલ ૩૦,૬૮૧ પ્રાથમિક શાળાઓનું એસેસમેન્ટ સ્કૂલ ઇન્સ્પેક્ટર્સ દ્વારા કરવામાં આવેલ હતું. તે પૈકી પાટણ જિલ્લાની ૮૦૬ શાળાઓનું પણ એસેસમેન્ટ થયેલું, જેમાંથી ૦૩ શાળાઓ ગ્રીન થ્રી સ્ટારમાં, ૧૨ શાળાઓ ગ્રીન ટુ સ્ટારમાં, ૪૧ શાળાઓ ગ્રીન વન સ્ટારમાં, ૬૩૨ શાળાઓ યલો ઝોનમાં, ૧૧૫ શાળાઓ રેડ ઝોનમાં અને ૦૩ શાળાઓ બ્લેક ઝોનમાં આવેલ હતી.

| PATAN DISTRICT : GUNOTSAV – 2.0 (Schools - 806) | | SANTALPUR BLOCK : GUNOTSAV – 2.0 (Schools - 93) | |
|---|---|---|---|
| ZONE | Over all | ZONE | Over all |
| Green*** | 03 | Green*** | 00 |
| Green** | 12 | Green** | 00 |
| Green* | 41 | Green* | 00 |
| Yellow | 632 | Yellow | 48 |
| Red | 115 | Red | 43 |
| Black | 03 | Black | 02 |

આ જાહેર થયેલા પરિણામો આધારે જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગરની સૂચના અને માર્ગદર્શન મુજબ રેડ અને બ્લેક ઝોન ધરાવતી ૧૧૮ શાળાઓને આગામી સમયમાં અપગ્રેડ કરવા હેતુ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા મુ.શિ. અને શાળાના એક શિક્ષક માટે ડાયટ ફેકલ્ટી અને જિલ્લાના સ્કૂલ ઇન્સ્પેક્ટર્સની તજજ્ઞતામાં માર્ગદર્શન તાલીમનું આયોજન તા. ૨૬ અને ૨૭ જુલાઈ, ૨૦૨૧ દરમિયાન ડાયટ-પાટણ, બી.આર.સી. ભવન, શેરગંજ (રાધનપુર) અને બી.આર.સી. ભવન, વારાહી (સાંતલપુર) ખાતે કરવામાં આવ્યું હતું.

બી.આર.સી.ભવન, વારાહી (સાંતલપુર) ખાતે આયોજિત તાલીમ વર્ગમાં વર્ગ સંચાલક તરીકે ભૂમિકાડાયટપાટણના લેક્ચરર ડૉ. દશરથ ઓઝાએ ભજવી હતી. આ તાલીમમાં સાંતલપુર તાલુકાના તમામ સી.આર.સી. મિત્રો પણ જોડાયા હતા. આમ કુલ ૯૦ તાલીમાર્થીઓને બે તાલીમ વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.

વર્ગ-૧ : સાંતલપુર, સીધાડા, મઢુત્રા, અબીયાણા ક્લસ્ટર
વર્ગ-૨ : વારાહી, માનપુરા, લોદરા, કોરડા ક્લસ્ટર

## Research Findings Sharing Workshop


જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા તા.૧૪/૦૭/૨૦૨૧ ના રોજ બી.આર.સી./સી.આર.સી.કો-ઓર્ડીનેટર્સ અને સાંતલપુર તાલુકાના મુ.શિ.શ્રીઓ સાથેની ઓનલાઈન બેઠકમાં માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી વ્યાખ્યાતાઓ દ્વારા હાથ ધરાયેલ સંશોધનોના મળેલ તારણો/ શૈક્ષણિક કાર્યક્રમોનું શેરિંગ કરવામાં આવેલ હતું.

| ક્રમ | તારીખ | લાભાર્થી તાલુકો |
|---|---|---|
| ૧ | ૧૪/૭/૨૦૨૧ | સાંતલપુર |
| ૨ | ૧૭/૭/૨૦૨૧ | રાધનપુર |
| ૩ | ૩૧/૭/૨૦૨૧ | સમી, શંખેશ્વર |
| ૪ | ૦૨/૮/૨૦૨૧ | હારીજ, ચાણસ્મા |

વ્યાખ્યાતા દીઠ હાથ ધરવાના સંશોધનો, મેજર રીસર્ચ અંતર્ગત સંશોધન અને CSS-TE અંતર્ગત ડાયટના વ્યાખ્યાતાઓ દ્વારા હાથ ધરાયેલ સંશોધનોના વિષયો નીચે મુજબ છે.

| ક્રમ | સંશોધનનો વિષય | સંશોધકનું નામ |
|---|---|---|
| ૧ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે પાટણ તાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | ડૉ.પી.આર.રાવલ |
| ૨ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે રાધનપુરતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | ડૉ.પી.આર.રાવલ |
| ૩ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે સરસ્વતીતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | ડૉ.પી.ડી.ગોરડીયા |
| ૪ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે ચાણસ્માતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | ડૉ.બી.બી.પટેલ |
| ૫ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે સિદ્ધપુરતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ | ડૉ.ડી.આર.ઓઝા |

| | | |
|---|---|---|
| | શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | |
| ૬ | **પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા COVID 19 બિમારીના સમયગાળા દરમ્યાન થયેલ વિશિષ્ટ શૈક્ષણિક કામગીરીનો વ્યક્તિ અભ્યાસ.** | **શ્રીમતી વી.એમ.ચાવડા** |
| ૭ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે શંખેશ્વરતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | **ડૉ.એમ.બી.સોલંકી** |
| ૮ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે સમીતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | **ડૉ.કે.એન.મોદી** |
| ૯ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે હારીજતાલુકાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | **ડૉ.જે.ડી.ભટ્ટી** |
| ૧૦ | Presentation Skill Development Online Course **પ્રત્યે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ** | **ડૉ.પી.આર.રાવલ** |
| ૧૧ | **પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાની આંગણવાડીઓના કાર્યકરોના પૂર્વ–પ્રાથમિક શિક્ષણ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ.** | **ડૉ.પી.ડી.ગોરડીયા** |
| ૧૨ | ONLINE INNOVATION FAIR -2021' **માં પાટણ જિલ્લા કક્ષાએ પસંદ થયેલ શ્રેષ્ઠપ્રયોગોનો વ્યક્તિ અભ્યાસ** | **ડૉ.બી.બી.પટેલ** |
| ૧૩ | **ઓનલાઈન શિક્ષણકાર્ય અંગે બી.એડ.ના તાલીમાર્થીઓનાઅભિપ્રાયોનો અભ્યાસ.** | **ડૉ.ડી.આર.ઓઝા** |
| ૧૪ | **દીક્ષાપોર્ટલનીઓનલાઈનતાલીમઅંતર્ગતવિજ્ઞાનવિષયનાશિક્ષકોનાઅભિપ્રાયોનોઅભ્યાસ** | **ડૉ.એમ.બી.સોલંકી** |
| ૧૫ | **ઓનલાઈન રમકડાં ફેર અંગે સહભાગી શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.** | **ડૉ.જે.ડી.ભટ્ટી** |
| ૧૬ | **પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળાની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ.** | **ડૉ.પી.ડી.ગોરડીયા** |
| ૧૭ | કોરોનાકાળ દરમિયાન શિક્ષણકાર્ય માટે પાટણ જિલ્લાના શિક્ષકોએ હાથ ધરેલ શૈક્ષણિક નવતર પ્રયોગો– એક વ્યક્તિ અભ્યાસ | **ડૉ.ડી.આર.ઓઝા** |



## ધોરણ ૩ થી ૫ પ્રારંભિક ભાષા શિક્ષણ અને શૈક્ષણિક સહયોગ તાલીમ કોર્ષ

ધોરણ ૩ થી ૫ પ્રારંભિક ભાષાશિક્ષણ તાલીમનું આયોજન જી.સી.આર.ટી.ઈ.ની ગાઈડલાઈન અનુસરીને પાટણ જીલ્લામાં બે તબક્કામાં કરવામાં આવેલ હતું. પ્રથમ તબક્કામાં ચાણસ્મા, રાધનપુર, સમી, શંખેશ્વર, સાંતલપુર, સિધ્ધપુર તાલુકામાં તા.૪/૮/૨૦૨૧ થી ૬/૮/૨૦૨૧ દિન ત્રણ દરમ્યાન ધોરણ ૩ થી ૫ પ્રારંભિક ભાષાશિક્ષણ તાલીમ યોજવામાં આવેલ હતી. આ તાલીમમાં કુલ ૧૪ વર્ગોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલીમાર્થીની સંખ્યા ૪૮૯ અને તજજ્ઞ સંખ્યા ૩૬ અને કુલખર્ચ રૂપિયા ૨૯૧૧૩૩/-થયેલ હતો. બીજા તબક્કામાં પાટણ, સરસ્વતી અને હારિજ તાલુકામાં તા.૧૭/૮/૨૦૨૧ થી ૧૯/૮/૨૦૨૧ દિન ત્રણ દરમ્યાન ધોરણ ૩ થી ૫ પ્રારંભિક ભાષાશિક્ષણ તાલીમ યોજવામાં આવેલ હતી. આ તાલીમમાં કુલ ૧૦ વર્ગોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલીમાર્થીની સંખ્યા ૩૭૪ અને તજજ્ઞ સંખ્યા ૨૯ અને કુલ ખર્ચ રૂપિયા ૧૯૬૯૯૪ થયેલ હતો.

પ્રથમ તબક્કો તા. ૪,૫,૬/૦૮/૨૦૨૧

| ક્રમ | તાલુકો | સ્થળ | વર્ગ | લાભાર્થીસંખ્યા | તજજ્ઞસંખ્યા | ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાંતલપુર | BRC ભવનવારાહી | ૩ | ૯૬ | ૯ | ૫૪૯૭૨ |
| ૨ | ચાણસ્મા | ચવેલીઅનેજાખાનાપ્રા.શાળા | ૨ | ૭૯ | ૬ | ૪૫૮૯૪ |
| ૩ | સિદ્ધપુર | BRC ભવનસિદ્ધપુર | ૩ | ૬૩ | ૬ | ૫૦૨૯૨ |
| ૪ | શંખેશ્વર | શંખેશ્વરકુમારપ્રા.શાળા | ૧ | ૫૧ | ૩ | ૨૮૪૩૦ |
| ૫ | રાધનપુર | BRC ભવનશેરગંજ | ૩ | ૧૧૩ | ૬ | ૬૫૬૨૫ |
| ૬ | સમી | BRC ભવનસમી | ૨ | ૮૭ | ૬ | ૪૫૯૦૦ |
| કુલ | | | ૧૪ | ૪૮૯ | ૩૬ | ૨૯૧૧૩૩ |

દ્વિતીય તબક્કો તા: ૧૭,૧૮,૧૯/૦૮/૨૦૨૧

| ક્રમ | તાલુકો | સ્થળ | વર્ગ | લાભાર્થીસંખ્યા | તજજ્ઞસંખ્યા | ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | BRC ભવનબકરાતપુરા | ૪ | ૧૩૧ | ૧૨ | ૭૪૭૩૮ |
| ૨ | સરસ્વતી | ઓઢવા, વાગડોદ, પાલડી, અનેકાંસાપ્રા .શાળા | ૪ | ૧૬૭ | ૧૧ | ૭૯૬૨૫ |
| ૩ | હારીજ | BRC ભવનહારીજ | ૨ | ૭૬ | ૬ | ૪૨૬૩૧ |
| કુલ | | | ૧૦ | ૩૭૪ | ૨૯ | ૧૯૬૯૯૪ |





## <u>બી.એડ.પ્રથમ વર્ષ પ્રવેશોત્સવ</u>

તારીખ:-09/08/2021

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે આજ રોજ બી.એડ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાઈ ગયો. જેમાં દ્વિતીય વર્ષ બી.એડ સેમ-૩ના તાલીમાર્થી પ્રજાપતિ દશરથ અને આચાર્ય નિધીબેન સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. કાર્યક્રમની શરુઆત દીપ પ્રાગટ્યથી થઇ. ત્યારબાદ પ્રાર્થના, લોકગીત, બાળગીત, બાળવાર્તા, સમાચાર વાંચન, ગણિત વિષયની પ્રવૃત્તિ, પ્રશ્નોતરીની રજૂઆત થઇ.ત્યારબાદ ડૉ.મહેશભાઈ. બી. સોલંકીએ તમામ તાલીમાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ પ્રથમ વર્ષના તમામ તાલીમાર્થીઓનું કુમકુમ તિલક અને વેલકમ કાર્ડ આપીને સ્વાગત કર્યું. ડૉ.કિરણબેન મોદીએ તાલીમાર્થીઓને કેવા શિક્ષક બનવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું. ડાયટ પાટણના કચેરી અધિક્ષકશ્રી ડૉ.સુરેશભાઈ પટેલે શિક્ષક માટે જરૂરી ગુણોની સુંદર રજૂઆત કરી.ડાયટ પાટણના પ્રાચાર્ય શ્રી ડૉ.પીન્કીબેન રાવલે વિવિધ ઉદાહરણો દ્વારા શિક્ષકનું મહત્વ સમજાવ્યું. કાર્યક્રમના અંતે "અઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવણી નિમિત્તે રાષ્ટ્રગાનનું ગાન કરી કાર્યક્રમ પૂર્ણ થયો. નવા પ્રવેશ મેળવેલા તાલીમાર્થીઓ માટે આ અનુભવ યાદગાર બની રહ્યો.





## ધ્વજવંદન કાર્યક્રમ

૧૫/૦૮/૨૦૨૧





## ભાષા તાલીમ 17-8-21

**શિક્ષક સજ્જતા સર્વેક્ષણ મૂલ્યાંકનની કામગીરી**

**શિક્ષક સર્વેક્ષણ સંખ્યા -૯૭૧**


**મૂલ્યાંકન કરનાર અધ્યાપકની સંખ્યા-૭**

**મૂલ્યાંકન ખર્ચ- ૧૧૧૬૧/-**







## કેમ્પસ સફાઈ, વૃક્ષારોપણ અને રમતોત્સવ

તારીખ:-28/08/2021

ગુજરાત સરકારે લોકજાગૃતિ અંગે સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ શરુ કરેલ છે. "નિર્મળ ગુજરાત" આભિયન અંતર્ગત અમારી સંસ્થા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણમાં આ અભિયાનને સહર્ષ વધાવી સૌ તાલીમાર્થી અને પ્રધ્યાપક્શ્રીઓ આ અભિયાનમાં જોડાઈ કોલેજ પરિસરમાં દસ-દસની ટીમ બનાવી સફાઈ કરવામાં આવી હતી.

સ્વચ્છતાનું કામ પૂર્ણ કાર્ય પછી પ્રયાસ વેલ્ફેર ફાઉન્ડેશન અને રોટરી કલબ ઓફ પાટણ દ્વારા નિર્મિત કારગિલ વિજયવનમાં પ્રાચાર્યશ્રી, પ્રધ્યાપક્શ્રીઓ, તાલીમાર્થીઓ તેમજ ફાઉન્ડેશન અને કલબના સભ્યોએ સાથે મળીને કાંચનર, સેતુર, ઉમરો તથા કાતરાના છોડ તેમજ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના સભ્ય પરેશભાઈએ જણાવ્યું હતું કે છોડ રોપતા પહેલા જમીનની અંદર નાળીયેરના છોતરા તેમજ ચાં ના કૂચા જમીનમાં નાખી તેનાં પર છોડ રોપવામાં આવેતો છોડ જલ્દીથી સુકાઈ જતો નથી અને છોડનું આયુષ્ય પણ વધે છે. તેમજ વિવિધ વૃક્ષો અને છોડની વિશેષતા તેમજ ઉપયોગીતાની માહિતી આપી હતી.

વૃક્ષારોપણ બાદ રમત-ગમતનું સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં વિવિધ રમતો જેવી કે, રસ્સા ખેંચ, લીમ્બુ ચમચી, કોથળા દોડ, ત્રીપગી દોડ, રીલે દોડ, સંગીત ખૂરશી વગેરે રમતોમાં તાલીમાર્થીઓની સાથે સાથે સંસ્થાના પ્રાચાર્યશ્રી તેમજ પ્રાધ્યાપક્શ્રીઓએ પણ હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો. અને રમતમાં વિજેતા બનનાર તાલીમાર્થીઓમાં પ્રથમ નંબરને ફૂલાવર, દ્વિતીય નંબર ને કોબીઝ તેમજ તૃતીય નંબરને કાકડીનું ઇનામ આપી પ્રોત્સાહિત કરી વિજયવનના પ્રાંગણમાં આવેલ શ્રી આનંદેશ્વર મહાદેવના મંદિર પરિસર માં બેસીને સામુહિક નાસ્તો કરવામાં આવ્યો હતો.







## School of Excellence Visits

July-Aug







## VENTAL WORKSHOP

તારીખ:-31/08/2021

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે VENTAL WORKSHOP નું online આયોજન ગૂગલ મીટ એપ્લીકેશનના માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. જેનું પૂરું નામ Vocational Education Nai Talim Experiential Learning. જે MGNCRE (મહાત્મા ગાંધી નેશનલ કાઉન્સિલ ઓફ રૂરલ એજ્યુકેશન ) દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. જયાબેન કપાલી તથા ડૉ.પી.આર.રાવલ તથા સમગ્ર ડાયટ પરિવાર જોડાયો હતો. જેમાં ડૉ. જયાબેન કપાલી દ્વારા તાલીમાર્થીઓને નવી નવી પ્રવુત્તિઓ વિષે જ્ઞાન આપાયું હતું. તેમજ વ્યવસાયલક્ષી પ્રવુત્તિઓ જેવી કે મીઠાઈ બનાવવી, ફરસાણ બનાવવા, માસ્ક બનાવવા, પાકીટ બનાવવા વગેરે જુદી જુદી વ્યાવસાયિક તાલીમ આપવામાં આવી હતી.

તાલીમાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને કેવી રીતે બહાર લાવી શકાય તેના વિષે ખુબ સુંદર જીવન ઉપયોગી માહિતી આપી હતી. ડૉ. ભારતીબહેન પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.




## <u>શિક્ષક દિન</u>

તારીખ: 4/9/2021

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણમાં તારીખ 4/9/2021ના રોજ સ્વયં શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં બી.એડ.સેમ-1ના તાલીમાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. પ્રાચાર્ય, અધ્યાપક, સેવક ભાઈ અને લાઈબ્રેરીયન તરીકે દરેક તાલીમાંર્થીએ પોતાની ભૂમિકા યોગ્ય રીતે નિભાવી હતી. સમયપત્રક અનુસાર દરેક તાલીમાર્થીએ વર્ગખંડમાં જઈને વિવિધ વિષયોનું શિક્ષણ કાર્ય કરાવ્યું.

અધ્યાપન કાર્ય પૂર્ણ થયા બાદ પ્રાર્થનાખંડમાં આજના શિક્ષકદિનના અનુભવોના આદાનપ્રદાન માટે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણના પ્રાચાર્યશ્રી ડૉ.પીન્કીબેન રાવલ,ડૉ.કિરણબેન મોદી અને ડૉ.પીનલબેન ગોરડિયા ઉપસ્થિત રહ્યા હતા.તમામ અધ્યાપકોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ શિક્ષક બનેલ તાલીમાર્થીઓએ પોતાના આજના દિવસના અનુભવો રજૂ કર્યા હતા.શિક્ષક બનવાનો અનેરો ઉત્સાહ અને આનંદ સાથે શિક્ષક દિન નિમિત્તે દરેક તાલીમાર્થી ભવિષ્યમાં શું બનવા માંગે છે તે એક ટેગ પર લખી તેને બુલેટીન બોર્ડ પર  લગાવીને છુટા પડયા.




## શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિતરણ કાર્યક્રમ

**સ્થળ: કોન્વોકેશન હોલ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટી પાટણ તા.૧૨/૦૯/૨૦૨૧**





## પાટણ નગરપાલિકા દ્વારા ફાયર સેફટી વર્કશોપ

**તારીખ: 13/9/2021**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ માં તારીખ 13/9/2021ના રોજ પાટણ નગરપાલિકા દ્વારા બી.એડ.ના તાલીમાર્થીઓ માટે ફાયર સેફટી અંતર્ગત એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પાટણ નગરપાલિકાના બે મિત્રો તમામ સાધનો સાથે ઉપસ્થિત રહ્યા હતા.તેઓએ આગના પ્રકારો,આગ લાગે ત્યારે શું કરવું,કેવી રીતે ફાયર બ્રિગેડને જાણ કરવી જેવી મહત્વની બાબતોની માહિતી આપવામાં આવી.પાણીમાં ડૂબતી વ્યક્તિને કેવી રીતે બચાવવી, આગ લાગે ત્યારે ફાયરના સાધનો કેવીરીતે કામ કરે છે તેનો ડેમો કરીને સમજાવવામાં આવ્યું. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણનો તમામ શૈક્ષણિક અને બીન શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



# NEP–2020 સંદર્ભે ત્રી દિવસીય પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન ફ્રેમવર્ક નિર્માણ કાર્યશાળા

NEP–2020 સંદર્ભે પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન ફ્રેમવર્ક નિર્માણ કાર્યશાળા અંતર્ગત તા.24/08/2021 થી 26/08/2021 દરમ્યાન ડાયટ પાટણના સાનિધ્યમાં કાર્યશાળા યોજાઈ.

તા.24-08-2021 સવારના સેશનમાં ફ્રેમવર્ક નિર્માણમાં અપેક્ષિત લેખકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. લેખનકાર્ય માટે જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બનાસકાંઠા, વડોદરા, પોરબંદર અને સાંબરકાંઠાથી પધારેલ સિનીયર લેકચરરશ્રીઓનું રજીસ્ટ્રેશન કરી  ડાયટ પાટણ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું.

ડો.પીનલબેન ગોરડીયા સિનીયર લેકચરર ડાયટ પાટણ દ્વારા પ્રાસ્તાવિક ચર્ચા કરી અને પાટણ જીલ્લાના તજજ્ઞશ્રીઓ તથા લેખનકાર્ય માટે અન્ય જિલ્લાઓમાંથી પધારેલ તજજ્ઞશ્રીઓનો પરિચય કરાવવામાં આવ્યો. NEP-2020 અંતર્ગત કોર્ષ 1 શિશુ સંભાળ અને કેળવણીમાં તમામ પ્રકારણોની ચર્ચા શ્રી પી.એમ.બારડ (ડાયટ પાલનપુર)  દ્વારા કરવામાં આવી તથા સમજ પૂરી પાડવામાં આવી.

ડૉ. પીનલબેન ગોરડિયા દ્વારા કોર્ષ-2 બાળક અને બાળ વિકાસની વિગતવાર ચર્ચા કરવામાં આવી.શ્રી વિશ્વજીત યાદવ (લેક. ડાયટ વડોદરા) દ્વારા કોર્ષ-3 પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અને સામગ્રીના ફ્રેમવર્કની ચર્ચા   કરવામાં આવી. ડાયટનાં કચેરી અધિક્ષકશ્રી એસ.એસ.પટેલ હાજર રહ્યા અને એમના દ્વારા બાળશિક્ષણ આધારિત કોર્ષ 1 થી 15 નું વાંચન કરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું.

તા.25/08/2021 દરમ્યાન શ્રી નારણભાઈ ગોજીયા (લેક. ડાયટ પોરબંદર) દ્વારા કોર્ષ-4 પૂર્વ પ્રાથમિક શિક્ષણ પધ્ધતિશાસ્ત્રની વિગતે ચર્ચા કરી ભૂલસુધારણા કઈ રીતે કરવી તેનું માર્ગ દર્શન આપવામાં આવ્યું.ડો. મદનસિંહ ચૌહાણ  (સિનીયર લેકચરર ડાયટ ઇડર ) દ્વારા  કોર્ષ-5 સહયોગી સુપરવિઝન અને સમુદાયની સામેલગીરી સુધારાઓ સૂચવવામાં આવ્યા અને વિગતવાર ચર્ચા કરવામાં આવી.પાટણ જિલ્લાનાં સ્કુલ ઇન્સ્પેક્ટરશ્રીઓ શ્રી દિગંતકુમાર વ્યાસ  દ્વારા કોર્ષ-1, શ્રી રાહુલકુમાર પટેલ દ્વારા કોર્ષ-2, શ્રી મિતુલકુમાર પટેલ દ્વારા કોર્ષ-3, શ્રી હરેશભાઈ પટેલ દ્વારા કોર્ષ- 4 અને શ્રી દિલીપકુમાર ચૌધરી દ્વારા કોર્ષ-5 નું વાંચન કરી ભૂલ સુધારણા તથા સંકલન કરવામાં આવ્યુ.

તા.26-08-2021વિવિધ ડાયટમાંથી પધારેલ સિ.લેકચરરશ્રીઓ દ્વારા પાટણ નાં સ્કુલઇન્સ્પેક્ટર મિત્રોએ કરેલ કાર્યની ચકાસણી કરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. ડાયટ તજજ્ઞશ્રીઓ  દ્વારા સૂચવેલ સુધારા મુજબ  સ્કુલ ઇન્સ્પેક્ટરશ્રીઓએ  ફરીથી વાંચન તથા સુધારા કર્યા. વિવિધ લેપટોપમાંથી અલગ અલગ એકમોનું સંકલન કરવામાં આવ્યું. અને ડૉ. પિનલબેન ગોરડીયા દ્વારા સમગ્ર મોડ્યુલનું વંચાણ કરવામાં આવ્યું તથા આગામી સમીક્ષા બેઠકનું આયોજન બનાવવામાંઆવ્યું.






## ઇકોકલબ અને પર્યાવરણ પ્રયોગ શાળા તાલીમ

સ્થળ- સાગોડિયા પ્રાથમિક શાળા (ગ્રીન સ્કૂલ ઓફ પાટણ ડિસ્ટ્રિક્ટ)તાલુકો સરસ્વતી જિલ્લો પાટણ

વર્ષાઋતુના પ્રભાવ અને વરસાદના આગમન આહલાદક વાતાવરણમાં ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની તાલીમની શરૂઆત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણના લેક્ચર ઝંખનાબેન ભટ્ટના માર્ગદર્શનમાં થઈ.

તારીખ 21 સપ્ટેમ્બર 2021 ના રોજ શરૂઆતમાં પ્રાર્થના ભજન અને સુંદર મજાનું ચિંતન સાગોડિયા શાળા પરિવાર દ્વારા રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ સાગોડિયા શાળાની ઇકો ક્લબ સમિતિની વિવિધ પેટા બાળકોની શાખાઓ જેવી કે જમીન સમિતિ, ઉર્જા સમિતિ ઉપયોગી, ઉપયોગી-બિનઉપયોગી સમિતિ, હવા સમિતિ બાંધકામ સમિતી, સ્વચ્છતા સમિતિના લીડર બાળકોએ પોતાના દ્વારા થઇ રહેલ વાર્ષિક કામગીરીનો અહેવાલ આપ્યો....

ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી આશારામ દેસાઈએ શાળાની ઇકો કલબની વિગતે ચર્ચા કરી જેમાં શરૂઆતથી આજદિન સુધી ગ્રીન શાળામાં થયેલ ઇકો ક્લબની વિકાસ ગાથા રજુ કરી.થોડા વહીવટી કામ પૂર્ણ થયા બાદ તજજ્ઞશ્રી મધુસુદનભાઈ ઠક્કરે ઇકો ક્લબ પ્રિ. ટેસ્ટ લીધો અને ઇકો ક્લબની તમામ સંકલ્પના તાલીમાર્થી શિક્ષકો સામે રજૂ કરી.

ઇકો કલબ અંતર્ગત શાળામાં થઈ શકે એવી પ્રવૃત્તિનું લિસ્ટ કરવામાં આવ્યું તથા વાર્ષિક કેલેન્ડર ઇકો ક્લબની દ્રષ્ટિએ બનાવવામાં આવ્યું પર્યાવરણના વિવિધ દિન વિશેષ ઉત્સવો શાળામાં કઇ રીતે ઊજવી શકાય? તેની માહિતી આપવામાં આવી

ભોજન વિરામ બાદ આગળના ક્ષેત્રમાં પર્યાવરણની પ્રાર્થના અને પરિપત્ર અનુસાર શાળામાં કરવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું

ત્યારબાદ સાજના સેશનમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત તજજ્ઞ શ્રી પંકજભાઈ અને વિક્રમભાઈ દ્વારા પર્યાવરણ પ્રયોગશાળામાં લોગીન કેવી રીતે થવું ?તેનો યુઝર-પાસવર્ડ શું હોય? તથા તે અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવનાર પ્રવૃત્તિઓને અપલોડ કેવી રીતે કરવી અને શ્રેષ્ઠ પર્યાવરણની પ્રયોગશાળાના ઉદાહરણો તાલીમાર્થીઓને pptના માધ્યમથી બતાવવામાં આવ્યા અને સુંદર આહલાદક વાતાવરણમાં પર્યાવરણ ની પ્રાર્થના ગાઇ સૌ છુટા પડ્યા.

તારીખ 22 સપ્ટેમ્બર 2021 ને બુધવારના રોજ ઇકો કલબની તાલીમના બીજા દિવસની પ્રાર્થના,ભજન અને ચિંતનથી શરૂઆત કરવામાં આવી ત્યારબાદ મેઘરાજાનું આગમન થતાં આવે...

વરસાદના... છાંટા વરસાદ મને વાલો લાગે... જેવું સુંદર અભિનય ગીત ગવડાવી તજજ્ઞશ્રીઓ એ સૌને આનંદમાં લાવી દીધા ત્યાર પછી તાલીમમાં આવેલ તમામ શિક્ષકોએ પોતાની શાળામાં ચાલી રહેલ ઇકો ક્લબ અને પર્યાવરણની પ્રયોગશાળાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું જે અંતર્ગત એક સુંદર મજાનો અહેવાલ તૈયાર થયો ત્યારબાદ કૃષિ વૈજ્ઞાનિક શ્રી શાંતિભાઈ પટેલ દ્વારા વિવિધ આયુર્વેદિક વનસ્પતિ અને તેના ઉપયોગ તથા કિચન ગાર્ડન અને ઔષધ ગાર્ડનની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી ત્યારબાદ સાગોડિયા પ્રાથમિક શાળા ગ્રીન સ્કૂલ હોઇ તેની વિવિધ પ્રવૃતિઓ અને વનસ્પતિની સ્કૂલ એક્સપોઝર કરવામાં આવી. જે અંતર્ગત સોલાર પ્લાન્ટ અને વિવિધ વનસ્પતિ ના પ્રોજેક્ટ ની મુલાકાત કરી ભોજન વિરામ બાદ નજીકમાં આવેલી અંબિકા નર્સરી ની મુલાકાત કરવામાં આવી જ્યાં પુષ્કળ જાતની વનસ્પતિઓ નો રૂબરૂ અભ્યાસ કરવામાં આવ્યો અને વિવિધ ઇકો કલબ અંતર્ગતના બાળગીત કરવામાં આવ્યા અને વનસ્પતિને ઉગાડવા માટે જરૂરી પરિબળોની માહિતી નર્સરીના માલિક પાર્થ ભાઈ પટેલ તરફથી મળી તથા ઓર્ગેનિક ખેતી અંગે પણ માર્ગદર્શન મળ્યું. ત્યારબાદ દરેક શાળામાંથી આવેલ તાલીમાર્થી શિક્ષકોએ પોતાની શાળાનો આગળનો લક્ષ્ય રજૂ કર્યો અને સાંજે ઘણી બધી માહિતી મળ્યાની અનુભૂતિ સાથે આજની તાલીમ સમાપન કરવામાં આવ્યુ છેલ્લે નીકળતી વખતે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના લેક્ચરર શ્રી ઝંખનાબેન પટ્ટી તરફથી દરેક શિક્ષક ને બ્રાહ્મી તથા તુલસીના બે છોડ ભેટમાં આપવામાં આવ્યા અને શિક્ષકોએ પોતાની જરૂરીયાતના અન્ય છોડ પણ નર્સરીમાંથી પોતાની શાળા માટે મેળવ્યા અને નવા ઉત્સાહ અને ઊર્જા સાથે બે દિવસની તાલીમનું સમાપન થયું.












## ADVOCASY કાર્યક્રમ

NCERT ન્યુ દિલ્હી અને NPEP વિભાગના વર્ષ૨૦૨૧-૨૨ નાં Action plan મુજબ Advocacy કાર્યક્રમ અંતર્ગત ડાયટ કક્ષાએ મુખ્ય-૨ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેનો અહેવાલ નીચે મુજબ છે.

૧. પ્રસ્તાવના- Advocasy એટલે જાગૃતતા. જાગૃતતા અધિકારો માટે જાગૃતતા સ્વાસ્થય માટે, જાગૃતતા દુષણો માટે, જાગૃતતા વ્યસનો માટે જાગૃતતા બાળકોના અધિકારોન માટે, જાગૃતતા સંરક્ષણ માટે આ તમામ પાસાને ધ્યાનમાં લઈને ડાયટ, પાટણ દ્વારા (૧) બી.એડ.નાં તાલીમાર્થીઓ, ડાયટ સ્ટાફ તથા (૨) જીલ્લાના BRC,TPO,AEI,EI અને SVS કન્વીનરશ્રીઓ માટે Advocasy કાર્યક્રમનું આયોજન ડાયટ, પાટણ ખાતે કરવામાં આવ્યું હતું.

૨. કાર્યક્રમ નંબર-૧ બી.એડ.નાં તાલીમાર્થીઓનો Advocasy કાર્યક્રમ તારીખ. ૨૩-૧૦-૨૦૨૧નાં રોજ ડાયટ, પાટણ ની બી.એડ. કોલેજનાં પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓ અને L.N.K બી.એડ. કોલેજનાં પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓ માટે ડાયટ, પાટણ ખાતે Advocasy કાર્યક્રમનું આયોજન કરવામાં અઆવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ-૯૨ તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા અને બંને બી.એડ. કોલેજનો સ્ટાફ હાજર રહ્યો હતો .

૩. કાર્યક્રમની રૂપરેખા –

| ક્રમ | સમય | વિગત | તજજ્ઞની વિગત |
|---|---|---|---|
| ૧. | ૮૩૦-૦૦ થી ૮- | રજીસ્ટ્રેશન અને પ્રાર્થના | ----------- |
| ૨. | ૮૩૦-૩૦ થી ૯- | Advocasy કાર્યક્રમની વિસ્તૃત સમજુતી | ડોઝંખના ભટ્ટી . |
| ૩. | ૯૩૦-૩૦ થી ૧૦- | Healthઅને AIDS જાગૃતતા | ડોઝલક શાહ . |
| ૪. | ૧૦૦૦-૩૦ થી ૧૧- | અલ્પાહાર વિરામ | ------------ |
| ૫. | ૧૧૦૦-૦૦ થી ૧૨- | તરુણાવસ્થા એક પડકાર અને જાગૃતતા | ડોભારતી પટેલ . |
| ૬. | ૧૨૦૦-૦૦ થી ૧૩- | વ્યસન વિશેની જાગૃતતા | શ્રી નરેશભાઈ પટેલ |
| ૭. | ૧૩૦૦-૦૦ થી ૧૪- | શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગેની જાગૃતતા | ડોઝંખના ભટ્ટી . |
| ૮. | ૧૪૦૦-૦૦ થી ૧૫- | પ્રતિભાવ અને આભાર | ------------ |

૪. કાર્યક્રમની વિગતવાર સમજુતી- તારીખ.૨૩-૧૦-૨૦૨૧નાં રોજ સવારે ૮-૦૦ કલાકે બંને બી.એડ. કોલેજનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું સમુહમાં સર્વધર્મ પાર્થના કરવામાં આવી. ત્યરબાદ વિવિધ તજજ્ઞદ્વારા નીચે મુજબ માર્ગદર્શન આપવામાં આવ્યું.

૫. DRU શાખાના અધ્યાપક ડો. ઝંખના ભટ્ટી દ્વારા Advocasy કાર્યક્રમની સમજુતી આપવામાં આવી . આ વિષય અંતર્ગત PPT દ્વારા નીચેના મુદાઓની સમજુતી આપવામાં આવી. (૧) તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ (૨) ભાવનાત્મક અને માનસિક આરોગ્ય (૩) આંતર વ્યકતિક સંબંધો (૪) મૂલ્યો અને નાગરિકતા (૫) જેન્ડર સમાનતા (૬) પોષણ ,આરોગ્ય અને સ્વચ્છતા (૭)નશીલા પદાર્થોના દુરુપયોગ ની રોકથામ અને વ્યવસ્થાપન (૮) આરોગ્યપ્રદ જીવનશૈલી નો પ્રસાર (૯) પ્રજનન સ્વાસ્થય અને HIVની

રોકથામ (૧૦) હિંસા અને ઇજાઓ સામે સલામતી અને સુરક્ષા(૧૧) ઈન્ટરનેટ અને સોશિઅલ મીડીયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપવું .

ઉપર દર્શાવ્યા મુજબ નાં મુદ્દાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવ્યું .અને ચર્ચા તથા પ્રશ્નોતરી કરવામાં આવી.

૬. ડો. ઝલક શાહ – પાટણનાં સુપ્રસિધ્ધ ગાયનેક ડો. ઝલક શાહ દ્વારા તાલીમાર્થીઓને શારીરીક સ્વાસ્થય માનવનું ઉત્ક્રાંતિ ચક્ર અને એઇડ્સ અંતર્ગત PPT દ્વારા સમજુતી આપવામાં આવી હતી. જેમાં તેમણે

(૧) માનવ શરીરરચના (૨) માનવ જીવની ઉત્પત્તિ (૩) વિવિધ યૌન રોગો (૪) એઇડ્સ એટલે શું ?(૫) એઇડ્સ શા માટે થાય છે ? (૬) એઇડ્સ કેવી રીતે ફેલાય છે ? (૭) એઇડ્સ ની જાગૃતતા કેવી રીતે રાખી શકાય ? (૮) એઇડ્સ માટેની સારવાર

ઉપરોક્ત મુદ્દાને ધ્યાનમાં રાખીને સમજુતી આપવામાં આવી હતી અંતમાં પ્રશ્નોતરી પણ રાખવામાં આવી હતી અને તાલીમાર્થીઓને ડો. ઝલક શાહ દ્વારા ખૂબજ સરસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું

૭. ડો. ભારતી પટેલ- ડાયટ પાટણ નાં PSTE શાખાના અધ્યાપક ડો. ભારતીબેન પટેલ દ્વારા નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. (૧) તરુણાવસ્થા (૨) તરુણાવસ્થા ના પ્રશ્નો (૩) યુવાનોના પ્રશ્નો (૪) તરુણાવસ્થા એક પડકાર (૫) તરુણાવસ્થા એટલે ભાવિ જીવન નાં આયોજન માટેના સુવર્ણકાળ (૬) તમારી ઇચ્છિત કારકિર્દી બનાવવાનો સમયગાળો

ઉપરોક્ત મુદ્દાને ધ્યાનમાં રાખીને ડો. ભારતીબેન પટેલ દ્વારા ખુબજ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોતરી દરમિયાન વિદ્યાર્થીઓ વચ્ચે અસરકારક ચર્ચા પણ કરવામાં આવી હતી

૮. શ્રી નરેશભાઈ પટેલ- આરોગ્ય ભવન એંદલા નાં ફાર્માસીસ્ટ શ્રી નરેશભાઈ પટેલ દ્વારા (૧) વ્યસન એટલે શું? (૨) વ્યસન કેટલા પ્રકારના હોઈ શકે? (૩) વ્યસનો કેવી રીતે થાય છે? (૪) વ્યસનમાંથી મુક્તિ મેળવવા માટે આપને શું કરી શકીએ? (૫) વ્યસન મુક્તિ માટે અપનો રોલ શું? શાળા કક્ષાએ, કોલેજ કક્ષાએ, કુટુંબમાં, સમાજમાં આપણે વ્યસન મુક્તિ ની ઝુંબેશ માટે શું કરી શકીએ? એક નાગરિક તરીકે, શિક્ષક તરીકે, વ્યક્તિ તરીકે.

ઉપરોકત બાબતોની ખુબજ સરસ ચર્ચા નરેશભાઈ દ્વારા કરવામાં આવી. અને પ્રશ્નોતરી દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું .

૯. ડો. ઝંખના ભટ્ટી- કાર્યક્રમના અંતિમ ચરણમાં ઝંખનાબેન દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંતર્ગત (૧) સ્વાસ્થ્ય એટલે શું? (૨) શારીરિક સ્વાસ્થ્ય એટલે શું? (૩) માનસિક સ્વાસ્થ્ય એટલે શું? (૪) સંપૂર્ણ સ્વાસ્થય કોને કહેવાય? (૫) સંપૂર્ણ સ્વાસ્થય માટે આપણે શું કરવું જોઈએ? (૬) યોગ એટલે શું? (૭) યોગ દ્વારા સ્વસ્થ કેવી રીતે રહી શકાય? (૮) અહાર વિજ્ઞાન ની સમજુતી આ તમામ મુદ્દાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને છેલ્લે પ્રતિભાવો અને આભારવિધિ બાદ કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું.

તારીખ૨૭-૧૦-૨૦૨૧ના રોજ BRC,TPO, EI,AEI અને SVS કન્વીનરશ્રીઓ માટે ADVOCASY કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન નીચે મુજબ હતું .

| ક્રમ | સમય | વિગત | તજજ્ઞની વિગત |
|---|---|---|---|
| ૧. | ૧૦00-30 થી ૧૧- | રજીસ્ટ્રેશન અને પ્રાર્થના | ----------- |
| ૨. | ૧૧30-30 થી ૧૨- | Advocasy કાર્યક્રમની વિસ્તૃત સમજુતી | ડોઝંખના ભટ્ટી . |
| ૩. | ૧૨30-30 થી ૧૩- | Health અને AIDS અને નેચરોપેથી | ડોરંજનબેન પટેલ . |
| ૪. | ૧300-30 થી ૧૪- | અલ્પાહાર વિરામ | ------------ |
| ૫. | ૧૪00-00 થી ૧૫- | તરુણાવસ્થા એક પડકાર અને જાગૃતતા | ડોઝંખના ભટ્ટી . |
| ૬. | ૧૫00-00 થી ૧૬- | વ્યસન વિશેની જાગૃતતા | શ્રી નરેશભાઈ પટેલ |
| ૭. | ૧૬00- થી ૧૭00- | શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગેની જાગૃતતા અને યોગ | શ્રી દીપકભાઈ સુથાર |
| ૮. | ૧૭3-00 થી ૧૭-0 | પ્રતિભાવ અને આભાર | ------------ |

કાર્યક્રમની વિગતવાર સમજુતી- તારીખ ૨૭ -૧૦-૨૦૨૧નાં રોજ સવારે ૧૦-૩૦ કલાકે બંને તાલીમાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું સમુહમાં સર્વધર્મ પાર્થના કરવામાં આવી. ત્યારબાદ સાંતલપુર તાલુકાના BRC શ્રી પ્રજેશભાઈ દ્વારા ચિંતન રજુ કરવામાં . થ્રબાદ વિવિધ તજજ્ઞદ્વારા નીચે મુજબ માર્ગદર્શન આપવામાં આવ્યું.

ડો. ઝંખના ભટ્ટી - ડાયટ અધ્યાપક અને DRU શાખાના અધ્યાપક ડો. ઝંખના ભટ્ટી દ્વારા Advocasy કાર્યક્રમની સમજુતી આપવામાં આવી . આ વિષય અંતર્ગત PPT દ્વારા નીચેના મુદાઓની સમજુતી આપવામાં આવી. (૧) તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ (૨) ભાવનાત્મક અને માનસિક આરોગ્ય (૩) આંતર વ્યકતિક સંબંધો (૪) મૂલ્યો અને નાગરિકતા (૫) જેન્ડર સમાનતા (૬) પોષણ ,આરોગ્ય અને સ્વચ્છતા (૭)નશીલા પદાર્થોના દુરુપયોગ ની રોકથામ અને વ્યવસ્થાપન (૮) આરોગ્યપ્રદ જીવનશૈલી નો પ્રસાર (૯) પ્રજનન સ્વાસ્થય અને HIV ની રોકથામ (૧૦) હિંસા અને ઇજાઓ સામે સલામતી અને સુરક્ષા (૧૧) ઈન્ટરનેટ અને સોશિઅલ મીડીયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપવું .

ઉપર દર્શાવ્યા મુજબનાં મુદ્દાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવ્યું.અને ચર્ચા તથા પ્રશ્નોતરી કરવામાં આવી.

ડો. રંજનબેન પટેલ- પાટણના સુપ્રસિદ્ધ નેચરોપેથી ડોકટર રંજનબેન પટેલ દ્વારા દ્વારા તાલીમાર્થીઓને શારીરીક સ્વાસ્થય માનવનું ઉત્ક્રાંતિ ચક્ર અને એઇડ્સ અંતર્ગત PPT દ્વારા સમજુતી આપવામાં આવી હતી . જેમાં તેમણે

(૧) માનવ શરીરરચના (૨) માનવ જીવની ઉત્પત્તિ (૩) વિવિધ યૌન રોગો (૪) એઇડ્સ એટલે શું? (૫) એઇડ્સ શા માટે થાય છે? (૬) એઇડ્સ કેવી રીતે ફેલાય છે? (૭) એઇડ્સ ની જાગૃતતા કેવી રીતે રાખી શકાય? (૮) એઇડ્સ માટેની સારવાર (૯) નેચરોપેથી

ડો. ઝંખના ભટ્ટી - દ્વારા નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. (૧) તરુણાવસ્થા (૨) તરુણાવસ્થાના પ્રશ્નો (૩) યુવાનોના પ્રશ્નો (૪) તરુણાવસ્થા એક પડકાર (૫) તરુણાવસ્થા એટલે ભાવિ જીવન નાં આયોજન માટેના સુવર્ણકાળ (૬) તમારી ઇચ્છિત કારકિર્દી બનાવવાનો સમયગાળો

ઉપરોક્ત મુદ્દાને ધ્યાનમાં રાખીને ડો. ભારતીબેન પટેલ દ્વારા ખુબજ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોતરી દરમિયાન વિદ્યાર્થીઓ વચ્ચે અસરકારક ચર્ચા પણ કરવામાં આવી હતી

શ્રી નરેશભાઈ પટેલ- આરોગ્ય ભવન એંદલાનાં ફાર્માસીસ્ટ શ્રી નરેશભાઈ પટેલ દ્વારા (૧) વ્યસન એટલે શું? (૨) વ્યસન કેટલા પ્રકારના હોઈ શકે? (૩) વ્યસનો કેવી રીતે થાય છે? (૪) વ્યસનમાંથી મુક્તિ મેળવવા માટે આપને શું કરી શકીએ? (૫) વ્યસન મુક્તિ માટે અપનો રોલ શું? શાળા કક્ષાએ, કોલેજ કક્ષાએ, કુટુંબમાં, સમાજમાં આપણે વ્યસન મુક્તિ ની ઝુંબેશ માટે શું કરી શકીએ? એક નાગરિક તરીકે, શિક્ષક તરીકે, વ્યક્તિ તરીકે.

ઉપરોકત બાબતોની ખુબજ સરસ ચર્ચા નરેશભાઈ દ્વારા કરવામાં આવી. અને પ્રશ્નોતરી દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું.

શ્રી દીપકભાઈ સુથાર- આયુર્વેદ હોસ્પિટલ પાટણનાં યોગ નિષ્ણાંત શ્રી દીપકભાઈ સુથાર દ્વારા કાર્યક્રમના અંતિમ ચરણમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંતર્ગત (૧) સ્વાસ્થ્ય એટલે શું? (૨) શારીરિક સ્વાસ્થ્ય એટલે શું? (૩) માનસિક સ્વાસ્થ્ય એટલે શું? (૪) સંપૂર્ણ સ્વાસ્થય કોને કહેવાય? (૫) સંપૂર્ણ સ્વાસ્થય માટે આપણે શું કરવું જોઈએ? (૬) યોગ એટલે શું? (૭) યોગ દ્વારા સ્વસ્થ કેવી રીતે રહી શકાય? (૮) અહાર વિજ્ઞાનની સમજુતી આ તમામ મુદ્દાને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને છેલ્લે પ્રતિભાવો અને આભારવિધિ બાદ કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું.










## જિલ્લા કક્ષાની કલા-ઉત્સવ સ્પર્ધા

"આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવણીના ભાગરૂપે ડાયેટ પાટણ ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ભિન્ન ભિન્ન સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હતો.

આસ્પર્ધામાં (૧) ચિત્રસ્પર્ધા તથા (૨) બાળકવિ (૩) નિબંધ (૪) વકૃત્વ એમ કુલ ચાર સ્પર્ધાના ચાર એસ.વી.એસ.માંથી પ્રથમ વિજેતા એવા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાંથી ચાર-ચાર વિજેતાઓ એવા બન્ને વિભાગમાંથી કુલ ૩૨ બાળકોએ જિલ્લા કક્ષાના આ કલા-ઉત્સવ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહ અને આનંદપૂર્વક ભાગ લીધો.

તરુણ અને તરુણીઓ આપણા સાહિત્ય અને શહાદત પ્રત્યે સભાન બને તથા વાલીઓમાં પણ જાગૃતતા આવે સાથે સાથે દેશભક્તિની ભાવના કેળવાય અને બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે અને તેમને પ્રોત્સાહન મળે એ હેતુથી આ કલા-ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે ચાર એસ.વી.એસ.માંથી વિવિધ સ્પર્ધાના બન્ને વિભાગમાંથી કુલ. ૩૨ સ્પર્ધકો તથા તેમના માર્ગદર્શક શિક્ષકો પણ આવી પહોંચ્યા હતા.ત્યારબાદ ૮:૦૦ થી ૮:૩૦ સુધીમાં તમામ સ્પર્ધકો અને શિક્ષકોનું રજિસ્ટ્રેશન કાર્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ કાર્યક્રમની ડાયટ ભવનની તાલીમાર્થી દ્વારા સુંદર અને સુમધૂર અવાજથી પ્રાર્થના દ્વારા શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અહી પધારેલ તમામ સ્પર્ધકો, નિર્ણાયકો અને શિક્ષકોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. અહિયા GCERT-ગાંધીનગરથી આવેલા શ્રી દર્શનાબેન પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પી.આર.રાવલ દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું અને સ્પર્ધકોનો ઉત્સાહ વધે એ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. દર્શનાબેને પણ સ્પર્ધકોને મોટીવેશન મળે એ માટે સરસ પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું અને તમામ સ્પર્ધકોને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ અહી ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પી.આર. રાવલ અને દર્શનાબેન દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મૂક્યો હતો. સમય પ્રમાણે કાર્યક્રમની (સ્પર્ધાની) શરૂઆત કરવામાં આવી હતી.

**[i] ચિત્ર સ્પર્ધા:-**

આ સ્પર્ધામાં પણ ચાર એસ.વી.એસ.માંથી પધારેલ સ્પર્ધક બાળકોએ સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ અને આઝાદીનો સંદેશો આપતા ચિત્રો દોર્યા હતા. અહી બાળકોમાં પોતાની કાલ્પનિક શક્તિના દર્શન થયા હતા. ચિત્રસ્પર્ધામાં બાળકોએ ખૂબ જ આનંદપૂર્વક તથા તેમનામાં રહેલ ચિત્રકલાનો એક ખૂબ જ આકર્ષક રીતે રંગ-પૂરવણી તથા શહાદતનો સંદેશો પાઠવ્યો હતો. અહી ચિત્રની સ્પર્ધામાં પ્રથમ નંબર આવનારને ૧૦૦૦ રૂપિયા, દ્વિતિય નંબર આવનારને ૮૦૦ રૂપિયા તથા તૃતિય નંબરે આવનારને ૫૦૦ રૂપિયા રોકડ રકમ પ્રોત્સાહિત રૂપે આપવામાં આવી તથા પ્રમાણપત્રો અને શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

**માધ્યમિક વિભાગમાંથી ચિત્ર સ્પર્ધામાં**

**પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓની નામાવલી**

| ક્રમ | વિભાગ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|
| પ્રથમ | માધ્યમિક | પટેલ બંસરી ડી. | સરસ્વતી શિશુમંદિર, પાટણ |
| | ઉચ્ચ માધ્યમિક | પ્રજાપતિ જીનલ જી. | શેઠ બી પાટણ,હાઇસ્કુલ.એમ. |
| દ્વિતીય | માધ્યમિક | વાઘેલા ભાર્ગવ એચ. | કેહાઇસ્કુલ.પી .,હારીજ |
| | ઉચ્ચ માધ્યમિક | ઠાકોર કિંજલ કે. | કે.એ,ગર્લ્સ સ્કુલ.ચાણસ્મા |
| તૃતીય | માધ્યમિક | દીવાન નિખીલસિંહ કે. | શ્રીમતી એમ.જે. મોમીન હાઇસ્કુલ,સમોડા |
| | ઉચ્ચ માધ્યમિક | સુથાર કિંજલ ડી. | શ્રી આદર્શ વિદ્યાલય રાધનપુર , |

**[ii]કાવ્ય ગાન :-**

**કાવ્યગાન સ્પર્ધામાં રાષ્ટ્રીય કવિ શ્રીઝવેરચંદ મેઘાણી ના શૌર્યગીત વિષય પર ચાર એસ.વી.એસ.માંથી દરેક બાળકે પોતાની આગળ મૌલિકશક્તિનો ઉપયોગ કરી ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અહી દરેક બાળકે પોતાની આગવી શૈલીમાં એવી સચોટ રજૂઆત કરીને નિર્ણાયકોને દ્વિધામાં મૂકી દીધા હતા. અહી માધ્યમિક વિભાગમાં અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં અહી બાળકવિની સ્પર્ધામાં પ્રથમ નંબર આવનારને ૧૦૦૦ રૂપિયા, દ્વિતિય નંબર આવનારને ૮૦૦ રૂપિયા તથા તૃતિય નંબરે આવનારને ૫૦૦ રૂપિયા રોકડ રકમ પ્રોત્સાહિત રૂપે આપવામાં આવી તથા પ્રમાણપત્રો અને શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.**

**માધ્યમિક વિભાગમાંથી કાવ્યગાન સ્પર્ધામાં**

**પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓનીનામાવલી**

| ક્રમ | વિભાગ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|
| પ્રથમ | માધ્યમિક | તીર્થ જે. દરજી | કે .પીહાઇસ્કુલ.,હારીજ |
| | ઉચ્ચ માધ્યમિક | ઠાકોર જીગર જે. | રાધાકૃષ્ણ હાઇસ્કુલ,મેસર |
| દ્વિતીય | માધ્યમિક | સુમરા તસ્લીમ આર. | એડનવાલા હાઇસ્કુલ,સિધ્ધપુર |
| | ઉચ્ચ માધ્યમિક | ઠાકોર આરતી વી. | શ્રીમતી એમ.જે. મોમીન હાઇસ્કુલ,સમોડા |
| તૃતીય | માધ્યમિક | ગોસ્વામી જાનવી યુ. | શ્રી સીપરીખ હાઇસ્કુલ.એલ., સાંતલપુર |
| | ઉચ્ચ માધ્યમિક | નેહા કે. ઝલા | શક્તિ વિદ્યાલય, સુણસર |

**[iii] નિબંધ સ્પર્ધા:-**

**નિબંધ સ્પર્ધામાં સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ વિષય પર ચાર એસ.વી.એસ.માંથી દરેક બાળકે પોતાની આગળ મૌલિક શક્તિનો ઉપયોગ કરી ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અહી દરેક બાળકે પોતાની આગવી શૈલીમાં એવી સચોટ રજૂઆત કરીને નિર્ણાયકોને દ્વિધામાં મૂકી દીધા હતા.અહી માધ્યમિક વિભાગમાં અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં અહી બાળકવિની સ્પર્ધામાં પ્રથમનંબર આવનારને૧**

૦૦૦રૂપિયા, દ્વિતિય નંબર આવનારને ૮૦૦રૂપિયા તથા તૃતિયનંબરે આવનારને ૫૦૦રૂપિયા રોકડ રકમ પ્રોત્સાહિત રૂપે આપવામાં આવી તથા પ્રમાણપત્રો અને શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

માધ્યમિક વિભાગમાંથી નિબંધ સ્પર્ધામાં

પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓની નામાવલી

| ક્રમ | વિભાગ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|
| પ્રથમ | માધ્યમિક | અમીષા બી દેસાઈ. | સર્વોદય વિદ્યાલય કંબોઇ |
| | ઉચ્ચ માધ્યમિક | ફકીર સાન્યા આઈ. | એડનવાલા હાઇસ્કુલ,સિધ્ધપુર |
| દ્વિતીય | માધ્યમિક | શ્રેયા જે. પટેલ | બી.ડી. હાઇસ્કુલ,પાટણ |
| | ઉચ્ચ માધ્યમિક | ઠાકોર આરતી આર. | મોડેલ સ્કુલ વાગડોદ , |
| તૃતીય | માધ્યમિક | રીના એન વણકર . | ડૉ.સી .આર.ગાર્ડી કુંવારદ , |
| | ઉચ્ચ માધ્યમિક | ભૂમિ બી દેસાઈ . | સર્વોદય હાઇસ્કુલ કંબોઇ , |

**[iv] વકૃત્વ સ્પર્ધા:-**

વકૃત્વ સ્પર્ધામાં 'સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ' વિષય પર ચાર એસ.વી.એસ.માંથી દરેક બાળકે પોતાની આગળ મૌલિક શક્તિનો ઉપયોગ કરી ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અહી દરેક બાળકે પોતાની આગવી શૈલીમાં એવી સચોટ રજૂઆત કરીને નિર્ણાયકોને દ્વિધામાં મૂકી દીધા હતા. અહી માધ્યમિક વિભાગમાં અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં અહી બાળક વિની સ્પર્ધામાં પ્રથમનંબર આવનારને ૧૦૦૦રૂપિયા, દ્વિતિયનંબર આવનારને ૮૦૦રૂપિયા તથા તૃતિયનંબરે આવનારને ૫૦૦રૂપિયા રોકડ રકમ પ્રોત્સાહિત રૂપે આપવામાં આવી તથા પ્રમાણપત્રો અને શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

માધ્યમિક વિભાગમાંથી વકૃત્વસ્પર્ધામાં

પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓની નામાવલી

| ક્રમ | વિભાગ | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|
| પ્રથમ | માધ્યમિક | પટેલ હેતવી જે. | પી.જે. ગર્લ્સ હિસ્કુલ,સિદ્ધપુર |
| | ઉચ્ચ માધ્યમિક | સોલંકી મીત્તલબા બી . | સર્વોદય વિદ્યાલય કંબોઇ , |
| દ્વિતીય | માધ્યમિક | પુરોહિત આરતી બી. | સર્વોદય વિદ્યાલય,કાંસા |
| | ઉચ્ચ માધ્યમિક | દેસાઈ ધ્રુવી એમ. | બી.ડી. હાઇસ્કુલ ,પાટણ |
| તૃતીય | માધ્યમિક | સૈયદ સુનેદા આર | આઈ.યુ.બી. સમી |
| | ઉચ્ચ માધ્યમિક | ચૌધરી આરતી આર. | આદર્શ વિદ્યાલય,રાધનપુર |

'આઝાદીકા અમૃત મહોત્સવ" કાર્યક્રમ અંતર્ગત કલા-ઉત્સવની તમામ સ્પર્ધાઓ પૂર્ણ થયા બાદ નિર્ણાયકો દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ. અને શિક્ષકો તથા નિર્ણાયકોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. અહી નિર્ણાયકશ્રીઓએ સ્પર્ધા માટે વિશેષ માર્ગદર્શન અને સલાહસૂચન આપ્યું હતું. અહી નિર્ણાયકથી દ્વારા સારૂ પ્રભુત્વ બતાવનાર વિદ્યાર્થીઓને એક થી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. અહી

માધ્યમિક વિભાગ તથા ઉચ્ચ માધ્યમિક વિભાગ એમ બન્ને વિભાગોમાંથી પ્રથમ નંબરે આવનાર સ્પર્ધકને ૧૦૦૦ રૂપિયા રોકડ ઇનામ, શિલ્ડ તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. દ્વિતિય નંબરે આવનારને ૮૦૦ રૂપિયા અને તૃતિય આવનારને ૫૦૦ રૂપિયા તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.








## ઇનોવેશન શેરીંગ વર્કશોપ

તારીખ 26/11/2021ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણના સાનિધ્ય ભવન ખાતે બંને વર્ગોમાં "એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ શેરીંગ વર્કશોપ" તાલીમની શરૂઆત ઓમકાર, સર્વધર્મ પ્રાર્થના અને તાલીમ ને અનુરૂપ ઇનોવેશનથી કરવામાં આવી. ત્યારબાદ ડાયટના પ્રાચાર્યશ્રી ડૉ. પિન્કીબેન આર. રાવલ દ્વારા તાલીમને અનુરૂપ ઇનોવેશનનું શિક્ષણમાં સ્થાન,વિશ્વમાં થયેલ તથા સ્થાનિક કક્ષાએ થયેલ ઇનોવેશન જે શિક્ષણમાં ઉપયોગીતાની ચર્ચા કરીને પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ ડો. પીનલબેન ડી. ગોરડીયા દ્વારાનવચાર દ્વારા થયેલ શિક્ષણમાં પરિવર્તનની ચર્ચા કરવામાં આવી. ત્યાર પછી પ્રથમ સેશનમાં તજજ્ઞ દ્વારા વર્ગ-૧માં શ્રી પટેલ મયુરભાઇ દ્વારા કોરોના કાળ દરમિયાન "એજ્યુકેશન ઓનલાઈનના સથવારે" વિષય અંતર્ગત બાળકોના ઓનલાઈન શિક્ષક, મૂલ્યાંકન, ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ અંતર્ગત કરેલ ઇનોવેશનની ચર્ચા અને સુથાર ચીરલબેન દ્વારા "પ્લાસ્ટિક પાર્ક પ્રયોગ શાળા" વિષય અંતર્ગત તેમની શાળામાં બનવેલ પર્યાવરણ પ્રયોગ શાળા, શાળા બાગ, ઇકો ક્લબ, ચિત્ર કામ અંતર્ગત કરેલ ઇનોવેશનની ચર્ચા કરવામાં આવી હતી.

| વર્ગ1- | | વર્ગ2- | |
|---|---|---|---|
| સમય | તજજ્ઞનું નામ | સમય | તજજ્ઞનું નામ |
| 11:00 થી 10:30 | રજીસ્ટ્રેશન તથા પ્રાર્થના | 11:00 થી 10:30 | રજીસ્ટ્રેશન તથા પ્રાર્થના |
| 12:00 થી 11:00 | પ્રજેશકુમાર બીપ્રજાપતિ . | 12:00 થી 11:00 | મયુરકુમાર એમપટેલ . |
| 01:00 થી 12:00 | હાજીમિયા એસસિપાઈ . | 01:00 થી 12:00 | ચીરલબેન વીસુથાર . |
| 02:00 થી 01:00 | રિશેષ | 02:00 થી 01:00 | રિશેષ |
| 03:00 થી 02:00 | મયુરકુમાર એમપટેલ . | 03:00 થી 02:00 | પ્રજેશકુમાર બીપ્રજાપતિ . |
| 04:00 થી 03:00 | ચીરલબેન વીસુથાર . | 04:00 થી 03:00 | હાજીમિયા એસસિપાઈ . |
| 05:30 થી 04:00 | અભિપ્રાય | 05:30 થી 04:00 | અભિપ્રાય |

તાલીમ વર્ગ- ૨માં તજજ્ઞ પ્રજાપતી પ્રજેશભાઈ દ્વારા તેમના તાલુકામાં કરવામાં આવેલ "સકસેસ ફૂલ સ્ટોરી ઓફ સાંતલપુર" અંતર્ગત તેમના તાલુકાના શ્રેષ્ટ શિક્ષકોની સ્ટોરીની ચર્ચા કરવામાં આવી અને શ્રી હાજીમિયાં દ્વારા" મારી શાળા ગુરુજી ઓનલાઈન" ટાઈટલ અંતર્ગત વિવિધ એપ્લીકેશન દ્વારા બાળકોના શિક્ષણ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. એમની શાળામાં તથા અન્ય શાળામાં બાળકોને શિક્ષણ અને શાળા કઇ રીતે ઉપયોગી થયા તે વિશે વિશેષ માહીતી ટેકનોલોજી દ્વારા આપવામાં આવી. તેજ પ્રમાણે બીજા સેશનમાં બંને વર્ગના તજજ્ઞો દ્વારા પોતાના વર્ગ બદલીને પોતાનું પ્રેજનટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તજજ્ઞો દ્વારા પોતાના અગાઉના વર્ષે કરેલા ઇનોવેશનની પી.પી.ટી. દ્વારા ખુબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. અને ઇનોવેશન અને ઇનોવેશન ફેરનું માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. ત્રીજા સેશનમાં શ્રી જયભાઈ દરજી અને શ્રી ધવલભાઈ પટેલ દ્વારા ઇનોવેશન

નવતર પોર્ટલ વિશે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવ્યું હતું  અને ત્યારબાદ અંતિમ સેશનમાં માહિતી તાલીમમાં ભાગ લેનાર શિક્ષકો પાસે તાલીમ અંતર્ગત અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. શિક્ષકો દ્વારા તાલીમના સુંદર અભિપ્રાય ગૂગલ ફોર્મ દ્વારા મેળવવામાં આવ્યા હતા.













# <u>ભાષા M.T. તાલીમ</u>

તાલીમના પ્રથમ દિવસે 23/09/2021ના રોજ તાલીમની શરૂઆત ઓમકાર પ્રાર્થના અને તાલીમ ને અનુરૂપ  ગીતડાથી કરવામાં આવી. ત્યારબાદ ડાયટના પ્રાચાર્યશ્રી ડૉ. પિન્કીબેન આર. રાવલ દ્વારા તાલીમને અનુરૂપ ભાષાનું શિક્ષણમાં સ્થાન, પ્રવૃત્તિ દ્વારા ભાષા શીખવવાની વિવિધ રમતો, પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરીને પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ દરમિયાન તાલીમાર્થીઓ જોડેથી ભાષા વિશેનો પ્રિટેસ્ટ અને ચર્ચા કરવામાં આવી.જુથ ચર્ચામાં શિક્ષકો ખૂબ ઉત્સાહથી જોડાયા વિષયને અનુરૂપ પ્રશ્નોત્તરી અને બાળકોનો કઈ રીતે સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તેની ચર્ચા ડો. પીનલબેનડી. ગોરડીયા દ્વારા કરવામાં આવી. ત્યાર પછી ૧:૩૦ થી ૨:00 થી રીશેષ આપવામાં આવી. તાલીમ આવેલ શિક્ષકો માટે સુંદર નાસ્તો અને ચા ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બંને વર્ગોમાં વિશ્રાંતિ બાદ તજજ્ઞ શ્રી કલ્પેશભાઈ અને પ્રજ્ઞેશભાઈ દ્વારા વિવિધ પ્રવૃતિઓ મોડ્યુલતથા એકમની સમજૂતીથી સરળ રીતે આપવામાં આવી .કલ્પેશભાઈ તથા પ્રજ્ઞેશભાઈ દ્વારા સુંદર ગીતડા દ્વારા વર્ગને થનગનતો કરવામાં આવ્યો. વિવિધ પ્રવૃત્તિઓ કરાવી જેમાં શિક્ષકોએ ઉત્સાહભેર પ્રવૃત્તિઓમાં ભાગ લીધો ધોરણ ચાર નું પુસ્તક કુહુ પાઠ્ય પુસ્તક વિશે ખૂબ સુંદર ચર્ચાઓ કરવામાં આવી. પાઠ ના એકમો સરળ બનાવવા માટે અધ્યયન નિષ્પતિઓ ની ચર્ચા કરવામાં આવી ત્યારબાદ પાઠ્યપુસ્તક ના એકમ ની ચર્ચા કરવામાં આવી.





બાળકની મૌલિકતા અને સર્જનાત્મકતા ઉપર ખૂબ સુંદર માહિતી શ્રી જયમાલાબેન અને નેહલબેન દ્વારા આપવામાં આવી ટેક્સ બુક સાધન છે સાધ્ય નથી તે બાબતે ખૂબ સુંદર સમજ આપવામાં આવ્યું તથા કલ્પેશભાઈ અને સંદીપભાઈ દ્વારા બાળકોમાં શબ્દ ભંડોળ કઈ રીતે વધારવું તે માટે શબ્દપોટલી ની પ્રવૃત્તિ દ્વારા સુંદર સમજ આપવામાં આવી.આમ વિવિધ મોડ્યુલની સુંદર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું સાથે-સાથે તાલીમાર્થી શિક્ષકશ્રીઓ એ ખૂબ સહજ રીતે ચર્ચા અને હકારાત્મક જવાબો આપ્યા આ ઉપરાંત કલ્પેશભાઈ તથા પ્રજ્ઞેશભાઈ દ્વારા અધ્યયન નિષ્પતિઓ તથા મુખ્ય આઠ ક્ષેત્રોની સુંદર સમજ આપી.

## જિલ્લાની ભાષા M.T. તાલીમ

તાલીમના પ્રથમ દિવસે 27/09/2021ના રોજ તાલીમની શરૂઆત ઓમકાર પ્રાર્થના અને તાલીમને અનુરૂપ ગીતડાથી કરવામાં આવી. આ તાલીમવર્ગોમાં ડાયટના પ્રાચાર્યશ્રી ડૉ. પિન્કીબેન આર. રાવલ અને ડાયટના તમામ લાયાઝનશ્રી દ્વારા મુલાકાતલઈને તાલીમને અનુરૂપ ભાષાનું શિક્ષણમાં સ્થાન, પ્રવૃત્તિ દ્વારા ભાષા શીખવવાની વિવિધ રમતો, પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરીને પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ દરમિયાન તાલીમાર્થીઓ જોડેથી ભાષા વિશેનો પ્રિટેસ્ટ અને ચર્ચા કરવામાં આવી.જુથ ચર્ચામાં શિક્ષકો ખૂબ ઉત્સાહથી જોડાયા વિષયને અનુરૂપ પ્રશ્નોત્તરી અને બાળકોનો કઈ રીતે સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તેની ચર્ચા તજજ્ઞ દ્વારા કરવામાં આવી. બાયસેગ પ્રસારણ દ્વારા તાલીમ ને અનુરૂપ સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યાર પછી૧:૩૦ થી ૨:00 થી રીશેષ આપવામાં આવી. તાલીમ આવેલ શિક્ષકો માટે સુંદર નાસ્તો અને ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બંને વર્ગોમાં વિશ્રાંતિ બાદ તજજ્ઞશ્રી દ્વારા વિવિધ પ્રવૃતિઓ મોડ્યુલ તથા એકમની સમજૂતીથી સરળ રીતે આપવામાં આવી. તજજ્ઞશ્રી દ્વારા સુંદર ગીતડા દ્વારા વર્ગને થનગનતો કરવામાં આવ્યો. વિવિધ પ્રવૃત્તિઓ કરાવી જેમાં શિક્ષકોએ ઉત્સાહભેર પ્રવૃત્તિઓમાં ભાગ લીધો ધોરણ ત્રણ અને ચારનું પુસ્તક કલશોર અને કુહુ પાઠ્ય પુસ્તક વિશે ખૂબ સુંદર ચર્ચાઓ કરવામાં આવી. પાઠ ના એકમો સરળ બનાવવા માટે અધ્યયન નિષ્પતિઓ ની ચર્ચા કરવામાં આવી ત્યારબાદ પાઠ્યપુસ્તક ના એકમ ની ચર્ચા કરવામાં આવી.

બાળકનીમૌલિકતા અને સર્જનાત્મકતા ઉપર ખૂબ સુંદર માહિતી તજજ્ઞશ્રી દ્વારા આપવામાં આવી ટેક્સ બુક સાધન છે સાધ્ય નથી તે બાબતે ખૂબ સુંદર સમજ આપવામાં આવ્યું તથા તજજ્ઞશ્રી દ્વારા બાળકોમાં શબ્દ ભંડોળ કઈ રીતે વધારવું તે માટે શબ્દપોટલી ની પ્રવૃત્તિ દ્વારા સુંદર સમજ આપવામાં આવી.આમ વિવિધ મોડ્યુલની સુંદર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું સાથે-સાથે તાલીમાર્થી શિક્ષકશ્રીઓ એ ખૂબ સહજ રીતે ચર્ચા અને હકારાત્મક જવાબો આપ્યા આ ઉપરાંત તજજ્ઞશ્રી દ્વારા અધ્યયન નિષ્પતિઓ તથા મુખ્ય આઠ ક્ષેત્રોની સુંદર સમજ આપી.

૪:૩૦ થી ૫:૩૦ એમ 60 મિનિટ માટે દિવસ દરમિયાન થયેલ કામ અંગેની પ્રશ્નોત્તરી કરવામાં આવી તજજ્ઞશ્રીદ્વારા સુંદર પ્રશ્નોત્તરી કરવામાં આવી અને તાલીમાર્થી શિક્ષકશ્રીઓ એ દિવસ દરમિયાન મેળવેલ ભાષા શિક્ષણનું જ્ઞાનની રૂપરેખાનું વર્ણન કરવામાં આવ્યું. આમ તાલીમનો પહેલો દિવસ ખૂબ સુંદર વાતાવરણમાં પૂર્ણ કરવામાં આવ્યો.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ દ્વારા તારીખ૨૭/૦૯/૨૦૨૧ થી તારીખ ૨૮/૦૯/૨૦૨૧ એમ બે દિવસની ધોરણ ત્રણ અને ચારની ગુજરાતી નવીન પાઠ્ય પુસ્તકની તાલીમનો બીજો દિવસ તાલીમની શરૂઆત સુંદર વાતાવરણમાં કરવામાં આવી. જેમાં ઓમકાર, પ્રાર્થના બાળગીત અને ચિંતન

દ્વારા તાલીમની શરૂઆત કરવામાં આવી. તજજ્ઞશ્રી દ્વારા વર્ગ વ્યવસ્થા વિશે વાત કરી. તેમ જ દિવસ દરમિયાન કરવાની થતી પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કરવામાં આવ્યા છે.આ ઉપરાંત ટીએ.ડીએ  ના ફોર્મ કેવી રીતે ભરવા તેની માહિતી પણ તજજ્ઞશ્રી દ્વારા આપવામાં આવી આ ઉપરાંત આગળના દિવસની થયેલ પ્રવૃત્તિની સમીક્ષા કરવામાં આવી. બાયસેગ પ્રસારણ દ્વારા તાલીમને અનુરૂપ સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું.

તજજ્ઞશ્રી દ્વારા અપાતા શિક્ષણની તાલીમ વિશે સચોટ માહિતી આપવામાં આવી અને લીધેલ તાલીમ તાલુકા કક્ષાએ કેવી રીતે આપવી અને વર્ગ વ્યવસ્થા કેવી રીતે કરવી તે બાબતે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત નવીન પાઠ્ય પુસ્તક કેવું છે કેટલી અધ્યયન નિષ્પતિઓ છે અને અધ્યયન નિષ્પતિઓ બાળકોની અધ્યયન કેવી રીતે ઉપયોગમાં શિક્ષક તરીકે લઈ શકીએ તેની ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમના બીજા દિવસે ગુજરાતી વિષય અનુરૂપ સર્જનાત્મક પ્રવૃત્તિઓ તજજ્ઞ દ્વારા પ્રવૃતિઓ કરવામાં આવી છે.વર્ગખંડમાં મુખરવાંચન કેવી રીતે કરાવવું  અને તેનાથી બાળકોમાંથી તેની કેવી અસરો જોવા મળે તથા તેની ચર્ચા અને માર્ગદર્શન દ્વારા આપવામાં આવ્યું. આ ઉપરાંત શ્રવણ,વાંચન,કથન પદ્ધતિની માહિતી તજજ્ઞશ્રી દ્વારા આપવામાં આવી.









# યોગ શિક્ષણ તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા આયોજિત યોગ શિક્ષણ અને દેશી રમતોની તાલીમ તા. ૧૬/૧૨/૨૦૨૧ થી તા.૧૮/૧૨/૨૦૨૧ સુધી સાગોડિયા પ્રાથમિક શાળા ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં તાલુકાના પ્રાથમિક શાળાઓ તેમજ માદયમિક શાળાઓ કુલ ૩૪ શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ત્રણ તજજ્ઞો દ્વારા ત્રણ દિવસ તાલીમ આપવામાં આવી

તાલીમના પ્રથમ દિવસે સૌ પ્રથમ સવારે સમૂહ પાર્થના કરવામાં આવી ત્યારબાદ તજજ્ઞ શ્રી વિરમજી ઠાકોર દ્વારા શરીરની સૂક્ષ્મ ક્રિયાઓ  જેવી કે ગરદન, કમર અને ઘૂંટણ સુક્ષ્મ ક્રિયાઓ કરવામાં આવી. અને ત્યારબાદ પ્રાણાયામ, કપાલભાતી વગેરે યોગીક ક્રિયાઓ કરવવામાં આવી તજજ્ઞ શ્રી વદનજી ઠાકોર દ્વારા પાઠય પુસ્તકોના આસનો વિષે સમજ આપવામાં આવી અને આસનોના ફાયદા અને નુકશાન વિષે સમજ આપી આસનો કરવામાં આવ્યા.

વિશ્રાંતિ બાદ ત્યારબાદ તજજ્ઞ શ્રીમતી લતાબેન પટેલ દ્વારા વિધાર્થીઓમાં યોગની સમજ કેળવાય તે પહેલા આરોગ્ય ની સમજ જરૂરી છે તે બાબતે આરોગ્ય તેમજ ખાન પાન બાબતે યોગીક ક્રિયા કરનાર સાધકે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની પૂરતી સમજ આપવામાં આવી.  અને છેલ્લે તજજ્ઞ શ્રી વિરમજી ઠાકોર દ્વારા દેશી રમતો ની સમજ આપવામાં આવી અને પછી તજજ્ઞો દ્વારા સમૂહમાં દેશી રમતો તાલીમાર્થીઓને રમાડવામાં આવી.






તાલીમના બીજા દિવસે સૌ પ્રથમ સવારે સમૂહ પાર્થના કરવામાં આવી ત્યારબાદ તજજ્ઞ શ્રી વિરમજી ઠાકોર દ્વારા શરીરની સૂક્ષ્મ ક્રિયાઓ  જેવી કે ગરદન, કમર અને ઘૂંટણ સુક્ષ્મ ક્રિયાઓ કરવામાં આવી.  અને ત્યારબાદ  પ્રાણાયામ, કપાલભાતી વગેરે યોગીક ક્રિયાઓ કરવવામાં આવી

તાલીમ બીજા દિવસે અતિથિ વિશેષ તરીકે પધારેલ શ્રી દીપકભાઈ જોશી દ્વારા યોગીક ક્રિયાઓ વિશે સમજ આપીને નવીન બાબતો ની સમજ આપી સાથે સાથે યોગ ના આસનો સંગીતની રિધમ સાથે શીખવવામાં આવ્યા જેમાં તાલીમાર્થી ઓને ખૂબ મજા આવી અને કઈંક નવું જાણવાની ખુશી તાલીમાર્થીઓના ચહેરા પર દેખાવા લાગી હતી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ માંથી તાલીમ મોનિટરિંગ માટે પધારેલ ઝંખનાબેન ભટ્ટી દ્વારા તાલીમાર્થી ઓને પ્રશ્નોતરી કરી ને અષ્ટાંગ યોગ વિષે ચર્ચા કરીને યોગ તાલીમ વિષે તાલીમાર્થીઓના અભિપ્રાય જાણ્યા. અને ત્યારબાદ તજજ્ઞ શ્રીમતી લતાબેન પટેલ દ્વારા દેશી રમતોની સમજ આપવામાં આવી અને પછી તજજ્ઞો દ્વારા સમૂહમાં દેશી રમતો તાલીમાર્થીઓને રમાડવામાં આવી.





## લોકભારતી સણોસરા ખાતે આયોજિત "હું શિક્ષક" શિબિર

તારીખ ૧૫/૦૯/૨૦૨૧ સવારે 6:00 જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાટણ ખાતેથી પ્રથમ વર્ષ બી.એડના તાલીમાર્થીઓને લોકભારતી વિદ્યાપીઠ, સણોસરા ખાતે જવા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું બપોરે ૧૨ કલાકે બાવળા ખાતે આવેલ જૈન ભોજનાલમાં ભોજન લીધા પછી સાંજે 6:00 સણોસરા પહોંચી બધાં તાલીમાર્થીઓની નોધણી કરાવી બધાને હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા લોકભારતી વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવી હતી. તેમજ ભોજન બાદ ત્રણ દિવસનું કાર્યક્રમની રૂપપરેખા આપવામાં આવી હતી

તારીખ ૧૬/૦૯/૨૦૨૧ના રોજ પ્રથમ દિવસમાં તાલીમાર્થીઓનેસ્વયં દૈનિક ક્રિયા બાદ લોકભારતી સણોસરાના કેમ્પસમાં અલગ-અલગ એક્ટિવિટી કરાવવામાં આવી હતી અને અન્ય બે કોલેજો ગ્રામ્ય ડાયટઅમદાવાદ અને પાલનપુર ડાયટ તાલીમાર્થીઓને એકબીજાથી પરિચિત કરાવ્યા હતા અલગ-અલગ ગ્રુપો બનાવીને શિક્ષક વિદ્યાર્થીઓને કેવી રીતના શીખવી શકે છે તે શીખવવામાં આવ્યું હતું. અને સાંજે ટૂંકી ફિલ્મો બતાવવામાં આવી હતી અને તેનો રિવ્યૂ લેવામાં આવ્યો હતો.

તારીખ ૧૭/૦૯/૨૦૨૧ આ દિવસે તાલીમાર્થીઓને અને સવારે પ્રાર્થના કાર્યક્રમ, સફાઈ કાર્યક્રમ અને અલગ-અલગ એક્ટિવિટી કરાવવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીઓને અલગ-અલગ ગ્રુપમાં વેચીને તેમને અલગ અલગ એક્ટિવિટી સોંપવામાં આવી હતી. જેમાં ICT, પેઢીનામું, લોકનૃત્ય, જેવા અલગ-અલગ નાટકો ભજવવા માટે કહેવામાં આવ્યું હતું અને સાંજે તેની પ્રસ્તુતી કરવામાં આવી હતી.










# એક દિવસીય સીમા દર્શન કાર્યક્રમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ (ડાયટ) દ્વારા એક દિવસીય સીમા દર્શન(INDO-PAK BORDER) નડાબેટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ભારત-પાકિસ્તાનની સીમા દર્શનથી તાલીમાર્થીઓ ભારતના ભૌગોલિક સ્વરૂપનું જ્ઞાન મેળવે તથા સીમા સુરક્ષાનુ સાચું જ્ઞાન મેળવે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે છ વાગે પાટણ ખાતેથીનડાબેટ જવા માટેપ્રથમ વર્ષ સેમ-2ના તાલીમાર્થીઓ) રવાના થયા હતા. શિક્ષણનો પ્રથમ લક્ષ તાલીમાર્થીઓમાં મૂલ્ય શિક્ષણનું ઘડતર અને આત્મનિર્ભર બને એ માટે આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. દિયોદર ખાતે સવારના ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું અને દરેક તાલીમાર્થીઓએ પોતાની સાથે નાસ્તાનો ડબ્બો લઈને આવ્યા હતા અને તે સમયે સાચા મૂલ્ય શિક્ષણ પરિણામ જોવા મળ્યુ કે દરેક તાલીમાર્થીઓએ એકબીજા સાથે પોતાના નાસ્તાનો ડબ્બો એકબિજા સાથે વેચી નાસ્તો કર્યો હતો કેટલાક તાલીમાર્થીઓ પોતાનો આખો ડબ્બો જ બીજા મિત્રોને આપી દીધો હતો એ નિખાલસતા અને નિસ્વાર્થ ભાવનાઓ સ્પષ્ટ દેખાતી હતી. ઝીરો પોઇન્ટ(INDO-PAK BORDER) જતા પહેલા નડાબેટ ખાતે આવેલચેકપોસ્ટ પર નોંધણી કરાવી આગળ વધ્યા હતા.

ભારત ભૂપૃષ્ઠની દ્રષ્ટીએ વિવિધતા વાળો દેશ છે પાટણમાં હરિયાળી હતી જ્યારે બનાસકાંઠા નડાબેટ ખાતે પહોંચ્યા ત્યાં માત્ર સુકુ રણ જ હતું તથા બોર્ડર નજીક સફેદ રણ જેવા દ્રશ્યો અચંબિત કરી દે તેવા હતા આ સમગ્ર નજારો નિહાળતા દશ વાગે ભારત પાકિસ્તાન બોર્ડર (ઝીરો પોઈન્ટ) પર પહોંચ્યા હતા સર્વપ્રથમ નજારો તમામ તાલીમાર્થીઓએ બોર્ડર પર બનેલા વાયરની દિવાલ જોઈ ત્યારબાદ BSF જવાનોએ દ્વારા બોડરની સમગ્ર માહિતી પ્રદાન કરવામાં આવી હતી તેમજ પ્રશ્નોત્તરી દ્વારા તાલીમાર્થીઓ અને અન્ય શાળાના બાળકોના પ્રશ્નોના જવાબો આપ્યા હતા સીમા દર્શન દરેક તાલીમાર્થીઓએ મન ભરીને નિહાળી હતી.

તાલીમાર્થીઓ દ્વારા સેનાના જવાનોને રક્ષાસૂત્ર બાંધી તેમના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી અને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.સફેદ રણ નો નજારો ખુબ જ અનોખો હતો સફેદ રણની જાણકારી મેળવી અને તેની પ્રત્યક્ષ અનુભૂતિ કરી હતી બપોર પછી નડેશ્વરી માતાજીના મંદિર મુલાકાત કરી ત્યાં આવેલ ભોજનશાળામાં ભોજન આરોગ્યું હતું અને સાંજના સમયે નડાબેટ ખાતે બનેલ નવા મ્યુઝિયમની મુલાકાત લીધી હતી મ્યુઝિયમમાં ભારત પાકિસ્તાન ઐતિહાસિક યુદ્ધની માહિતી દર્શાવતી 3D ફિલ્મ, બીએસએફના જાબાજ જવાનોની સ્મૃતિઓ, યુદ્ધ હથિયારની માહિતીઓ, વાદ્ય યંત્ર, સેનાના જવાનોની ઊટ સવારી કૃતિ, નડાબેટ રણમાં વસવાટ કરતા ગ્રામજનોની કૃતિઓ, જવાનોની હોદ્દાઓની માહીતી, ગેમ ઝોન, તથા ફૂડ ઝોન પાર્ક હતા. સુંદર પથ્થરોથી સમગ્ર દિવાલ પર કલાકૃતિઓ બનાવેલ હતી સેનાની અદભૂત પૂર્વક માહિતીઓ મ્યુઝિયમમાં દ્રશ્યમાન હતી. ખુબ જ આધુનિક ટેકનોલોજી સાથે મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવેલું હતું તમામ તાલીમાર્થીઓને આ મ્યુઝિયમમાં શૈક્ષણિક ઉપયોગી માહિતીઓ મળી હતી. સાંજે પાંચ વાગ્યે નડાબેટથી પરત રવાના થયા આ સગ્રહ મુસાફરી દરમિયાનનાં સમયમાં તાલીમાર્થીઓએ મન મૂકીને મજા માણી હતી કેટલાક તાલીમાર્થીઓ સારી રીતે નાચતા હતા

તો કેટલાક સારી રીતે ગીતો ગાઈ એકબીજાનું મનોરંજન કરતા કરતા સાંજે 7:30 વાગે પાટણ ખાતે પરત પહોંચ્યા હતા સમગ્ર સીમા દર્શન યાત્રા ખૂબ જ યાદગાર રહી હતી.





# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

## ઐતિહાસિક વિરાસતની મુલાકાત

ભારત દેશ આઝાદી 75મા વર્ષને “આઝાદી કા અમૃત મહોત્સવ” તરીકે ઉજવણી કરી રહ્યો છે તે અંતર્ગત ઐતિહાસિક વિરાસતની મુલાકાતમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ બી.એડ. સેમ-૨ અને સેમ – ૪ ના  તાલીમાર્થીઓ દ્વારા તારીખ ૧૭/૦૨/૨૦૨૨ ના રોજ પાટણ જિલ્લાની ઐતિહાસિક ધરોહર રાણીની વાવ, સહસ્ત્રલિંગ તળાવ, પટોળા હાઉસ તથાપાટણ મ્યુઝિયમની એક દિવસીય મુલાકાત લેવામાં આવી હતી.  સવારે 11 વાગ્યે રાણકી વાવ પહોચી બી.એડ. ના તાલીમાર્થીઓ દ્વારા ભવાઈના વેશભૂશામાંવાવની ઐતિહાસિક, સાંસ્કૃતિક તેમજ કલાત્મક વારસાની માહિતી તર્પણ કરી હતી. તેમજ ડૉ.ભારતીબેન, ડૉ.નેહલબેન દવે અને ડૉ.મહેશભાઈ દ્વારા રાણીની વાવના ઇતિહાસ તેમજ વાવની ખાસિયતોથી તાલીમાર્થીઓને માહિતગાર કરાયા હતા. ત્યાર પછી પૌરાણિક સહસ્ત્રલિંગ  તળાવ જઈ ત્યાં તાલીમાર્થીઓ દ્વારા નાટ્યાત્મક રીતે તળાવની રસપ્રદ માહિતી રજુ કરાઈ હતી તેમજ ભારતીય . પછી પાટણ મ્યુઝીયમમાં પાટણ જિલ્લાની આસપાસ આવેલ ઐતિહાસિક સ્થળ રુદ્ર મહાલય સિદ્ધપુર, તાનારીરી ઇતિહાસ વડનગર, સુર્ય મંદિર, મોઢેરા, બહુચરાજી મંદિર, બેચરાજી જેવા સ્થળોની માહિતી મેળવ્યા બાદ વિશ્વ પ્રસિદ્ધ પાટણની શાન એવા પટોળા હાઉસની મુલાકાત લીધી જેમાં સાવનભાઈએ પટોળાની ભાતો, પટોળા બનાવવની રિતો, પટોળાનીસીયતો અને કાગળ કોતરણી વિશે નરેન્દ્રભાઈએ જીણવટભરી રસપ્રદ જાણકારી આપી હતી.




## ગાંધી આશ્રમ (ઝિલિઆ)ની મુલાકાત

સમગ્ર ભારત દેશ આ વર્ષ(સને. 2021/22)ને "આઝાદી કા અમૃત મહોત્સવ" તરીકે ઉજવણી કરી રહ્યો છે તેના ઉપલક્ષમાં જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણના તાલીમાર્થીઓ દ્વારા એક દિવસીય ગાંધી આશ્રમ (ઝિલિઆ)ની મુલાકાત લેવામાં આવી હતી

પાટણ જીલ્લા શૈક્ષણિક ધરોહર ગણાતા એવા ગાંધી વિચારોને વરેલાશ્રી માલજીભાઈ દેસાઈ, શ્રી બાબુભાઈ શાહ, શ્રી મનુભાઈ પંચોલી, શ્રી રામલાલ પરીખ જેવા માનવતાવાદી વિચારકોએ ગાંધી આશ્રમ, (ઝીલિયા) સંસ્થાની સ્થાપના કરી છે અને ગ્રામીણ વિકાસ માટે ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી છે જેમ કે બાલવાડીઓ, આંગણવાડીઓ , પ્રાથમિક શાળાઓ, આશ્રમશાળાઓ , [રહેણાંક શાળાઓ], ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલય, ગ્રામ વિદ્યાપીઠ [બાબુવિદ્યાલય શાહ]. , પુખ્ત શિક્ષણ અભિયાન, ટીબી જાગૃતિ અભિયાન, સુલભ સૌચાલય પ્રોજેક્ટ, સિંચાઈ પ્રોજેક્ટ, સબમર્સિબલ પંપ

પ્રોજેક્ટ, પશુ શિબિરો, પ્રાણીઓ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અંબર કેન્દ્રો, ખાદી ભંડારો ,સર્વોદય યોજના, સહકારી આંદોલન, સ્ટાફ કલ્યાણ અને વિદ્યાર્થી સહાય કેન્દ્રો, વગેરે કાર્ય થાય છે.

સૌ પ્રથમ ત્યાં સુંદર પ્રાથનામાં હાજરી અપી અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ વિજેતા આદરણી માલજીભાઈ દેસાઈ (દાદા)નું ડાયટ કોલેજના પ્રાચાર્યા ડૉ પિન્કીબેન રાવલ તથા ડૉ ભારતીબેન પટેલ દ્વારા સાલ, પુષ્પગુંજ તેમજ સન્માનપત્ર આપી ને સન્માન કરાયું હતું. ત્યાર બાદ દાદાએ પોતાના સંઘર્ષ તેમજ આઝાદી સમયના બાપુજી સાથેના સંસ્મરણો યાદ કર્યા હતા. અને તાલીમાર્થીઓ સાથે મધુર સંવાદ કર્યો હતો સાથે આશ્રમમા આવેલ ગૌશાળા તેમજ હોસ્ટેલ, શાળાની મુલાકાત લીધી હતી.







# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ

તારીખ :- 21/12/2021 થી 23/12/2021 દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે એજ્યુકેશન ઇનોવેશન ફેર – 2021 અંતર્ગત કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતો.

ઇનોવેશન ફેર માટે જિલ્લા કક્ષએથી ગૂગલ લીંક બનાવીને તમમા તાલુકા બી.આર.સી.કૉ – ઓર્ડીનેટર દ્વારા તેમના તાલુકાના ઇનોવેટીવ શિક્ષકો સુધી મોકલીને તેમના ઇનોવેશન ઓનલાઇન મંગાવવામાં આવ્યા હતા. જેમાં જિલ્લામાંથી 72 શિક્ષકો દ્વારા પોતાના ઇનોવેશન ઓનલાઈન કરવામાં આવ્યા હતા.

તારીખ :- 21/12/2021ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણના સાનિધ્ય ભવનમાં જિલ્લા ઇનોવેશન પસંદગી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ 60 શિક્ષકો દ્વારા પોતાના ઇનોવેશનનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા નિર્ણાયક કમિટી દ્વારા 45 ઇનોવેશન પસંગકરવામાં આવ્યા હતા. જેમાં 1 ડાયટ કક્ષાએથી, 4 માધ્યમિક કક્ષાએથી અને 40 પ્રાથમિક કક્ષાએથી પસંદ કરવામાં આવ્યા હતા.

તારીખ :- 22 અને 23/12/ 2021ના રોજ બે દિવસીય ઇનોવેશન રાઈટપ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પસંદ થયેલ 45 શિક્ષકોને પોતાનું ઇનોવેશન કઈ રીતે લખવું. નવતર પોર્ટલ પર ઓનલાઈન કરવું વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. અને ઇનોવેટીવ શિક્ષકો દ્વારા પોતાના ઇનોવેશનનું લેખન કરવામાંઆવ્યું. અને જિલ્લા તજજ્ઞો દ્વારા તેમના રાઈટપ ઇનોવેશન ચેક કરવામાં આવ્યા હતા અને તેમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શિક્ષકો દ્વારા તૈયાર ઇનોવેશની ડીઝીટલ બૂક પણ બનાવવામાં આવી હતી. અને તમામા ઇનોવેટીવ શિક્ષકો અને જીલ્લાની તમામ શાળાના શિક્ષકો સુધી પહોંચાડવામાં આવેલ હતી.

જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત નાયરા એનર્જી, આઇ ટુ વી ફાઉન્ડેશન જિલ્લા શિક્ષણાધિકારી તથાજિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પાટણના સહયોગથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજિત 7 એજ્યુકેશનલ ઇનોવેશનલ ફેસ્ટિવલ તા. 29 અને 30 ડીસેમ્બર, 2021 દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતેયોજવામાં આવેલ.

તા. 29 અને 30 ડીસેમ્બર, 2021ના રોજ ઈનોવેશન ફેરને સફળ બનાવવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં સંકલન બેઠક કરવામાં આવી. જેમાં ડાયટના પ્રાચાર્યશ્રી, DIC કો.ઓર્ડિનેટરશ્રી ઇનોવેશન ફેર, અધ્યાપકશ્રીઓ, બી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી, સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી, શિક્ષકો સાથે ચર્ચા વિચારણા કરીને વિવિધ કમિટી બનાવી કાયર્યક્રમને સફળ બનાવવા કાર્યક્રમની ફાળવણી કરવામાં આવી.

તા. 29 જાન્યુઆરીના રોજ અજ્યુકેશન ઈનોવેશન ફેર શિક્ષકો અને બાળકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. જેમાં અશોકભાઈ ચૌધરી (રીડરશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર), માન. શ્રી જયરામભાઇ જોષી (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણ), માન. શ્રી બીપીનભાઈ પટેલ (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાટણ), માન. ડૉ. પિન્કીબેન રાવલ (પ્રાચાર્ય, ડાયટ,, પાટણ) ડૉ. સુરેશભાઈ પટેલ (કચેરી અધિક્ષક ડાયટ, પાટણ), ડૉ. પીનલબેન ગોરડિયા (DIC કો.ઓર્ડિનેટરશ્રી ઇનોવેશન ફેર) ઉપસ્થિત રહ્યા. જે

દરમિયાન મહાનુભાવોના હસ્તે ડૉ દશરથ ઓઝા દ્વારા સંકલિત "પાટણની કેળવણીનો ઈતિહાસ" પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું.

આ ફેરમાં 45 ઈનોવેટીવ ટીચર્સ સહભાગી બન્યા. ઈનોવેશન ફેરના પ્રથમ દિવસે જિલ્લાના પાટણ, સરસ્વતી, સિદ્ધપુર,ચાણસ્મા, હારીજના શિક્ષકો અને બીજા દિવસે શંખેશ્વર, સમી, રાધનપુર, સાંતલપુરના શાળા દીઠ એક એક શિક્ષક એમ સમગ્ર પાટણ જિલ્લાની પ્રાથમિક શાળામાંથી સારસ્વતો આ ફેરને નિહાળવા ઉત્સાહભેર આવ્યા હતા. જેને લઈ સમગ્ર ઈનોવેશન ફેર શિક્ષણ જગતને એક નવી દિશા તરફ લઇ જવાનું સીમા ચિહ્ન બની રહ્યું હતું.

બીજા દિવસે શંખેશ્વર, સમી, રાધનપુર, સાંતલપુર તાલુકાના શિક્ષકોનું રજીસ્ટ્રેશન તથા નજીકની શાળાઓના બાળકોને મુલાકાત કરી હતી. આ તમામ દિવસો દરમિયાન બે દિવસો દરમિયાન આખા જિલ્લાના એક હજારથી વધારે શિક્ષકોએ મુલાકાત લીધી હતો એજ્યુકેશનલ ઇનોવેશનલ ફેસ્ટિવલના અંતિમ ચરણમાં જિલ્લાના વડા જિલ્લા સમાહર્તા માન. શ્રી સુપ્રીતસિંઘ ગુલાટી (આઈ.એ.એસ.) દ્વારા જિલ્લા ઇનોવેશન ફેરની મુલાકાત લેવામાં આવી હતી.

શૈક્ષણીક ઇનોવેશન ફેરના બીજા દિવસે 30 ડીસેમ્બર,2021ના રોજ 4-00 કલાકે સમાપન કાર્યની શરૂઆત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણના  સભામંડપમાં કરવામાં આવી. તેમાં પાટણ જિલ્લાના વડા જિલ્લા સમાહર્તા માન. શ્રી સુપ્રીતસિંઘ ગુલાટી (આઈ.એ.એસ.)ની વિશેષ હાજરીથી બે દિવસનો આખો એજ્યુકેશન ઇનોવેશન ઝળહળી ઉઠ્યો. અને તેમના દ્વારા કેટલાક સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી.. તેમને પોતાનો શુભેચ્છા સંદેશ રજુ કરતા શિક્ષકોનાઇનોવેશનની પ્રવૃત્તિ અને કઈક નવું આપવાની વિભાવનાને બિરદાવી હતી. તેમણે શિક્ષકોના આઇનોવેશન તેમના પૂરતા સીમિત નહિ રહેતા છેવાડાના વિસ્તાર સુધી શાળાઓ અને બાળકો સુધી તેનોલાભ વિસ્તરે અને પહોંચે તેવોનિર્દેશ કરી કન્યા શિક્ષણનો વ્યાપઅને સ્થાયીકરણ વધે અને કન્યાડ્રોપ આઉટ રેશિયો ઘટે તેમાંઇનોવેશનની ભૂમિકા મહત્વનીબની રહે તેવો નિર્દેશ કર્યો હતો. કલેકટરશ્રીના હસ્તે ભાગલેનાર પાંચ ઇનોવેટીવ શિક્ષકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ ડાયટના તમામ સ્ટાફમિત્રોના હસ્તે ઇનોવેશનમાં ભાગ લેનાર તમામા ઇનોવેટીવ શિક્ષકોનુ પ્રમાણપત્ર અને શિલ્ડ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. પછી ડૉ પીનલબેન ગોરડિયા દ્વારા તમામ ઇન્વેસ્ટર્સનો, શિક્ષકોનો, આચાર્યશ્રીનો, ડાયટના સ્ટાફ તથા તાલીમાર્થીઓનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

આ સંપૂર્ણ ઇનોવેશન ફેરની સ્ટોલ પ્રમાણેની વિડીયોગ્રાફી કરવામાં આવી હતી. ઇનોવેશન ફેર માટેની ડીઝીટલ બૂક બનાવવામાં આવી હતી. અને ઇનોવેશન ફેરના આગામી સમયના પ્રચાર પ્રસાર માટે એક ડોકયુમેન્ટરી બનાવવામાં આવી હતી અને તેની લીંક જિલ્લાની તમામ શાળાઓ સુધી પહોચાડવામાં આવી હતી.

# પરિણામ

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | વિભાગ | તાલુકો | કૃતિનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ભાટિયા રૂપેશભાઈ ડી. | શ્રી અભિનવ હાઈસ્કૂલ | માધ્યમિક | સિધ્ધપુર | ગણિતમાં વૈદિક ગણિત દ્વારા ઝડપી ગણતરી |
| ૨ | મહારાજા રાજગોપાલ યુ. | શ્રી એસ.પી. ઠાકોર સર્વોદય વિદ્યાલય, કાંસા | માધ્યમિક | સરસ્વતી | ભાર વિનાનું ભણતર |
| ૩ | પ્રજાપતિ મીનાક્ષીબેન એ. | અનવરપુરા પ્રાથમિક શાળા | પ્રાથમિક | સમી | એજ્યુકેશનલ ગેમ ઝોન |
| ૪ | પટેલ નિરમાબેન જે. | દેથળી પ્રાથમિક શાળા | પ્રાથમિક | સિધ્ધપુર | ચાલો ઓળંગીએ □□□ બ્રીજ |
| ૫ | પટેલ ભારતીબેન પી. | વડલી પ્રાથમિક શાળા | પ્રાથમિક | પાટણ | પ્રકૃતિમાં ગણિત |










# જિલ્લા કક્ષાનો બાળમેળા અને લાઈફસ્કિલ મેળા

બાળમેળાનો દિવસ એટલે બાળકોનો આનંદ-ઉત્સાહનો અનેરો દિવસ. આ દિવસે બાળકોને પોતાની મનગમતી પ્રવૃત્તિ સાથે જ્ઞાન મેળવવાનો દિવસ. આ દિવસે બાળકો પોતાની કુશળતા અનોખી અને આગવી રીતે પ્રસ્તુત કરી શકે છે. બાળમેળો એટલે કે એવો મેળો કે જેમાં બાળકો પોતાની માનસિક, શારીરિક અને સાંવેગિક ક્ષમતાઓને ખીલવે છે. રોજિંદા જીવનમાં કૌશલ્યનો ઉપયોગ કરતા શીખે છે.

પાટણ જીલ્લામાં જીવન કૌશલ્ય આધારિત ધોરણ ૬ થી ૮ નો બાળમેળો તારીખ- 5-01-2022ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર જિલ્લાની તમામ શાળાઓના શિક્ષકો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જીવન કૌશલ્યો આધરિત બાળમેળાની ફલશ્રુતિ રૂપે બાળકો પોતાની રોજિંદી પ્રવૃત્તિઓને અટક્યા કે મુંઝાયા વગર સારી રીતે કરી શકે છે.આમ બાળમેળાના આયોજન દ્વારા એક નવું જ વાતાવરણ ઉભું થાય છે.અનેક બાળકો પૂર્ણ પણે ખીલે છે.આ રીતે પ્રવૃત્તિ દ્વારા મેળવેલ જ્ઞાન “”ન હિ જ્ઞાનેન સદ્રશ્યામ પવિત્ર ઈહ વિદ્યતે “‘‘ સૂત્ર ને ચરિતાર્થ કરે છે.

ગુજરાત રાજ્યની તમામ સરકારી પ્રા. શાળાઓમાં જી.સી.ઇ.આ.ર.ટી. ગાંધીનગર દ્વારા પ્રત્યેક જિલ્લામાં બાળમેળો સંભાળતા ડાયેટના પ્રધ્યાપક અને પસંદિત શિક્ષકશ્રીને કાર્યશાળામાં આમંત્રિત કરી ચર્ચા-વિચારણા કરી એકશન પ્લાન આપવામાં આવ્યો.

જિલ્લાકક્ષાએ ડાયટની સંકલન સમિતિ અંતર્ગત ચર્ચા-વિચારણા કરી શિક્ષણાધિકારીના સાનિધ્યમાં તમામ સી.આર.સી.,બી.આર.સી અને કેળવણી નિરીક્ષકશ્રીઓને બાળમેળાની પ્રવૃત્તિઓનો પરિપત્ર આપવામાં આવ્યો.

સી.આર.સીશ્રીએ આચાર્યોની બેઠક બોલાવી બાળમેળા અંતર્ગત કરવાની પ્રવૃત્તિઓ, ખર્ચ, આયોજનની રીત અને તારીખ જણાવી. 16/2/2016ના રોજ બાળમેળો કરવામાં આવ્યો.


આચાર્યશ્રીએ શાળાના શિક્ષકો અને બાળકોને પરિપત્ર વંચાવ્યો. ધો-૧ થી ૮ માં બે વિભાગમાં બાળમેળો ઉજવવામાં આવ્યો. ખર્ચની રકમની મર્યાદામાં સામગ્રી લાવવામાં આવી. વિભાગવાર સુંદર પ્રવૃત્તિઓ કરવામાં આવી. તેનું મોનીટરીંગ પણ કરવામાં આવ્યું









બાળમેળા અંગેનો પ્રતિભાવ.

ભલગામ પ્રાથમિક શાળા તા.જિ.પાટણ

ધોરણ- ૧ થી ૮ ના બાળકો માટે દરવર્ષે બાળમેળા નું આયોજન થાય છે જે બાળકોના સર્વાંગી વિકાસમાટે હિતકારી છે. બાળમેળા દ્વારા બાળકોમાં સહકાર, નેતૃત્વ લોકશાહીની ભાવના, સાહસિકતા વગેરેની ખીલવણી થાય છે.

બાળમેળો બાળકોના શારીરીક અને માનસિક ક્ષમતાઓને તેમના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ સાધી - સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે તે મુખ્ય હેતુ છે.


બાળમેળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેની આવડત બહાર આવે છે. અને ઈત્તર પ્રવૃત્તિમાં જોડાવાથી તેના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. જે જીવન શૈલીમાં હકારાત્મક વલણ અને હકારાત્મક પ્રવૃત્તિઓ તરફ દોરી જાય છે.

દરવર્ષે બાળમેળાનું આયોજન થવાથી બાળકોમાં શાળા પ્રત્યેની નિયમિતતા, સ્વચ્છતા જેવા ગુણોનો પણ વિકાસ થાય છે. આત્મવિશ્વાસ વધવાથી અભ્યાસ પ્રત્યે પણ રસ રુચી વધે છે. તેથી અસર બાળકના સર્વાંગી વિકાસ પર પડે છે.

બાળમેળો બાળકોને આનંદ સાથે જ્ઞાન પ્રદાન કરે છે. એક દિવસીય બાળમેળો તથા લાઈફસ્કીલ મેળો યોજવાથી રોજંદા જીવનના પડકારોને હકારાત્મક જીલવા અને દૈનિક જીવનની જરૂરીયાતોને કુશળતા પૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય અને આવડત પ્રાપ્ત થાય છે.

નિર્મળાબેન એ. પરમાર
ઉ.શિ. ભલગામ પ્રા.શાળા
તા.જિ.- પાટણ.

મુખ્યશિક્ષક
ભલગામ પ્રાથમિક શાળા
તા.જિ.પાટણ



અહેવાલ

બાળમેળો વાલી પ્રતિભાવ

અમારી શાળામાં દર વર્ષે બાળમેળાની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ અમારી શાળામાં તા-૫-૨-૨૨ ના દિવસે બાળમેળો ઉજવવામાં આવ્યો હતો.

શાળાના પ્રાર્થનાખંડમાં દરેક બાળકોને એકત્રીત કરવામાં આવ્યા હતા અને બાળમેળાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં ધોરણ-૧થી ૮ સુધીના બાળકોએ ભાગ લીધેલ હતો. આ મેળામાં ચિત્રકામ, માટીકામ, રંગપૂર્તિ, કાગળ કાતરકામ, ચીટરકામ, ફ્યુઝ બાંધવો, બંટી હાંકવા, હાર બનાવવો, કુકર ખોલવું / બંધ કરવું, પંચર કરવું, એકપાત્ર અભિનય, કાવ્યગાન, નાટક વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

આ બાળમેળામાં બાળકોને ઘણો આનંદ મળ્યો હતો. તેમજ શાંતિપૂર્વક આ બાળમેળાનું આયોજન થયું હતું આમ, બાળમેળાનું આયોજન માહિતી અને સંદેશાવાહક રહ્યું.

દેસાઈ ઈશ્વરભાઈ પુંજાભાઈ
વિદ્યાર્થી વાલી

# પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન ફ્રેમવર્ક નિર્માણ કાર્યશાળા

પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન ફ્રેમવર્ક નિર્માણ કાર્યશાળા અંતર્ગત તા.29/06/2021 થી 01/07/2021 દરમ્યાન ડાયટ પાટણના સાનિધ્યમાં કાર્યશાળા યોજાઈ.

પ્રથમ દિવસે સવારના સેશનમાં 10:00 થી 11:00 કલાક દરમ્યાન ફ્રેમવર્ક નિર્માણમાં અપેક્ષિત લેખકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. લેખનકાર્ય માટે જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બનાસકાંઠા, ભરૂચ, વડોદરા, દાહોદ અને સાંબરકાંઠાથી પધારેલ સિનીયર લેકચરરશ્રીઓનું રજીસ્ટ્રેશન કરી, ડાયટ પાટણ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું.

ડો.પીનલબેન ગોરડીયા ,સિનીયર લેકચરર,ડાયટ પાટણ દ્વારા 11:00 થી 11:30 પ્રાસ્તાવિક ચર્ચા કરી અને પાટણ જીલ્લાના તજજ્ઞશ્રીઓ તથા લેખનકાર્ય માટે અન્ય જિલ્લાઓમાંથી પધારેલ તજજ્ઞશ્રીઓનો પરિચય કરાવવામાં આવ્યો.

11:30 થી 12:30 NEP-2020 અંતર્ગત પ્રકરણ-1માં 1.1 થી 1.9 ની ચર્ચા શ્રી પી.એમ.બારડ, ડાયટ પાલનપુર દ્વારા કરવામાં આવી. ત્યારબાદ મુકેશભાઈ ડામોર,ડાયટ દાહોદ દ્વારા NEP-2020 અંતર્ગત 1.7 વિશે વિશેષ ચર્ચા કરી સમજ પૂરી પાડવામાં આવી.

1:30 કલાકે મિષ્ટાન સાથેનું સ્વરુચિ ભોજન વિરામ બાદ બપોર બાદનાબીજા સેશનમાં14:30 થી 16:30 ડાયટ દ્વારા બાળશિક્ષણ ઉપર કરેલ સાહિત્યની ચર્ચા શ્રી દિનેશભાઈ ભાભોર, ડાયટ ભરૂચ દ્વારા કરવામાં આવી. ત્યારબાદ નિર્ધારિત ફ્રેમવર્ક ઉપર સમૂહ ચર્ચા કરવામાં આવી.

છેલ્લા સેશનમાં 16:30 થી 18:00 ડાયટનાં કચેરી અધિક્ષકશ્રી એસ.એસ.પટેલ હાજર રહ્યા અને એમના દ્વારા બાળશિક્ષણ આધારિત કોર્ષ 1 થી 15 નું વાંચન કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

બીજા દિવસે તા.30/06/2021 ના રોજ 10:30 થી 11:30 કલાક દરમ્યાન શ્રી દિનેશભાઈ ભાભોર, ડાયટ ભરૂચ દ્વારા અગાઉના દિવસે નક્કી કરેલ મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી.

11:30 થી 13:30 દરમ્યાન NEP-2020 સંદર્ભે પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન અભ્યાસક્રમ માટે પ્રકરણ મુજબ ફ્રેમવર્ક ડીઝાઈનની કામગીરી શ્રી વિશ્વજીત યાદવ, ડાયટ વડોદરા અને શ્રી મુકેશભાઈ ડામોર, ડાયટ દાહોદ દ્વારા કરવામાં આવી.

ડો.પીનલબેન ગોરડીયા, સિનીયર લેકચરર, ડાયટ પાટણ દ્વારા 14:30 થી 16:30 NEP-2020 સંદર્ભે પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન અભ્યાસક્રમ માટે નવીન તૈયાર કરેલ ફ્રેમવર્કનાં પ્રકરણની ચર્ચા કરવામાં આવી અને નવીન સુધારાઓ સૂચવવામાં આવ્યા. 16:30 થી 18:00 દરમ્યાન ફ્રેમવર્ક ફાઈનલાઈઝેશન ઉપર વિશ્વજીત યાદવ, ડાયટ વડોદરા દ્વારા પ્રકરણમાં સમાવિષ્ટ વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી અંતિમ ઓપ આપવામાં આવ્યો.

ત્રીજા દિવસે તા.30/06/2021 ના રોજ 10:30 થી 11:30 કલાક દરમ્યાન ડો.પીનલબેન ગોરડીયા, ડાયટ પાટણ દ્વારા પ્રકરણ વહેંચણી કરવામાં આવી.11:30 થી 13:30 દરમ્યાન NEP-2020 સંદર્ભે પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન અભ્યાસક્રમ મોડયુલ માટેના પ્રકરણ મુજબ મુદ્દાઓપર કેવી રીતે લેખન કાર્ય કરવું તે વિશે વિશ્વજીત યાદવ ડાયટ વડોદરા દ્વારા ચર્ચા કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

14:30 થી 16:30 દરમ્યાન સમૂહમાં દરેકને ફાળવેલ પ્રકરણનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. NEP-2020 સંદર્ભે પ્રિ-સ્કૂલ ટીચર એજ્યુકેશન ફ્રેમવર્ક નિર્માણ કાર્યશાળાના છેલ્લા સેશનમાં 16:30 થી 18:00 દરમ્યાન પધારેલ ડાયટ લેકચરરશ્રીઓ તથા અન્ય તજજ્ઞોના આ મોડયુલ અને કાર્યશાળા વિશેના અભિપ્રાય રજૂ કરવામાં આવ્યા. આ દરમ્યાન TADA વિતરણ અને વહીવટી કાર્ય પૂર્ણ કરી અને ડો.પીનલબેન ગોરડીયા, સિનીયર લેકચરર, ડાયટ પાટણ દ્વારા પધારેલ તજજ્ઞોનો આભાર પ્રગટ કરી, કાર્યશાળા વર્ગનું સમાપન કરવા આવ્યું.









## અગરિયા બાળકો અને વાલીઓ માટે શિક્ષણ જાગૃતિ માટે કાર્યક્રમ

તા.૨૩/૦૨/૨૦૨૨

અગરિયા રણનો વિસ્તાર લગભગ ૫૫ કિલોમીટર છે. જેમાં સરકારશ્રી દ્વારા “school on wheel” અંતર્ગત ૧૦ જેટલી સ્કૂલબસ મુકવામાં આવી છે. જેમાં બાળકો શિક્ષણકાર્ય કરેછે. દરેક બસમાં સ્માર્ટટીવી, પંખા, ઢાળીયા વગેરેની સુવિધા પણ છે. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી. શાબ્દિક સ્વાગત, પુષ્પગુચ્છ-શાલથીસન્માન, વાલીશ્રીને માર્ગદર્શન બાદતજજ્ઞશ્રીઓ દ્વારા બાળવાર્તા, બાળગીત બાળરમતો, ચીટકકામ, કાગળકામ, માટીકામ, વાંચન-લેખન-ગણનની સરળ રીતોનું નિદર્શન કરાવવામાં આવ્યું.

“શિક્ષણની ભૂખ હોય તો અગરિયા વિસ્તારના બાળકોને પણ ડોક્ટર, એન્જીનીયર કે કલેકટર બનતા કોઈ રોકી શકાશે નહિ.” બાળકોને નિયમિત શાળાએ મોકલો. શિક્ષણ માટે હરહંમેશ ડાયટ આપણી સાથે છે. જેવીપ્રોત્સાહક શબ્દોથી ડો. પિન્કીબેન દ્વારા વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

“ઈશ્વર તો ઘણીવાર આપણી મુલાકાત તો લે છે પણ આપણે ઘરે નથી હોતા” કોઈપણકામ ઉત્કૃષ્ટ ત્યારે જ બને જયારે વૃતિ શાનદાર હોય. સમગ્ર દિવસ અવનવી પ્રવૃતિઓ, બાળકોના હસતાં ચહેરા, દાતાશ્રીઓનો અનોખો પ્રયાસ, અત્રે“વાગ્યો ર ઢોલ ભાઈ વાગ્યો રે ઢોલ, મારા મીઠાંના રણમાં વાગ્યો રે ઢોલ” હેલ્લારોના ઢોલનાતાલે બાળકો સાથે ડો.પિનલબેન, મધુભાઈ, નિલેશભાઈ,પ્રયાસ વેલફેર ફાઉન્ડેશનના હાર્દિકભાઈ રાવલ તથા અખિલેશભાઈ બાળકો સાથે મન મુકીને ઝૂમ્યા હતા.









## કેમ્પસ ડેવલોપમેન્ટ

ડાયટ પાટણને વર્ષ 2021-22 અંતર્ગત W.E. શાખાને કેમ્પસ ડેવલોપમેન્ટ અંતર્ગત રૂ. 50000/ની ગ્રાન્ટ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગરમાંથી ફાળવી આપવામાં આવેળ હતી. જે અંતર્ગત પ્રાચાર્યશ્રી સાથે મૌખિક ચર્ચા અને જરૂરી પ્રક્રિયા કર્યાં બાદ નીચેની વિગતે કેમ્પસ ડેવલોપ કરવાનું આયોજન કરેલ હતું. જેના માટે જરૂરી વહીવટી પ્રક્રિયા કર્યાબાદ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જે અન્વયેનીચે મુજબની કામગીરી કરવામાં આવી હતી.

| ક્રમ | વિગત | ખર્ચ |
|---|---|---|
| 1 | ડાયટ ભવનમાં રંગોળી (પેઇન્ટિંગ કાર્ય) | 3600/- |
| 2 | ડાયટ રંગોળી સાથે પાણીના બેડા ડેકોરેશન કાર્ય | 7600/- |
| 3 | ડાયટ ભવનમાં જ ફ્લોર પેઇન્ટિંગ કાર્ય | 8800/- |
| 4 | સીડીના પગથિયાં પર પેઇન્ટિંગ કાર્ય | -/10800 |
| 5 | વુડન સ્ટેચ્યું નંગ(ફોટોફ્રેમ સાથે) 2- | -/14200 |
| 6 | ટ્રેક્ટર દ્વારા કેમ્પસ સફાઈ કાર્ય | -/5000 |
| | કુલ ખર્ચ | -/50000 |

આમ, ઉપરોક્ત છ વિભાગમાં કેમ્પસ ડેવલોપમેન્ટનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ છ વિભાગમાં સંપૂર્ણ ન્યાય આપીને કાર્ય પૂર્ણ કર્યું હતું. આમ, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર તરફથી આવેલ રૂ.50000/- ગ્રાન્ટને ઉપયોગ કરીને કેમ્પસની સજાવટ સુંદર રીતે કરવામાં આવેલ છે. ખર્ચ અંતર્ગત જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે.




વુડન સ્ટેચ્યું નંગ-2 (ફોટોફ્રેમ સાથે)







ડાયટ રંગોળી સાથે પાણીના બેડા ડેકોરેશન કાર્ય





ડાયટ ભવનમાં રંગોળી (પેઇન્ટિંગ કાર્ય)  ડાયટ ભવનમાં ફ્લોર પેઇન્ટિંગ કાર્ય



સીડીના પગથિયાં પર પેઇન્ટિંગ કાર્ય

## પ્રારંભિક ભાષા શિક્ષણ અને શૈક્ષણિક સહયોગ તાલીમ કોર્ષ

ધોરણ 3 થી ૫ પ્રારંભિક ભાષા શિક્ષણ તાલીમનું આયોજન જી.સી.આર.ટી.ઈ.ની ગાઈડ લાઈન અનુસરીને પાટણ જીલ્લામાં બે તબક્કામાં કરવામાં આવેલ હતું. પ્રથમ તબક્કામાં ચાણસ્મા, રાધનપુર,સમી,શંખેશ્વર,સાંતલપુર,સિધ્ધપુર તાલુકામાં તા.૪/૮/૨૦૨૧ થી ૬/૮/૨૦૨૧ દિન ત્રણ દરમ્યાન ધોરણ 3 થી ૫ પ્રારંભિક ભાષા શિક્ષણ તાલીમ યોજવામાં આવેલ હતી. આ તાલીમમાં કુલ ૧૪ વર્ગોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલીમાર્થીની સંખ્યા ૪૮૯ અને તજજ્ઞ સંખ્યા ૩૬ અને કુલ ખર્ચ રૂપિયા ૨૯૧૧૩૩ થયેલ હતો. બીજા તબક્કામાં પાટણ,સરસ્વતી અને હારિજ તાલુકામાં તા.૧૭/૮/૨૦૨૧ થી ૧૯/૮/૨૦૨૧ દિન ત્રણ દરમ્યાન ધોરણ 3 થી ૫ પ્રારંભિક ભાષા શિક્ષણ તાલીમ યોજવામાં આવેલ હતી. આ તાલીમમાં કુલ ૧૦ વર્ગોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલીમાર્થીની સંખ્યા ૩૭૪ અને તજજ્ઞ સંખ્યા ૨૯ અને કુલ ખર્ચ રૂપિયા ૧૯૬૯૯૪ થયેલ હતો.

તાલીમના સુચારૂ આયોજન માટે ગુગલમીટનાં માધ્યમથી બી.આર.સી. મિત્રો સાથે ઓનલાઈન મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રાચાર્ય સાહેબશ્રી ડૉ.પી.આર.રાવલ દ્વારા તાલીમને અનુસંધાને પ્રેરણાદાયી માર્ગદર્શન આપી, તાલીમને સફળ બનાવવા માટેનો રાહ ચિંધવામાં

આવ્યો તથા ડૉ. પીનલબેન ગોરડીયા દ્વારા તાલીમને અનુસંધાને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. આ દરમ્યાન બી.આર.સી. મિત્રોને સોફટ કોપીમાં તાલીમનું તમામ સાહિત્ય પૂરૂં પાડવામાં આવ્યું. આ તમામ સાહિત્યને તાલીમાર્થીઓ સુધી તાલીમ અગાઉ પહોચાડી દેવામાં આવેલ અને જેનો અભ્યાસ કરી દરેક તાલીમાર્થીઓ વર્ગમાં ઉપસ્થિત રહેલ.

## પ્રથમ તબક્કો તા-૪,૫,૬/૦૮/૨૦૨૧

| ક્રમ | તાલુકો | સ્થળ | વર્ગ | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાંતલપુર | BRC ભવન વારાહી | ૩ | ૯૬ | ૯ | ૫૪૯૭૨ |
| ૨ | ચાણસ્મા | ચવેલી અને જાખાના પ્રાશાળા. | ૨ | ૭૯ | ૬ | ૪૫૮૯૪ |
| ૩ | સિદ્ધપુર | BRC ભવન સિદ્ધપુર | ૩ | ૬૩ | ૬ | ૫૦૨૯૨ |
| ૪ | શંખેશ્વર | શંખેશ્વર કુમાર પ્રાશાળા. | ૧ | ૫૧ | ૩ | ૨૮૪૩૦ |
| ૫ | રાધનપુર | BRC ભવન શેરગંજ | ૩ | ૧૧૩ | ૬ | ૬૫૬૨૫ |
| ૬ | સમી | BRC ભવન સમી | ૨ | ૮૭ | ૬ | ૪૫૯૦૦ |
| કુલ | | | ૧૪ | ૪૮૯ | ૩૬ | ૨૯૧૧૩૩ |

## દ્વિતીય તબક્કો તા-૧૭,૧૮,૧૯/૦૮/૨૦૨૧

| ક્રમ | તાલુકો | સ્થળ | વર્ગ | લાભાર્થી સંખ્યા | તજજ્ઞ સંખ્યા | ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | BRC ભવન બકરાતપુરા | ૪ | ૧૩૧ | ૧૨ | ૭૪૭૩૮ |
| ૨ | સરસ્વતી | ઓઢવાઅને ,પાલડી ,વાગડોદ , શાળા .કાંસા પ્રા | ૪ | ૧૬૭ | ૧૧ | ૭૯૬૨૫ |
| ૩ | હારીજ | BRC ભવન હારીજ | ૨ | ૭૬ | ૬ | ૪૨૬૩૧ |
| કુલ | | | ૧૦ | ૩૭૪ | ૨૯ | ૧૯૬૯૯૪ |







## Sharing Workshop of ICT related Innovative Pratices

કોરોના સમય દરમિયાન બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે સરકારશ્રી અને શિક્ષણ વિભાગના પ્રયત્નો થકી બાયસેગ, વંદેગુજરાત, ડીડી ગીરનારના માધ્યમથી શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવ્યા. શિક્ષકોએ વ્યક્તિગત રીતે ઓનલાઈન માધ્યમો જેવા કે.. Google Meet, Microsoft Team પ્લેટફોર્મની મદદથી શૈક્ષણિક કાર્ય શરૂ કર્યું. કેટલાક શિક્ષકોએ પોતાના બ્લોગ, વેબસાઈટ બનાવ્યા, વોટ્સઅપના માધ્યમથી લિંક શેર કરી, શેરી શિક્ષણ કાર્ય કર્યું. આમ, અનેક શિક્ષકોએ અવનવી તરકીબો વાપરી બાળકોના શિક્ષણ માટે વિવિધ પ્રયત્નો કર્યા. આ સિવાય પણ અમુક ટેક્નોસેવી શિક્ષકો દ્વારા ઘણાં વર્ષોથી પોતાના વર્ગખંડો અને શાળાઓમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી શિક્ષકકાર્યને અસરકારક બનાવવા માટેનો પ્રયત્ન થઇ રહ્યો છે.

પોતાના વર્ગખંડ અને શાળાઓમાં શિક્ષકશ્રીઓ દ્વારા પ્રયોજાતા વિવિધ પ્રયોગો અને પ્રયત્નોનું શેરિંગ અન્ય શિક્ષકો સાથે થાય તો પોતાના જ્ઞાનનો ઉપયોગ અન્ય શિક્ષકો પણ પોતાના ક્ષેત્રમાં કરી શકે તે હેતુથી ડાયટના એન્યુઅલ વર્કપ્લાન અને બજેટ મુજબ તારીખ ૧૨/૦૮/૨૦૨૧ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે Sharing Workshop of ICT related Innovative Praticesનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૯ શિક્ષકો ઉપસ્થિત રહ્યાં અને માર્ગદર્શક તેમજ વર્ગસંચાલક તરીકે ડાયટ પાટણના લેક્ચરરશ્રી ડૉ. દશરથ ઓઝાએ કામગીરી કરી તેમજશ્રી વિપુલભાઈ પટણીએ પણ તજજ્ઞ તરીકે સેવાઓ આપી.

આ શેરિંગ વર્કશોપમાં ઉપસ્થિત નીચેની યાદી મુજબના શિક્ષકો દ્વારા નીચેના પ્રયોગોનું પ્રેઝન્ટેશન અને શેરિંગ કરવામાં આવ્યું. ડાયટ ઇન્ચાર્જ પ્રાચાર્ય ડૉ. પી.આર.રાવલ દ્વારા વર્ગની મુલાકાત અને માર્ગદર્શન આપવામાં આવ્યું.



## ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શન તાલીમ

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર દ્વારા શૈક્ષણિક ગુણવત્તા સુધારવા અર્થે વિવિધ કાર્યક્રમો અને તાલીમો યોજાતી હોય છે. જે અન્વયે સંશોધન બાબતે વિશેષ ભાર આપવામાં આવે છે. ડાયટનાં અધ્યાપકો દર વર્ષે પોતાના કાર્યક્ષેત્રમાં વિવિધ પ્રકારના સંશોધન કાર્ય કરતા હોય છે. પરંતુ પ્રાથમિક / માધ્યમિક શાળાના શિક્ષકોની સંશોધન દ્રષ્ટિ વિકસે અને સંશોધન પ્રવૃત્તિને વધુ વેગ આપવા માટે દર વર્ષે ડાયટ થકી ક્રિયાત્મક સંશોધન કરવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન જિલ્લાના પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સંશોધન કાર્યમાં સાંકળવા માટે તારીખ: ૦૨/૦૭/૨૦૨૧ અને તારીખ: ૦૬/૧૨/૨૦૨૧ ના રોજ સંશોધન પક્રિયામાં ધ્યાનમાં રાખવાની બાબતો વિશે અને તેમના શીર્ષક બાબતે ચર્ચા કરવામાં આવી. આ શીર્ષકો હેઠળ કાચો ડ્રાફ્ટ (ક્રિયાત્મક સંશોધન આઠ સોપાન) બનાવી તારીખ: ૨૦/૧૨/૨૦૨૧ની તાલીમમાં શિક્ષકો ઉપસ્થિત રહે તો તેમને ડાયટ ફેકલ્ટી દ્વારા જરૂરી માર્ગદર્શન મળી રહે. જે અન્વયે સદર કાર્ય શાળામાં ૫૪ શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહેલ. જેમને ત્રણ ટુકડીઓમાં ડૉ. પિનલ ગોરડિયા, ડૉ.દશરથ ઓઝા, ડૉ.ઝંખનાબેન ભટ્ટી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.તાલીમ વર્ગની શરૂઆતમાં ડૉ. પિન્કીબેન રાવલ દ્વારા સંશોધન શિક્ષણ માં મહત્વ વિષય પર ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ સંબંધિત માર્ગદર્શક દ્વારા તમામ તાલીમાર્થી શિક્ષકશ્રીઓના ક્રિયાત્મક સંશોધનના કાચા ડ્રાફ્ટની ચકાસણી કરવામાં આવી જરૂરી સુધારાઓ સૂચવવામાં આવ્યા અને તે મુજબ એહવાલ લેખન થાય તેમ સૂચવવામાં આવ્યું. તાલીમમાં કુલ ૫૪ શિક્ષકો હાજર રહ્યા.

## ધોરણ-૧૨ હિન્દી/સંસ્કૃત (G-Shala) ઈ-કન્ટેન્ટ સમીક્ષા

એસ.એસ.એ ગાંધીનગર દ્વારા ધોરણ ૯ થી ૧૨ ના જુદા જુદા વિષયના અભ્યાસક્રમો મુજબ ઈ કન્ટેન્ટ તૈયાર કરવામાં આવેલ છે. આ ઈ કન્ટેન્ટની ડાયટ અધ્યાપકો અને વિષયના શિક્ષકોની મદદ લઇ સમીક્ષા કરી તેના સારા પાસા અને સુધારાત્મક પાસા જીસીઈઆરટીને ઈ મેઈલથી મોકલવા માટે સુચના હતી. આ કન્ટેન્ટમાં યોગ્ય ચિત્રો, ભાષા શુધ્ધિ, ઉચ્ચાર શુધ્ધિ, શાળા કક્ષાએ વર્ગખંડ શિક્ષણ પ્રક્રિયામાં અભ્યાસક્રમને અનુરૂપ ઉપયોગ માટે યોગ્ય છે કે કેમ ? શિક્ષણના મુલ્યોને ધ્યાનમાં રાખી જ્ઞાતિ, જાતિ, ધર્મ અને અન્ય બાબતે કોઈ અયોગ્ય રજૂઆત થઈને સંદર્ભે જી.આઈ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ Evaluation Framework Table – B.1 (વિષય દીઠ) ભરી ફીડબેક મોકલવાના હતા.

| ક્રમ | ડાયટનું નામ | ધોરણ | વિષય |
|---|---|---|---|
| 1 | વડોદરા | 11 | જીવ વિજ્ઞાન |
| 2 | અમદાવાદ –શહેર | 11 | રસાયણશાસ્ત્ર ( ૧ અને ૨ – ભાગ) |
| 3 | અમદાવાદ ગ્રામ્ય – | 12 | ભૌતિકશાસ્ત્ર |
| 4 | પાટણ | 12 | હિન્દી અને સંસ્કૃત |
| 5 | રાજકોટ | 12 | રસાયણશાસ્ત્ર ( ૧ અને ૨ – ભાગ) |

ઈ કન્ટેન્ટ સમીક્ષા માટે રાજ્ય કક્ષાએથી ડાયટને યુઝર આઈ.ડી. અને પાસવર્ડ  આપવામાં આવેલ હતો. જેની મદદથી ઓનલાઈન G-Shalaપોર્ટલ પર મુકાયેલ ઈ કન્ટેન્ટને એક્સેસ કરીને નીચેના શિક્ષકશ્રીઓ દ્વારા સમીક્ષા હાથ ધરવામાં આવી.

| ક્રમ | ડાયટનું નામ | ધોરણ | વિષય |
|---|---|---|---|
| 1 | શ્રી બાબુસિંહ એચપઢીયાર. | એક્પ્રીમેન્ટલ હાઇસ્કુલપાટણ , | હિન્દી |
| 2 | શ્રી ગોવિંદભાઈ ચૌધરી | એચધીણોજ ,સાર્વજનિક  વિદ્યામંદિર.એન. | હિન્દી |
| 3 | શ્રી સુનીલભાઈ ચૌધરી | શ્રી પીહરીજ ,વિધ્યાલય.સી. | હિન્દી |
| 4 | શ્રી પ્રવિણભાઈ શ્રીમાળી | સર્વોદય વિધ્યાલયહારીજ , | હિન્દી |
| 5 | શ્રી પીબાડોત.એસ. | કેહરીજ ,હાઇસ્કુલ.પી. | હિન્દી |
| 6 | શ્રીમતી મનીષાબેન ખત્રી | એક્પ્રીમેન્ટલ હાઇસ્કુલપાટણ , | સંસ્કૃત |
| 7 | શ્રીમતી નીરૂબેન પટેલ | સર્વોદય વિધ્યાલયસિધ્ધપુર.તા ,કુંવારા , | સંસ્કૃત |
| 8 | શ્રી મહેશભાઈ રાવલ | શેઠ કેરાધનપુર ,વકીલ હાઇસ્કુલ.બી. | સંસ્કૃત |
| 9 | શ્રી બીગોસાઈ.જી. | કેહાઇસ્કુલ હરીજ.પી. | સંસ્કૃત |
| 10 | શ્રી જયરામભાઇ રથવી | શેઠ કેરાધનપુર ,વકીલ હાઇસ્કુલ.બી. | સંસ્કૃત |

કાર્યશાળા ની શરૂઆતમાં શિક્ષકશ્રીઓ સમક્ષ G-shalaપર જઈ ઓનલાઇન કન્ટેન્ટ કઈ રીતે જોઈ શકાય અને શુ શુ  બાબતો ધ્યાને લેવાની સમજૂતી આપવામાં આવી. આ બાબતે ઈ.પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ દ્વારા જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું .

ધોરણ 12ના હિન્દી અને સંસ્કૃત વિષયની સમીક્ષા કાર્યશાળામાં ઉક્ત શિક્ષકશ્રીઓની ટુકડીઓ બનાવી એકમોની ફાળવણી કરવામાં આવી અને દરેક એકમમાં ઓનલાઇન મુકાયેલ મટીરીયલ, મૂલ્યાંકન, વિડીયોની ગુણવત્તા તેમજ ભાષાકીય ભૂલો બાબતે નોંધ કરવામાં આવી અને તે નોધની સોફ્ટ કોપી તથા GIL દ્વારા અપાયેલ એપેન્ડીક્ષ – B મુજબ વિષયવાર ફીડબેક જીસીઆરટીને  ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવ્યા.

ધોરણ 12ના હિન્દી અને સંસ્કૃત વિષયની સમીક્ષા કાર્યશાળાનું સંચાલન અને માર્ગદર્શન લેકચરરશ્રી ડૉ. દશરથ ઓઝા દ્વારા કરવામાં આવી તેમજ ટેકનિશિયન વિપુલભાઈ પટેલ દ્વારા જરૂરી સંકલન કરવામાં આવી.

## રાજ્યકક્ષાની રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ" રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના પરિપ્રેક્ષ્યમાં શાળા શિક્ષણ " તારીખ: ૨૦/૦૧/૨૦૨૨ ના રોજ આયોજીત થયો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નું અમલીકરણ થઈ રહ્યું છે ત્યારે તેમાં નિર્દેશિત આયામો પૈકી કલા સંકલિત શિક્ષણ, રમકડા સંકલિત શિક્ષણ, બહુભાષીતા, સર્જનાત્મકતા, પ્રારંભિક બાળશિક્ષણ અને સંભાળ, પ્રતિભાશાળી બાળકોની ઓળખ, પ્રયોગશાળા, અનુભવજન્ય શિક્ષણ, મૂલ્યોનું શિક્ષણ, ભારતીયતાનું શિક્ષણ, ભાષાના પાયાના કૌશલ્ય, અધ્યયન-શીખવાના માધ્યમ તરીકે ભાષા સજ્જતાનો વિકાસ જેવી

સબથીમ પર આધારિતસંશોધન પેપર રજૂ કરવા ઇચ્છુક પ્રતિભાગીઓ દ્વારા તારીખ: ૧૫/૦૧/૨૦૨૨ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પેપર સબમિટ કરવા જણાવવામાં આવેલું હતું.

માનનીય નિયામકશ્રીના અધ્યક્ષસ્થાને કોન્ફરન્સનું આયોજન થયેલ હતું. જેમાં સમગ્ર રાજ્યમાંથી આવેલ પેપર આધારે સંશોધન પેપર રજૂકર્તાઓની ટીમો બનાવવામાં આવેલ. દરેક ટીમ સાથે ડાયટ પ્રાચાર્યને ચેરપર્સન તરીકે નીમવામાં આવેલ અને રિપોર્ટર તરીકે એક સ્થાનિક ડાયટઅધ્યાપક અને બીજા જીસીઈઆરટીના પ્રતિનિધિને નીમવામાં આવેલ હતા. પાટણ જિલ્લામાંથી કુલ રજીસ્ટ્રેશન થયેલ ૧૫શિક્ષકોમાંથી ૧૪ શિક્ષકોએ હાજર રહી પોતાના પેપર રજૂ કર્યા હતા. પાટણ જિલ્લાના ચેરપર્સન તરીકે ડાયટ-ડાંગના પ્રાચાર્યશ્રી વર્ષાબેન કાપડિયાણે નીમવામાં આવેલ હતા અને રિપોર્ટર તરીકે ડૉ. દશરથ ઓઝા અને શ્રી રવેસિંહની નિમણૂક કરવામાં આવેલી હતી.

કાર્યક્રમના પ્રથમ સેશનમાં ૧૦-૩૦ કલાકથી ૧૨-૦૦ કલાક સુધી મહેમાનો દ્વારા બાયસેગ માધ્યમથી કી-નોટએડ્રેસ અને પ્રેરક ઉદબોધન કરવામાં આવેલ.ત્યારબાદ દ્વિતીય સેશન ૧૩-૦૦ કલાકથી શરૂ કરવામાં આવેલ. જેમાં દરેક પ્રતિભાગીઓએ પોતાના પેપર્સ રજુ કર્યા હતા.પેપર રજૂ કરનાર તમામ પાર્ટિસિપન્ટને જી.સી.ઈ.આર.ટી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

## રીસર્ચ ફાઈન્ડીંગ શેરીંગ વર્કશોપ

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તારીખ ૩૧-૦૧-૨૦૨૨ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે ફાઈન્ડીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દરેક તાલુકાનાબી.આર.સી.કો.ઓર્ડીનેટર સાથે બે-બે સી.આર.સી.કો-ઓર્ડીનેટર મિત્રો જોડાયા.

વર્ષ દરમિયાન ડાયટ ફેકલ્ટી દ્વારા હાથ ધરાયેલ સંશોધનોના કારણોનું શેરિંગ કરવામાં આવ્યું. જેમાં ગુજરાત એચીવમેન્ટ સર્વે-૩ ધોરણ ૯માં હાથ ધરાયેલ જેના વિષયવાર શૈક્ષણિક સિદ્ધિની ચર્ચા કરવામાં આવી.વિદ્યાર્થીઓને અઘરા પડેલ લર્નિંગ આઉટકમ પર શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો તૈયાર કરી વધુ સુદ્રઢ બને તે માટે ચર્ચા થઈ. આ ઉપરાંત કોરોનાકાળ દરમિયાન દરેક તાલુકાના શિક્ષકશ્રીઓએ કરેલ નવતર પ્રયોગો જેના આધારે સંશોધનો હાથ ધરવામાં આવેલા જેની ચર્ચા થઈ.

આજ દિવસે ઓનલાઈન માધ્યમથી SOE સમાવિષ્ટ શાળાઓના આચાર્યોને FLN વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં તમામ બી.આર.સી. મિત્રોને જોડવામાં આવ્યા. ડાયટ મહેસાણા દ્વારા નિર્મિત ભાષા અને ગણિતની માર્ગદર્શિકાની તજજ્ઞો દ્વારા સમજૂતી આપવામાં આવી. ગણિતમાં તજજ્ઞ તરીકે સંજયભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ અને ગુજરાતીમાં રજ્ઞેશભાઈ વ્યાસ અને મધુસૂદન ઠક્કરે તજજ્ઞ તરીકે કામ કર્યું.

રિસર્ચ ફાઈન્ડીંગ શેરીંગ વર્કશોપમાં જોડાયેલ સી.આર.સી.કો.ઓર્ડીનેટર્સ મિત્રો પાસેથી SCE બાબતે શિક્ષકો દ્વારા મળેલ પ્રતિભાવોની સમીક્ષા કરવામાં આવી.SCE પ્રક્રિયા અને પત્રકો બાબતે સારી બાબતો અને સુધારાત્મક સુચનો મેળવવામાં આવ્યા. દરેક તાલુકાની પાંચ શાળાઓના શિક્ષકો એ આપેલ પ્રતિભાવોનું એકંદરી કરવામાં આવ્યું. સાથે-સાથે સી.આર.સી. કો. ઓર્ડીનેટર્સ અને બી.આર.સી. કો. ઓર્ડીનેટર્સના પણ SCE પ્રક્રિયા અને પત્રકો બાબતે પ્રતિભાવો પ્રાપ્ત કરવામાં આવ્યા. બેઠકને અંતે

ડાયટ પાટણ દ્વારા રચિત 'પાટણની શિક્ષણયાત્રા - જિલ્લાની કેળવણીનો ઈતિહાસ' પુસ્તિકાનું દરેક શાળા, કલસ્ટર, તાલુકા દીઠ સંખ્યા મુજબ વિતરણ કરવામાં આવ્યું.

શેરીંગ વર્કશોપમાં ડાયટ ફેકલ્ટી પણ જોડાઈ. દરેક અધ્યાપકોએ પોતાના સંશોધન વિષયક તારણો રજુ કર્યા, સમીક્ષા કરવામાં આવી.

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષાનો સેમિનાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના પરીક્ષામાં શાળા શિક્ષણ તારીખ 20 1 2020 ના રોજ આયોજીત થયો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નું અમલીકરણ થઈ રહ્યું છે ત્યારે તેમાં નિર્દેશિત આયામો પૈકી કલા સંકલિત શિક્ષણ રમકડા સંકલિત શિક્ષણ બહુભાષી તા સર્જનાત્મકતા પ્રારંભિક બાળ શિક્ષણ અને સંભાળ પ્રતિભાશાળી બાળકો ની ઓળખ પ્રયોગશાળા અનુભવજન્ય શિક્ષણ મૂલ્યોનું શિક્ષણ ભારતીયતાનો શિક્ષણ ભાષાના કૌશલ્યને અધ્યયન શીખવવાના માધ્યમ તરીકે ભાષા સંસ્થાનો વિકાસ જેવા શબ્દ સિમ્પલ તારીખ 15 1 2020 સુધી સંશોધન પેપર રજૂ કરવા ઇચ્છુક પ્રતિભાગી ઓ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પર સબમિટ કરવા જણાવવામાં આવેલું હતું.

માનનીય નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને કોન્ફરન્સનું આયોજન થયેલ જેમાં સમગ્ર રાજ્યમાંથી આવેલ પેપર આધારે સંશોધન પેપર રજૂ કરતાં અને ટીમો બનાવવામાં આવેલ દરેક ટીમ સાથે ડાયટ આચાર્યને ચેરપર્સન તરીકે નીમવામાં આવેલ અને રિપોર્ટર તરીકે એક સ્થાનિક die અધ્યાપક અને બીજા જીસીઆરટી ના પ્રતિનિધિને માં આવેલ હતા પાટણ જિલ્લામાંથી કુલ રજીસ્ટ્રેશન થયેલ 15 શિક્ષકોમાંથી શિક્ષકોએ હાજર રહી પોતાના પેપર રજૂ કર્યા પાટણ જિલ્લાના જ પસંદ કરી કે ડાયટના પ્રાચાર્યશ્રી હતી અને રિપોર્ટર તરીકે દશરથ ઓઝા અને શ્રી હવે સિંહની નિમણૂક કરવામાં આવેલી.

પેપર રજૂ કરનાર તમામ પાર્ટિસિપન્ટ ને સી આર ટી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યું. કાર્યક્રમના પ્રથમ સ્ટેશનમાં દસથી બાર કલાક સુધી બાયસેગ માધ્યમથી keynote એડ્રેસ અને પ્રેરક ઉદબોધન કરવામાં આવે તેવી ત્યં તે વાગ્યાથી શરૂ થયેલ જેમાં દરેક પ્રતિભાગી ઓએ પોતાના પેપર્સ રજુ કર્યા હતા

## <u>રોલ - પ્લે, ફોક ડાન્સ સ્પર્ધા</u>

ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ અને જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજીત જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી પાટણના સહયોગથી વસતિ શિક્ષણ પ્રોજેકટ અંર્તગત રોલ-પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાનું આયોજન ડાયટના પ્રાચાર્યશ્રી ડૉ.બી.પી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડાયેટની ડી.આર.યુ. શાખા દ્વારા તા. ૨૮-૦૯-૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય રોલ-પ્લે, લોકનૃત્ય અને પોસ્ટર સ્પર્ધાના અનુસંધાને પાટણ જિલ્લાની રોલ-પ્લે, લોકનૃત્ય અને પોસ્ટર સ્પર્ધા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે યોજવામાં આવી હતી.

તા.૨૮-૦૯-૨૦૨૧ને મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે સરકારી માધ્યમિક વિભાગમાંથી વિવિધ સ્પર્ધાના બે વિભાગના સ્પર્ધકો તથા તેમના માર્ગદર્શક શિક્ષકો પણ આવી પહોંચ્યા હતા. ત્યાર બાદ ૧૦:૩૦ થી ૧૧:૩૦ સુધીમાં તમામ સ્પર્ધકો અને


શિક્ષકોનું રજિસ્ટ્રેશન કાર્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ કાર્યક્રમની શરુઆત ડાયટ ભવનની તાલીમાર્થીનીઓ દ્વારા સુંદર અને સુમધૂર પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અહી પધારેલ તમામ સ્પર્ધકો, નિર્ણાયકો અને શિક્ષકોનું શાબ્દિક સ્વાગત ડાયટ પાટણના લેક્ચરર ડૉ.ઝંખનાબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પિન્કીબેન રાવલ અને ઓ.સશ્રી ડૉ.સુરેશભાઈ પટેલ દ્વારા સ્પર્ધકોનો ઉત્સાહ વધે એ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પિન્કીબેન રાવલ અને ઓ.સશ્રી ડૉ.સુરેશભાઈ પટેલ તથા અધ્યાપકો અને નિર્ણાયકો દ્વારા દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મૂક્યો હતો. સમય પ્રમાણે કાર્યક્રમની (સ્પર્ધાની) શરૂઆત કરવામાં આવી હતી.

1. લોકનૃત્ય સ્પર્ધા લોકનૃત્ય સ્પર્ધામાં : ૪ શાળાએ ભાગ લીધો હતો જેમાં .સરકારી માધ્યમિક શાળા , મુડાણા વિજેતા થતા રાજય માટે પસંદ કરવામાં આવી હતી .
2. રોલ પ્લે સ્પર્ધામાં-રોલ : પ્લે સ્પર્ધા-૪ શાળાએ ભાગ લીધો હતો .જેમાં કે,.વી.બી.જી. જશવંતપુરા વિજેતા થતા રાજય માટે પસંદ કરવામાં આવી હતી.

બપોરે બંને સ્પર્ધા પૂર્ણ કરી ચા-નાસ્તાના વિરામ બાદ શિક્ષકો તથા નિર્ણાયકોએ તેમના પ્રતિભાવો આપ્યા હતા. ત્યાર બાદ નિર્ણાયકોશ્રી દ્વારા પરિણામની જાહેરાત કરવામાં આવી હતી. અને ત્યાર બાદ ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડાયટના અધ્યાપક મિત્રો અને નિર્ણાયકશ્રી દ્વારા સ્પર્ધકો ઇનામનું વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.






## સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

તારીખ ૧૨-૦૧-૨૦૨૨નાં રોજ આપણે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિની ઉજવણી કરીએ છીએ. સ્વામી વિવેકાનંદજીનો જન્મ તારીખ ૧૨-૦૧-૧૮૬૩ ના રોજ થયો હતો. આં વર્ષે આપણે એમની ૧૫૮મી જન્મજયંતિની ઉજવણી કરી.

તારીખ ૧૧-૧-૨૦૨૨ થી ૧૨-૧-૨૦૨૨ દરમિયાન ડાયટ–પાટણ ખાતે વસતિ શિક્ષણની તાલીમ યોજવામાં આવી હતી. પ્રવર્તમાન કોવિદની પરીસ્થીતીને ધ્યાનમાં લઈને જન્મ જયંતિની ઉજવણી આ તાલીમાર્થીઓ સાથે  જ કરવામાં આવી અને એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધા માટે ૩ વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. જે આ મુજબ હતા. (I) સ્વામી વિવેકાનંદજીનું જીવનચરિત્ર (II) સ્વામીજીનો યુવાનોને સંદેશ (III)  યુગપુરુષ સ્વામી વિવેકાનંદ

આ સ્પર્ધામાં પાંચ મિનિટનો સમય રાખવામાં આવ્યો હતો.

સ્પર્ધકોએ આપવામાં આવેલ ત્રણ વિષયો પર પોતાનું વક્તવ્ય રજુ કર્યું જેમાં સ્વામીજીના જીવનના પ્રેરક પ્રસંગો, તેમના ધ્યાનની રમત વિશેની વાતો, તેમની ઈશ્વરની શોધ વિશે, તેમના માતા–પિતા તથા તેમના બાલ્યાવસ્થાની વાતો, આ ઉપરાંત તેમના ગુરુ સાથેનું મિલન, ગુરુસેવા, આ ઉપરાંત તેમના વિદેશ પ્રવાસ અને હિંદુ ધર્મના પ્રચારક તરીકેની એમની પ્રતિભાની વાતો, યુવાનો માટે તેમણે આપેલો સંદેશો, તેઓ શા માટે એક યુગપુરુષ કહેવાયા તેના વિશે, તથા રામકૃષ્ણ પરમહંસ અને રામકૃષ્ણ આશ્રમ રાજકોટ તથા કન્યાકુમારીનાં રોક મેમોરીયલ વિષે વિસ્તૃત ચર્ચા નિર્ણાયકો તથા સંચાલક ડો. ઝંખનાબેન ભટ્ટી દ્વારા કરવામાં આવી હતી.









## ટોય મેકિંગ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ મુકામે તા. 5/1/2022 થી 7/1/2022 એમ ત્રણ દિવસ માટે ટોય મેકિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ટોય ફેર સંલગ્ન કુલ પાંચ વિભાગોમાંથી અલગ અલગ વિભાગમાં કયા પ્રકારની કૃતિ કેવી રીતે બનાવી શકાય, કયા પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ તેના વિશે માર્ગદર્શન બેઠક તેમજ શીખવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.


વર્ગ સંચાલકશ્રી ઝંખનાબેન ભટ્ટી દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું જેમાં ત્રણ તજજ્ઞશ્રીઓ દ્વારા ખૂબ જ સુંદર રીતે ટોય ફેર વિશેની માહિતી આપવામાં આવી તેમજ વિવિધ પ્રકારના રમકડા બનાવતા શીખવવામાં આવ્યા.

પ્રથમ દિવસે તમામ તાલીમાર્થીઓ નિયત સમયે તાલીમ વર્ગમાં બેઠક લીધી. પ્રાર્થના થી બેઠક વર્ગ ની શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ વર્ગ સંચાલાક શ્રી અને તજજ્ઞશ્રીઓ દ્વારા જરૂરી પાયાની માહિતી અને તાલીમ વર્ગ વિષે માહીતગાર કરવામાં આવ્યા.

સૌ પ્રથમ તજજ્ઞ શ્રી કલ્પેશભાઈ અખાણી દ્વારા વિવિધ ગાણિતિક નમૂના વિશે માહિતી આપવામાં આવી. ગણિત વિષયમાં વૈદિક ગણિત ના વિવિધ મોડેલ બનાવવામાં આવ્યા. કલ્પેશભાઈ અખાણી ની યુટ્યુબ ચેનલ માં વિવિધ પ્રકારના વૈદિક ગણિતના વિડીયો પણ બતાવવામાં આવ્યા. મૌખીક સમજૂતી રબારી બાદ પ્રેકટીકલ રમકડાં બનાવતા તમામ તાલીમાર્થીઓને શિખવ્યા. વિરામ સમયે ચા- નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. વિરામ બાદ શિક્ષકોએ બનાવેલ રમકડાની સમીક્ષા કરવામાં આવી અને જરૂરી સૂચનો તજજ્ઞ શ્રી દ્વારા કરવામાં આવ્યા. દરેક શિક્ષકે પણ પોતાની રજૂઆત કરી. બીજા દિવસ ની કામગીરી ની જાણ કરી સૌ શિક્ષક મિત્રો છુટા પડ્યા.

બીજા દિવસે પણ તમામ તાલીમાર્થીઓ નિયત સમયે તાલીમ વર્ગમાં બેઠક લીધી. પ્રાર્થના થી બેઠક વર્ગ ની શરૂઆત કરવામા આવી.પ્રથમ સેશન માં આવી.તજજ્ઞ શ્રી નિરમાબેન પટેલ જેમેને માટીના રમકડાં, પરંપરાગત ભૌતિક રમકડાં બનાવતા શિખવ્યા તેમજ કયા ધોરણમાં, કયા વિષયમાં અને કયા એકમ સાથે કઈ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થાય તેની સમજ આપી. માટીના રમકડાં કેવી રીતે સરળતાથી બનાવી શકાય તે પ્રેકટીકલ કરીને બતાવ્યુ. મૌખીક સમજૂતી સાથે સાથે પ્રેકટીકલ રમકડાં બનાવતા તમામ તાલીમાર્થીઓને શિખવ્યા. વિરામ સમયે ચા- નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. વિરામ બાદ શિક્ષકોએ પણ માટીના રમકડાં બનાવ્યા. દરેક શિક્ષકે સુંદર પ્રયત્ન કરેલ. ત્રીજા દિવસે પપેટ બનાવવાના હોવાથી તાલીમાર્થીઓને જરૂરી સામાન લાવવાની જાણ કરી એક સંતોષ અને આનંદ સાથે સૌ શિક્ષક મિત્રો છુટા પડ્યા.





## વસતિ શિક્ષણ તાલીમ

તારીખ ૧૧-૧-૨૦૨૨ થી ૧૨-૨-૨૦૨૨ દરમિયાન ડાયટ-પાટણ ખાતે વસતિ શિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં પ્રવર્તમાન ગાઈડલાઈન મુજબ પાટણ, સિધ્ધપુર અને ચાણસ્મા તાલુકાના કુલ-૩૦ શિક્ષકોને બોલાવવામાં આવ્યા હતા. આ તાલીમમાં વસતિ શિક્ષણનાં મોડ્યુલને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું હતું અને તેને ૧૧ વિભાગમાં વહેચવામાં આવ્યું હતું.

માનવ સંસાધન વિકાસ કાર્યાલય - ભારત સરકાર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય - ભારત સરકાર દ્વારા આયુષ્યમાન ભારત નાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત  શાળાએ જતા બાળકોનું આરોગ્ય અને સુખાકારીને ધ્યાનમાં રાખીને નીચેના વિભાગો મુજબ આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમના સંચાલક ડો. ઝંખનાબેન ભટ્ટી દ્વારા વસતિ શિક્ષણનાં ૧૧ - વિભાગોની સમજુતી આપવામાં આવી. ત્યારબાદ. શ્રી રમેશભાઈ ચૌધરી દ્વારા તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ અને પોષણ આરોગ્ય વિશે PPT દ્વારા વિસ્તૃત સમજુતી આપવામાં આવી. વિરામ બાદ શ્રી સરદારસિંહજી વાઘેલા દ્વારા ભાવનાત્મક અને માનસિક આરોગ્ય અને આંતર વ્યકતિક સંબંધો વિશે વીડીઓ અને ઉદાહરણ દ્વારા સમજુતી આપવમાં આવી. ત્યાબાદ શ્રી મધુસુદનભાઈ ઠક્કર દ્વારા હિંસા અને ઇજાઓ સામે  સલામતી અને સુરક્ષા સબંધિત માર્ગદર્શન આપવમાં આવ્યું એ ત્યાબાદ ડો. ઝંખનાબેન દ્વારા જેન્ડર સમાનતા વિષે ચર્ચા કરવામાં આવી અને પ્રથમ દિવસની તાલીમ પૂર્ણ કરવામાં આવી.






## યોગ શિક્ષણ તાલીમ

તારીખ ૧-૧૨-૨૦૨૨ થી ૧૮-૧-૨૦૨૨ દરમ્યાન પાટણ જિલ્લામાં યોગ શિક્ષણ તાલીમના વિવિધ તબક્કાઓ યોજાઈ ગયા. આ તબક્કાઓમાં યોગ M.T. તાલીમ, ત્યારબાદ તાલુકાવાર બે તબ્બકામાં તાલીમ યોજવામાં આવી. જેમાં સૌ પ્રથમ ડાયટ પાટણ ખાતે M.T. તાલીમ ત્યારબાદ રાધનપુર-સાંતલપુર, સમી-શંખેશ્વર અને ચાણસ્મા-હારીજ એમ ૬ તાલુકાની તાલીમ પ્રથમ તબક્કામાં ત્યારબાદ સિધ્ધપુર-પાટણ અને સરસ્વતી તાલુકાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકો તથા બાળકોને યોગ શિક્ષણ તથા દેશી રમતોનું, વિવિધ સ્પર્ધાઓનું માર્ગદર્શન મળી રહે તે માટે દર વર્ષે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરનાં માર્ગદર્શન મુજબ આ તાલીમનું આયોજન કરવામાં આવે છે.

| ક્રમ | તારીખ | વિગત | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ૧૨૦૨૨ -૧૨- ૨૦૨૨-૧-થી ૩ | યોગ M.T તાલીમ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન , પાટણ |
| ૨. | ૬૨૦૨૨ થી -૧- ૨૦૨૨-૧-૮ | યોગ તાલીમ ચાણસ્મા-હારીજ | BRC ભવન ચાણસ્મા , |
| ૩. | ૬૨૦૨૨ થી -૧- ૨૦૨૨-૧-૮ | યોગ તાલીમ રાધનપુર-સાંતલપુર | BRC ભવન રાધનપુર , |
| ૪. | ૬૨૦૨૨ થી -૧- ૨૦૨૨-૧-૮ | યોગ તાલીમ સમી-શંખેશ્વર | બાસ્પા પ્રાથમિક શાળા સમી , |
| ૫. | ૧૬૨૦૨૨ -૧- -૧-થી ૧૮ ૨૦૨૨ | યોગ તાલીમ સિદ્ધપુર-પાટણ | નેદરા પ્રાથમિક શાળા સિધ્ધપુર , |
| ૬. | ૧૬૨૦૨૨ -૧- -૧-થી ૧૮ ૨૦૨૨ | યોગ તાલીમ સરસ્વતી | સાગોડીયા પ્રાથમિક શાળા સરસ્વતી , |

તજજ્ઞો દ્વારા યોગ શિક્ષણનાં મોડ્યુલની સમજુતી આપવામાં આવી જેમાં થીયરી અને પ્રેક્ટીકલ બંનેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં દીપકભાઈ સુથાર દ્વારા પ્રાણાયામની થીયરી અને પ્રેક્ટીકલ માહિતી તથા સંગીત સાથે યોગ અને વિવિધ આસનો તથા ષત્કર્મની સમજુતી થીયરી અને પ્રેક્ટીકલ દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત તાલીમના સંચાલક ડો. ઝંખનાબેન ભટ્ટી દ્વારા અષ્ટાંગ યોગ, વિવિધ આહાર, તથા, યોગ અને ઉપવાસ અને માનસિક આરોગ્ય માટે યોગ વિષે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ નેહાબેન દ્વારા આસનોની સમજુતી આપવામાં આવી હતી. રાજેશભાઈ ચૌધરી દ્વારા સ્પર્ધાત્મક આસનોની સમજ તથા દેશી રમતોની માહિતી આપવામાં આવી હતી. શ્રી જીતુભાઈ ચૌધરી દ્વારા મુદ્રાઓની વિશેષ સમજ આપવામાં આવી હતી. આ તાલીમમાં-૨૦ તાલીમાર્થીઓ અને ૫-તજજ્ઞો હાજર રહ્યા હતા.

તજજ્ઞશ્રી રમેશભાઈ ચૌધરી દ્વારા તાલીમાર્થીઓને ધ્યાન અને પ્રાણાયામ તાલીમ આપવામાં આવી. તજજ્ઞશ્રી દીપકભાઈ રાવળ દ્વારા વિવિધ આસનો શીખવાડવામાં આવ્યા. ત્યારબાદ તજજ્ઞશ્રી પ્રવીણભાઈ ગોસ્વામી દ્વારા યોગિક ક્રિયાઓ અને મુદ્રાઓ શીખવાડવામાં આવી. ત્યારબાદ હળવો અલ્પાહાર આપવામાં આવ્યો. દરમિયાન ડાયટ લેકચરર શ્રી ઝંખનાબેન ભટ્ટી દ્વારા તાલીમ વર્ગની મુલાકાત અને યોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તજજ્ઞશ્રી રમેશભાઈ ચૌધરી દ્વારા પ્રાર્થના સભાઓની દૈનિક ક્રિયાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું. અંતે તજજ્ઞશ્રી પ્રવીણભાઈ ગોસ્વામી દ્વારા દેશી રમતો રમાડવામાં આવી.








# લાયબ્રેરી અહેવાલ

- તા .2/01/2020 થી તા.4/01/2020 નાં રોજ ડાયટમાં ઇન્સ્પાયર માનાંક કાર્યક્રમ ઇનોવેશન ફેર , તથા શાળા સશક્તિકરણ કાર્યક્રમ દરમ્યાન ડાયટ કેમ્પસમાં ખુલ્લામાં વૃક્ષ નીચે ટેબલ ઉપર 'પુસ્તક પ્રદર્શન' યોજેલ .
- તા .22/01/2020ને બુધવારનાં રોજ ગુમડા મસ્જિદ પ્રાશાળા અને ડાયટ કેમ્પસમાં આવેલ . પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓએ લાયબ્રેરી મુલાકાત લીધેલતે, દરમ્યાન તેમને પસંદ એવા બાળવાર્તાનાં પુસ્તકોનું 'પુસ્તક પ્રદર્શન.યોજેલ '
- તા .23/02/2021નાં રોજ બીનાં નવા આવેલા પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓને લાયબ્રેરી તાસ .એડ. દરમ્યાન લાયબ્રેરીમાં સંગ્રહિત વિવિધ રેફરન્સ બુક્સ, એનસાયકલોપીડિયાડીક્ષનરીની , .જાણકારી આપી
- તા.10/08/2021 થી તા.11/08/2021નાં રોજ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને લાયબ્રેરી તાસ દરમ્યાન લાયબ્રેરીમાં સંગ્રહિત વાચનસામગ્રીમાં વિવિધ વિષયોનાં પુસ્તકો તેમજ kiosk Machine ની જાણકારી આપી.
- તા.3/09/2021નાં રોજ )5 સપ્ટેમ્બર શિક્ષક્ દિન નિમિતે લાયબ્રેરીમાં ( 'પુસ્તક પ્રદર્શન ,યોજેલ ' .નાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ મુલાકાત લીધેલ .એડ.જેમાં બી
- તા.26/10/2021 અને તા.28/10/2021 નાં રોજ બીનાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના .એડ. તાલીમાર્થીઓને વેકેશન દરમ્યાન ફરજીયાત બે પુસ્તકો લઇ જવાના અને તેમને ગમતા ' પુસ્તકનીપુસ્તક સમિક્ષા.કરવા આપી '

તા.10/12/2021ને શુક્રવારના રોજ બી.એડ.નાં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને ડાયટ લાયબ્રેરીમાં આવતા સામયિકોની જાણકારી આપી, ત્યારબાદ તેમાંથી એક સામયિકની પસંદગી કરી તેમને પસંદ એક લેખ ઉપર 'પ્રોજેક્ટ વર્ક' કરવા આપ્યું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

## તાલીમ ગ્રાન્ટ/ખર્ચની વિગત એપ્રિલ થી માર્ચ-વર્ષ ૨૦૨૧-૨૨

| ક્રમ | બજેટ | વિગત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત રકમ સરન્ડર |
|---|---|---|---|---|---|
| ૧ | CSS 60% | સેવાકાલીન તાલીમ(C-5) | ૭,૩૨,૩૨૪/- | ૭,૦૫,૩૨૪/- | ૨૭,૦૦૦/- |
| | | C-1 (પગાર) | ૬૪,૨૦,૦૦૦/- | ૬૩,૩૬,૬૭૮/- | ૮૩,૩૨૨/- |
| | | C-2 (કન્ટીજન્સી) | ૨,૬૦,૦૦૦/- | ૨,૨૮,૫૧૩/- | ૩૧,૪૮૭/- |
| | | C-3 (આઉટસોર્સ) | ૩,૦૦,૦૦૦/- | ૨,૯૫,૦૦૯/- | ૪,૯૯૧/- |
| | | | **૭૭,૧૨,૩૨૪/-** | **૭૫,૬૫,૫૨૪/-** | **૧,૪૬,૮૦૦/-** |
| ૨ | STATE 40% | સેવાકાલીન તાલીમ(C-5) | ૧૨,૫૦,૦૦૦/- | ૧૨,૫૦,૦૦૦/- | ૦૦ |
| | | C-1 (પગાર) | ૪૭,૦૩,૦૦૦/- | ૩૯,૨૮,૦૨૪/- | ૭,૭૪,૯૭૬/- |
| | | C-2 (ICT) | ૪,૪૦,૦૦૦/- | ૩,૬૮,૩૫૯/- | ૭૧,૬૪૧/- |
| | | C-2 (કન્ટીજન્સી) | (□□□)૨,૪૦,૦૦૦/- | ૧,૭૫,૭૦૧/- | ૬૪,૨૯૯/- |
| | | | (□□□□□)૨,૦૦,૦૦૦/- | ૧૯૨૬૫૮/- | ૭,૩૪૨/- |
| | | C-3 (આઉટસોર્સ) | ૩,૨૦,૦૦૦/- | ૩,૧૮,૬૦૩/- | ૧,૩૯૭/- |
| | | | **૬૭,૧૩,૦૦૦/-** | **૫૮,૬૪,૯૮૬/-** | **૮,૪૮,૦૧૪/-** |
| 3 | EDN-12 D.NO.-09 | ઈડીએન તાલીમ A-1 | ૫,૦૦,૦૦૦/- | ૩,૪૭,૦૦૦/- | ૧,૫૩,૦૦૦/- |
| | | ઇકોક્લબ | ૨૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- | ૦૦/- |
| | | બાળમેળા | ૮,૨૯,૦૦૦/- | ૮,૨૮,૦૦૦/- | ૧૦૦૦/- |
| | C-5 | ગણિત-વિજ્ઞાન પ્રદર્શન | ૨,૧૧,૫૦૦/- | ૨,૧૧,૫૦૦/- | ૦૦/- |
| | | ગણિત-વિજ્ઞાન પ્રદર્શન S.V.S. | | | |
| | | ગણિત-વિજ્ઞાન પ્રદર્શન જિલ્લા કક્ષા | | | |
| | | કેમ્પસ ડેવલપમેન્ટ | ૫૦,૦૦૦/- | ૫૦,૦૦૦/- | ૦૦/- |
| | | ફીટનેશ સેન્ટર | ૫૦,૦૦૦/- | ૫૦,૦૦૦/- | ૦૦/- |
| | | સંશોધન | ૩૭,૦૦૦/- | ૩૭,૦૦૦/- | ૦૦/- |
| | | કુલ | **૧૭,૧૨,૫૦૦/-** | **૧૫,૫૮,૫૦૦/-** | **૧,૫૪,૦૦૦/-** |
| ૪ | EDN-12 D.NO.-95 | NIL | - | - | - |
| ૫ | EDN-12 D.NO.-96 | મેજર સંશોધન | ૧૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- | ૦૦/- |
| ૬ | EDN-16-L D.NO.-9 | પગારભથ્થા (C-1) | ૪૯,૯૦,૦૦૦/- | ૪૯,૭૨,૦૦૦/- | ૧૮,૦૦૦/- |
| | | B.ED. સ્પેશ્યલ પ્રોજેક્ટ (C-2) | ૪,૦૦,૦૦૦/- | ૨,૮૪,૭૨૦/- | ૧,૧૫,૨૮૦/- |
| | | આઉટસોર્સ (C-3) | ૨,૦૦,૦૦૦/- | ૧,૯૪,૮૪૮/- | ૫,૧૫૨/- |
| | | ટીચર-હેડ ટીચર (C-5) | ૬,૫૦,૦૦૦/- | ૬,૫૦,૦૦૦/- | ૦૦/- |
| | | કલાઉત્સવ (C-5) | ૧૦,૫૨,૭૮૦/- | ૧૦,૫૨,૭૮૦/- | ૦૦/- |
| | | યોગ તાલીમ (C-5) | ૨,૧૪,૦૦૦/- | ૨,૦૦,૦૦૦/- | ૧૪,૦૦૦/- |
| | | ઇનોવેશન ફેસ્ટીવલ (C-5) | ૬,૨૮,૦૦૦/- | ૬,૨૮,૦૦૦/- | ૦૦/- |
| | | બી.એડ.જોડાણ ફી (C-5) | ૧,૦૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | ૦૦/- |
| | | કુલ | **૮૨,૩૪,૭૮૦/-** | **૮૦,૮૨,૩૪૮/-** | **૧,૫૨,૪૩૨/-** |
| ૭ | EDN-16-L | NAS(C-5) | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | D.NO.-95 | | | | |
| ૮ | EDN-16-L D.NO.-96 | ફંડ ફોર સ્પે. પ્રોજેક્ટ B.Ed.(C-5) | ૫,૦૦,૦૦૦/- | ૫,૦૦,૦૦૦/- | ૦૦/- |
| | | સંશોધન (C-5) | ૩૭,૬૦૦/- | ૩૭,૬૦૦/- | ૦૦/- |
| | | ઇનોવેશન (C-5) | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૦૦/- |
| | | કુલ | **૫,૬૦,૧૦૦/-** | **૫,૬૦,૧૦૦/-** | **૦૦/-** |

## RTGS ગ્રાન્ટ

| ક્રમ | વિગત | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બચત રકમ |
|---|---|---|---|---|
| ૧ | રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા | ૧૩,૮૦૦/- | ૧૩,૮૦૦/- | ૦૦/- |
| ૨ | શિક્ષક સજ્જતા સર્વેક્ષણ | ૧૧,૨૧૨/- | ૧૧,૧૬૧/- | ૫૧/- રોકડા જમા |
| ૩ | એડવોકસી કાર્યક્રમ | ૧૧,૦૦૦/- | ૧૧,૦૦૦/- | ૦૦/- |
| ૪ | રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા અહેવાલ ખર્ચ | ૨,૯૦૦/- | ૦૦/- | ૨,૯૦૦/- |
| ૫ | ડી.એલ.એડ. પ્રાયોગિક પરીક્ષા મહેનતાણું ૨૦૨૧ | ૧૫,૦૦૦/- | ૧૧,૦૬૮/- | ૩,૯૩૨/- SBI CHECK NO. 927324 Dt.1/9/21 થી જમા |
| ૬ | વસ્તી શિક્ષણ અહેવાલ ખર્ચ અને મહિલાદિન ઉજવણી | ૩,૯૦૦/- | ૩,૯૦૦/- | ૦૦/- |
| ૭ | ડી.એલ.એડ. પ્રાયોગિક પરીક્ષા મહેનતાણું ૨૦૨૨ | ૨૧,૦૦૦/- | ૨૦,૭૩૧/- | |

*******************